بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૦**

સફરુલ્ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ

હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૭, અંક : ૦૨, સળંગ અંક : ૭૪

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


૦૧ એક પાદરીના ઈસ્લામ સ્વીકારની દાસ્તાન ૦૩

૦૨ ઈસ્લામની તબ્લીગમાં રસૂલ ﷺ તથા સહાબાએ વેઠેલી તકલીફો અને આપણે *(તંત્રી લેખ....)* ૦૩

૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૧૦

૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૨

૦૫ શિફા શરીફ ૧૪

૦૬ સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર ૧૫

૦૭ મીલાદુન્નબી ફુક્હાએ કિરામ તથા મુહદ્દિષોની દષ્ટિએ ૧૬

૦૮ હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالی علیہم اجمعین ૨૨

૦૯ હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના નક્શબંદી رحمۃ اللہ علیہ ૨૫

૧૦ તબર્રુકાતની તા'ઝીમ બાબતે અંબિયા, સહાબા તથા બુઝુર્ગોનો તરીકો ૨૮

૧૧ ઈસ્લામના પયગંબર પશ્ચિમી બુદ્ધિશાળીઓની દષ્ટિમાં ૩૧

૧૨ વિશ્વ સ્તરે ઈસ્લામનો ઝડપી ફેલાવો અને આપણી ફરજો ૩૪

૧૩ જાતીય પરિવર્તન શરીઅતની દષ્ટિએ ૩૮

૧૪ દીન તથા સુન્નિયતની તબ્લીગમાં મસ્જિદોના ઈમામોનો શો રોલ હોવો જોઈએ ?! ૪૩

૧૫ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૭


## 'બરકાતે ખ્વાજા' હૈ સચ્ચા

'બરકાતે ખ્વાજા' હૈ સચ્ચા, સચ્ચી હૈ ઉસ્કી હર બાત
લેકર આયા ગૌષ કે સદકે ખ્વાજા કે બરકાત

સુન્નિયત કી જાન કહીએ, ફયૂઝે રઝા કી શાન કહીયે
હર હર મોળ પે કરતા રહેગા બાતિલ કો યે માત

મૌલા અલી કે ઈલ્મ કા સદકા, આકા હસન કે હિલ્મ કા સદકા
વક્તે ઝરૂરત લેકર આયા શબ્બીરી જઝબાત

તેરી બદૌલત સુન્નિયત કા બોલબાલા ક્યૂં ન હો
લે કે વસીલા પ્યારે નબી ﷺ કા ચલતા હૈ તૂ અપને સાથ

જબ ભી લિખ્ખા હક્ક હી લિખ્ખા, દુશ્મને દીં કા રદ હી લિખ્ખા
"શબ્બીર અલી રઝવી" કે કલમ પર શાહિદ હૈ ગુજરાત

રજૂકર્તા : **મક્બૂલહુસૈન અબ્દુલ્લાહ દયાદરવી**
*(પિટસબર્ગ, સા. આફ્રિકા)*

# એક પાદરીના ઈસ્લામ સ્વીકારની દાસ્તાન

જેમ અત્તરની શીશીને ખૂબ જ પેક કરીને કહેવામાં આવે કે તેમાં ખુશ્બૂ નથી બદબૂ છે, પણ યેન કેન પ્રકારે તેની ખુશ્બૂ છતી થઈ જાય છે, તેમ ઈસ્લામ વિરુદ્ધ થતા ગમે એટલા ગલત પ્રોપેગન્ડા વચ્ચે પણ તેની હક્કાનિયત ઉઘાડી થઈ જાય છે અને વિરોધીઓના લાખ પ્રયત્નો છતાં ઈસ્લામનો ફેલાવો થતો જઈ રહ્યો છે. જેમ કે ન્યૂયોર્કના એક ઈસાઈ પાદરી જેનું વર્તમાન નામ બશીરુદ્દીન અહમદ છે. પહેલાં તે ઈસ્લામની વિરુદ્ધ પ્રવચનો કરવામાં ઈસાઈઓમાં ખૂબ જ લોકપ્રિય હતો. પણ હવે તે ઈસ્લામ સ્વીકાર પછી રબ તઆલાનો શુક્ર અદા કરે છે કે તેને મઝહબે હક્ક઼ની હિદાયત નસીબ થઈ. અને હવે તે ઈસ્લામની તબ્લીગ માટે ભરપુર કોશિશો કરી રહેલ છે, કિતાબો લખી રહેલ છે. એમની કોશિશોથી કેવળ ન્યૂયોર્કમાં જ હજારો ઈસાઈ ઈસ્લામ સ્વીકારી ચૂક્યા છે, પુરૂષો દાઢી, સ્ત્રીઓ બુર્ખો અપનાવી રહી છે. પોતે ઈસ્લામથી પ્રભાવિત શાથી થયા ? એ સવાલનો જવાબ ખૂદ તેમની જ ઝબાની સાંભળો :–

એ પ્રશ્ન મને આજે પણ કરવામાં આવે છે કે જ્યારે હું ભૂતકાળમાં કામયાબ ઈસાઈ મુક઼ર્રિર હતો પછી ઈસ્લામ શાથી સ્વીકારી લીધો ? મારો જવાબ એ જ છે કે આ અલ્લાહ તઆલાનો ફઝ્લ જ છે, અલ્બત્ત કેટલાક સબબો બન્યા. મને વિશ્વના વિવિધ દેશોમાં જવાનો મોકો મળતો રહ્યો અને ઘણા ધર્મોના લોકો સાથે મારી પેહચાન પણ થઈ. મિસરના સફર દરમ્યાન મને એક સેમીનારમાં હિસ્સો લેવાનો મોકો મળ્યો જેમાં નવયુવાન મુસલમાન વિદ્યાર્થીઓ અધિક પ્રમાણમાં હતા. મેં મારા પ્રવચનમાં કહ્યું કે, "મૂળ ધર્મ ઈસાઈયત છે અને ઈસ્લામ ઈસાઈયતના ઘણા પછીની પેદાવાર છે, ઈન્જીલ મુક઼દ્દસમાં જે બનાવો વર્ણન કરવામાં આવ્યા છે તે હક્ક઼ છે, બલ્કે ઈસ્લામ જે પૂરાણા બનાવોનું વર્ણન કરે છે એમાં મૂળ વાતોને ઘણે ખરે અંશે બદલી નાખવામાં આવેલ છે."

તક઼રીર દરમ્યાન પ્રશ્નોત્તરનો સમય પણ રહેતો જેમાં મને વિવિધ પ્રશ્નો આ બાબતે કરવામાં આવ્યા પણ પ્રશ્નો એ અંદાજના હતા કે હું તેનો સંતોષકારક જવાબ ન આપી શક્યો. એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ મને બતાવ્યું કે ઈસાઈ એવું માને છે કે હઝરત ઈસા (عليه السلام)ને સૂળીએ લટકાવવામાં આવ્યા, પણ પોતાની વાત સાબિત કરવાના માટે ઈસાઈઓ પાસે કોઈ દલીલ નથી. વળી સૌથી મોટી વાત એ છે કે આ મસ્અલામાં ઈસાઈઓમાં જ મતભેદ છે ! મને એના વિશે પ્રશ્ન કરવામાં આવ્યો તો મેં આ મામલાની ગુંચવણોથી પીછેહઠ કરતાં કહ્યું કે આપણે કેવળ એ જોવાનું છે કે છેવટે હઝરત ઈસા (عليه السلام) દુનિયામાં શા માટે આવ્યા અને તેમણે શા કારનામાં અંજામ આપ્યાં અને આપણે તેમના જીવનથી શો બોધપાઠ લીધો.

મારા જવાબમાં એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ ઈસ્લામી દૃષ્ટિએ ખુલાસો કરતાં કહ્યું કે, "હઝરત ઈસા عليه السلامને સૂળીએ લટકાવવામાં આવ્યા ન હતા, બલ્કે તેમના દુશ્મનોએ તેમના એક હમશકલને ઈસા સમજીને સૂળીએ ચઢાવ્યા અને અલ્લાહે હઝરત ઈસાને જીવતા આસ્માન પર ઉઠાવી લીધા, હઝરત ઈસા મૃત્યુ નથી પામ્યા." મેં તેને રદિયો આપવા કોશિશ કરી પણ તેણીની દલીલબદ્ધ જાદૂઈ તક઼રીરની શ્રોતાઓ પરની અસરને દૂર કરવામાં હું સફળ ન થયો. મેં કહ્યું કે, "ઈસાઈયતની દૃષ્ટિએ ઈસા (عليه السلام) પર ખૂબ જ જુલ્મો કરવામાં આવ્યા, તેમના હાથોમાં ખીલા ઠોકવામાં આવ્યા અને નગ્ન લટકાવવાની તકલીફો આપવામાં આવી. એ જ કારણે હઝરત ઈસા (عليه السلام)ના ખૂનને ખુદાએ તેમની ઉમ્મતના માટે ગુનાહોનો કફ્ફારો ઠરાવી દીધો છે, જેથી કોઈ ઈસાઈ ગમે તેવા ગુનાહો કરે તેના ગુનાહોના બારામાં મૃત્યુ બાદ સવાલ કરવામાં નહીં આવે, દરેક ઈસાઈની નજાત થઈ જશે !" (એટલે જ ઈસાઈ ખૂબ જ સ્વચ્છંદી, શરાબી, વ્યભિચારી રહેતા હશે !)

મારી આ દલીલ અપ્રાકૃતિક હતી જેથી એના વિશે મને પુષ્કળ પ્રશ્નો પૂછવામાં આવ્યા જેનો જવાબ આપવા હું અસમર્થ હતો. મુસ્લિમ વિદ્યાર્થીનીએ કહ્યું કે, મૃત્યુ પછી દરેક શખ્સે ક઼યામતમાં ખુદા સમક્ષ પોતાના અમલોનો જવાબ રજૂ કરવો પડશે. ઈસાઈયતની માન્યતા જેવું ક્યાંય છે જ નથી કે નબીએ દુનિયામાં તકલીફો વેઠી એટલે એની ઉમ્મત ગમે તે કરે માફ ! આ વાત એટલી દલીલસભર હતી કે મેં જીવનમાં પહેલીવાર અનુભવ્યું કે ઈસ્લામ હક્ક઼ મઝહબ છે. પછી મેં ઈસ્લામનો અભ્યાસ કર્યો અને હું મુસલમાન થઈ ગયો અને મારું સમગ્ર જીવન ઈસ્લામના પ્રચાર માટે વક઼્ફ છે.

*–(નઈ દુન્યા સાપ્તાહિક, ૧૧ થી ૧૭ જાન્યુઆરી–૨૦૧૦ના સૌજન્યથી)*

# ઈસ્લામની તબ્લીગમાં રસૂલ ﷺ તથા સહાબાએ વેઠેલી તકલીફો અને આપણે

રૂહમેં સોઝ નહીં, કૂલ્બમેં એહસાસ નહીં – કુછ ભી પયગામે મુહમ્મદ ﷺ કા તુમ્હેં પાસ નહીં
વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ – યહ મુસલમાં હૈ ! જિસે દેખ કે શરમાએ યહૂદ !
યૂં તો સૈયદ ભી હો મિર્ઝા ભી હો અફઘાન ભી હો – તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો ?!
–(ડો. ઈકબાલ)

**તંત્રી લેખ.....**

આજે મુસલમાનોની ગૈર મુસ્લિમો જેવી હરકતો તથા હાલતો જોઈને દિલ કકડી ઉઠે છે. આજે મોટાભાગે પોતે આશિકે હુસૈન, આશિકે રસૂલ, આશિકે અહલે બયત હોવાના દાવેદારોના કિરદાર જોઈને કોઈ પણ દીન તથા સુન્નિયતનો હમદર્દ વ્યથિત થઈ જાય છે. એક તરફ મુહર્રમ શરીફનો મુબારક મહિનો ચાલી રહ્યો છે, ઈમામે હુસૈન તથા શોહદાએ કર્બલાની યાદમાં પ્રોગ્રામો થઈ રહ્યા છે તો બીજી બાજુ કહેવાતા આશિકે હુસૈન ભાઈ બહેનો શાદીઓની ધામધૂમમાં બેભાન થઈને પૈસાદાર હોવાના નશામાં ચૂર બનીને બેન્ડ બાજાના, ડાન્સ પાર્ટીના તથા દાંડીયા સાથે નાચગાનના બેહયાઈભર્યા પ્રોગ્રામો રાત રાતભર કરીને, બેહિસાબ ફુઝૂલખર્ચી કરીને યઝીદી કિરદારને અપનાવી અલ્લાહ પાકને નારાજ કરી રહ્યા છે તથા રસૂલે પાક ﷺ તથા ઈમામે હુસૈન رضی اللہ عنہ ની રૂહને નારાજ કરી રહ્યા છે. અલ્લાહ વ રસૂલના ઝિક્રની મેહફિલો, મીલાદ શરીફ કે અવલિયાની યાદની મેહફિલોમાં કદી ન આવનારા તથા આવી જાય તો સહેજ સમય થતાં અકળામણ અનુભવનારા ભાઈઓ રાત રાતભર આ શૈતાની પ્રોગ્રામોમાં, શાદીના બેહયાઈભર્યા જશ્નોમાં નાચી કૂદીને પૈસા લૂટાવીને પણ અતૃપ્ત રહી જાય છે ! બહેનો યહૂદ તથા ક્રિશ્ચનો જેવા ચુસ્ત, પારદર્શક તથા નગ્નતાભર્યા પોશાકોમાં **ડાન્સરો** તથા **મોડેલો** જેમ સજીધજીને પરાયા પુરૂષો વચ્ચે દોડીને પોતાની સુંદરતાનું પ્રદર્શન કરવાની મજા માણી રહી છે ! સ્ટેજો પર ડાન્સરો નાચી રહી છે તો ક્યાંક દુલ્હા દુલ્હનના સગાંમાંથી જ યુવાન, યુવતી બલ્કે આધેડો નાચી રહ્યા છે ! તો ક્યાંક ફટાકડા ફોડીને **શયતાનના ભાઈ** બની રહ્યા છે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ના આદેશો, **કુર્આન હદીષના હુકમો તથા ઈસ્લામી શરીઅતના નિયમોથી જાહેરમાં અલલ એલાન જાણે બગાવત થઈ રહી છે !** માણસ ભૂખે મરે તો રબને કરગરે છે કે મારી રોજીનો ઝરીયો કરી આપ ! અને માલદાર થાય છે તો શૈતાનને રાજી કરવાનાં અને રબને નારાજ કરવાનાં કામો કરે છે. અલ્લાહની આપેલી દૌલતને લાખોમાં અલ્લાહના જ હુકમો વિરુદ્ધ હરામ કામોમાં છૂટથી ઉડાવાઈ રહી છે ! કાશ ! કે નબી પાક ﷺ ની યાદમાં તકરીરો કરાવતા, નઅતે પાકની મેહફિલો કરતા, પણ એવું નથી થતું, બલ્કે મોટાભાગે ઠેર ઠેર શૈતાનને રાજી કરવાનાં જ કામો થાય છે, અને સમાજમાં એક વ્યક્તિ જોવા નથી મળતી જે એવાઓને દીની એહસાસ થાય તેવી વાત પણ કહે ! ખતીબોની જીભો પણ ગુંગી જણાય છે.

## આ છે કહેવાતા સુન્ની મર્કઝની તથા ખાદિમે કૌમની હાલત !

વળી આ હરામ કામો તો એક તરફ ! ઉપરથી કેટલીક જગાએ તો કહેવાતા સુન્નીઓ બલ્કે **સુન્ની આગેવાનો** વહાબી દેવબંદીઓને ત્યાં કશાય ખચકાટ વિના શાદી વહેવાર કરી રહ્યા છે, **સુન્ની રહબર** તથા **ખાદિમે કૌમ** કહેવાતા લોકો એવી શાદીઓમાં ઠાઠપૂર્વક મહાલી રહ્યા છે ! ગુસ્તાખે રસૂલ ફિર્કાવાળા કે શરીઅતમાં **જેમની સોહબતને હજાર કાફિરોની સોહબતથી બુરી** કહેવામાં આવી, કુર્આન હદીષમાં તેમનાથી દોસ્તી વહેવાર કરનારાઓને, સગાઈ કરનારાઓને જહન્નમી ઠરાવ્યા એવા બદ્દબખ્ત, નબી પાક ﷺના ગુસ્તાખોને ત્યાં આનંદ ઉલ્લાસ સાથે નિકાહ થઈ રહ્યા છે ! (કે હક઼ીક઼તમાં નિકાહ થતા નથી, જે થશે તે વ્યભિચાર થશે, ઔલાદ હરામની થશે) એવાને ત્યાં શાદી થતી હોવા છતાં ૧૦૧% સુન્ની અવામ (ઈલ્લા માશાઅલ્લાહ !) કશાય ખચકાટ કે ક્ષોભ વિના હાજરી આપી રહી છે, અવામ તો અવામ પણ સુન્ની ઈદારાના જિમ્મેદારો તથા તલબા પણ એવી શાદીમાં મૌજૂદ છે અને **દીન તથા સુન્નિયતનો પયગામ ફેલાવવાનો દાવો કરનાર અહલે સુન્નતના મર્કઝ** ગણાતા ઈદારાના કર્મચારી એવા બીચારા ઉલમા હુફ્ફાઝને માનસિક દબાણ આપી એવી શાદીઓ, નાચગાનવાળી તથા બદ્દઅક઼ીદા સાથે થતા સંબંધવાળી શાદીઓમાં જવા મજબૂર કરવામાં આવે છે. વળી ક્યાંક શાદીમાં વહાબીને ત્યાંથી મંગાવેલ ગોશ્ત જે મુરદાર છે તે જમાડાય રહ્યો છે તથા **ઈદારાના તલબા મુરદાર ગોશ્ત વહેંચી રહ્યા છે !** જબરદસ્તી એ મેહમાનાને રસૂલ તલબા પાસે આવા માલદારોની શાદીમાં કામ કરાવવામાં આવે છે, અને શરીઅતની સરહદોના રક્ષક એ ઉલમા પણ લાચાર જણાય છે ! એવો સમય આવી ગયો કે ઠેરઠેર મોટાભાગે ખતીબોની જીભો ગુંગી જણાય છે, કોઈ એક શરીઅતનો હુકમ ડંકાની ચોટ પર કહેવા હિંમત નથી કરતો કે ક્યાંક પોતાની નોકરી ન જતી રહે ! કહેવાતા "ગુલામે રસૂલ" શરીઅતના સિપાહીઓ, "નાદાન ટ્રસ્ટીઓના ગુલામ" જણાય રહ્યા છે ! અસ્તગફિરુલ્લાહ ! કોઈની ઈમાની રગ કેમ ફડકતી નથી ! આશ્ચર્ય છે ! પબ્લિકમાં પણ કોઈ નથી જે એવા આપખૂદ ટ્રસ્ટીઓને સવાલ પણ કરે !

**હે સુન્ની મુસલમાનો !** આ દીન તથા સુન્નિયત માટે આપણા પ્યારા નબી ﷺ તથા આપના જાંનિષાર સહાબા, સહાબિયાત તથા પૂર્વજ બુઝુર્ગોએ શું કુર્બાનીઓ આપી તેને પણ ભૂલી ગયા ?! શું આ દિવસો માટે તેમણે કુર્બાનીઓ આપી કે તમો નાચગાનમાં ડૂબી શૈતાનના દોસ્ત બની જાવ તથા વહાબીઓના વહાલા થઈ જાવ ?! નહીં ! નહીં ! આવો દોસ્તો આજે એક નજર એ કુર્બાનીઓના મન્ઝર તરફ કરી લઈએ તો શક્ય છે કે કોઈનું દિલ ભરાઈ આવે અને તૌબાની તૌફીક઼ નસીબ થાય તથા ઈમાની જોશ જાગી ઉઠે અને દીન તથા સુન્નિયતની રક્ષા માટે કોઈ મર્દે મુજાહિદ ખડો થઈ જાય.

## નમાઝની હાલતમાં ગળે ફાંસો આપવામાં આવ્યો

ખૂદ નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, **"મને અલ્લાહની રાહમાં એટલી તકલીફો આપવામાં આવી કે અન્ય કોઈને નથી આપવામાં આવી અને અલ્લાહના માર્ગમાં મને એટલો ડરાવવામાં આવ્યો જેટલો અન્ય કોઈને નથી ડરાવવામાં આવ્યો.** અને ત્રણ દિવસો તથા રાતો એવી પણ ગુજરી કે મારા માટે તથા બિલાલના માટે ખાવાની કોઈ એવી ચીજ મૌજૂદ ન હતી જેને કોઈ જાનદાર ખાય શકે છે પણ થોડી માત્રામાં." *(સીરતે ઈબ્ને કષીર, ૧/૪૭૧)*

વિચાર કરો ! હે આશિક઼ે રસૂલ ભાઈઓ બહેનો ! કેટલી તકલીફો નબી પાક ﷺને ઈસ્લામને ફેલાવવામાં પડી હશે ?! એકવારનો પ્રસંગ છે કે સરકારે દો આલમ ﷺ હરમ શરીફમાં નમાઝ અદા ફર્માવી રહ્યા હતા

એવામાં ઉક્બા બિન અબી મુઈત આવ્યો. તેણે પોતાની ચાદર હુઝૂરની ગરદનમાં નાખી દીધી અને તેને વળ આપવાનું શરૂ કર્યું અને એટલા જોરથી ફાંસો આપ્યો કે આપનો શ્વાસ રૂંધાવા લાગ્યો. અચાનક અબૂબક્ર સિદ્દીક આવી ગયા તો આ મન્ઝર જોઈને બેચૈન થઈ ગયા અને ઉક્બાને તેના ખભેથી પકડયો અને તેને જોરથી ધક્કો માર્યો જેથી તે દૂર જઈને પડયો અને કહ્યું, બેશરમો ! તમે એવી હસ્તીને મારી નાખવા ફરો છો જે એવું કહે છે કે મારો પરવરદિગાર અલ્લાહ તઆલા છે, અને તે તમારી સમક્ષ એના પર દલીલો પણ પેશ કરે છે. *(બુખારી–સીરતે ઈબ્ને કષીર, ૧/૪૭૦, ઝિયાઉન્નબી ﷺ, ૨/૩૧૨)*

## સજદાની હાલતમાં સર મુબારક પર ઊંટની હોજરી નાખી !

આપ ﷺ દીને હક્ક઼ ઈસ્લામને ખાતર કાફિરોની તકલીફોને સબ્રથી સહન કરતા રહ્યા. તે બદ્‌બખ્તો હુઝૂરના સબ્રને કમજોરી ગણતા રહ્યા અને તકલીફોમાં ઉમેરો કરતા રહ્યા, તેમ છતાં હુઝૂરે કદી તેમના બારામાં બદ્‌દુઆ ન કરી. એક દિવસે કાફિરોનો મજમો હરમમાં લાગેલો હતો. બે ત્રણ દિવસ પહેલાં અહીંથી થોડે દૂર લોકોએ ઊંટ ઝબહ કર્યા હતાં તેની હોજરીઓ વગેરે ત્યાં પડેલી હતી. તેમનામાંથી એક બદ્‌બખ્ત કહેવા લાગ્યો, તમારામાંથી કોણ એવો બહાદૂર છે જે એ દુર્ગંધમય હોજરીઓને ઉઠાવી લાવે અને જ્યારે એ (હુઝૂર) સજદામાં જાય ત્યારે તેમની ગરદન પર તથા પીઠ પર એ ગંદી હોજરીઓ રાખી દે જેથી મજા આવી જાય !

ઉક્બા બિન અબી મુઈત બોલ્યો, આ કારનામુ અંજામ આપવાના માટે હું તૈયાર છું ! તે ગયો અને ગંદી તથા દુર્ગંધમય હોજરીઓ ઉઠાવી લાવ્યો અને જ્યારે નબી કરીમ ﷺ સજદામાં ગયા તો તે બદ્‌બખ્ત ઉઠયા અને તે ગંદી હોજરીઓને હુઝૂરની ગરદન પર રાખી દીધી. કાફિરો એ મન્ઝર જોઈને અટ્ટહાસ્ય કરવા માંડયા અને હસી હસીને લોથપોથ થઈ ગયા અને એકબીજા પર પડવા લાગ્યા, પણ હુઝૂર ﷺ સજદાની લિજ્જતમાં ચૂર રહ્યા અને એ હરકતની પરવા ન કરી. છેવટે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا એ આવીને તે હોજરીઓ દૂર હટાવી. હુઝૂરે તે બદ્‌બખ્તો પર બદ્‌દુઆ કરી જે તીર બની ગઈ. હઝરત અબ્દુલ્લાહ કહે છે કે જે લોકોનાં નામ લઈને હુઝૂરે બદ્‌દુઆ ફર્માવી તે તમામને બદરના મેદાનમાં મૌતને ઘાટ ઉતારવામાં આવ્યા. *(સીરતે ઈબ્ને કષીર, ૧/૪૬૮)*

## ઈસ્લામના એલાનના લીધે બે સાહબઝાદીઓની તલાક઼ થઈ ગઈ !

આજે કહેવાતા કટ્ટર સુન્નીઓ બદ્‌મઝહબો સાથે બેધડક સગાઈ સંબંધ કરે છે અને પછી તે સંબંધ જાળવી રાખવા દીન તથા સુન્નિયતને પણ નેવે મૂકી દે છે ! તેમના માટે આ પ્રસંગ પણ બોધદાયક છે કે દીનની રાહમાં કેવા કેવા કારમા ઘા નબી પાક ﷺએ સહન કર્યા. શરૂમાં મુશ્રિકો સાથે મો'મિન ઔરતોના નિકાહની મનાઈનો હુકમ નાઝિલ થયો ન હતો. હુઝૂર ﷺની બે સાહબઝાદીઓ હઝરત રુક઼ૈયા તથા ઉમ્મે કુલ્ષૂમ અબૂ લહબના બંને પુત્રો ઉત્બા તથા ઉતૈબાના નિકાહમાં હતી. જ્યારે સૂરએ તબ્બતયદા અબી લહબ નાઝિલ થઈ તો અબૂ લહબે પોતાના બંનેવ પુત્રોને બોલાવીને હુકમ આપ્યો કે તમે તાત્કાલિક તેમની પુત્રીઓને તલાક઼ આપી દો ! અને જો તમે એવું ન કર્યું તો મારો તમારો કોઈ સંબંધ બાકી રહેશે નહીં. હજી તે બે સાહબઝાદીઓની વિદાયગીરી થઈ ન હતી. જેથી જાલિમ બાપના બેરહમ પુત્રોએ હુઝૂર ﷺના દિલને દુઃખ પહોંચાડવા તથા રંજ પહોંચાડવાના માટે એમને તલાક઼ આપી દીધી. હુઝૂરે આ ઘા સહન કર્યો પણ દીનની તબ્લીગમાં જરાય મચક ન આવવા દીધી.

## કાફિરો થકી વિવિધ રીતે રંજાડવામાં આવતા !

તકલીફ પહોંચાડવાનો કોઈ તરીકો એવો ન છોડયો જેના વડે તેમણે નબી પાક ﷺને દુઃખ ન પહોંચાડ્યું હોય. પોતાનાં ઘરોનો કચરો ગંદવાડ હુઝૂર ﷺના મુબારક ઘરમાં ફેંકતા રહેતા હતા. જેમ કે અબૂ લહબ

ઉક્બા બિન અબી મુઈત, હકમ બિન અબી આસ હુઝૂરના પડોશી હતા અને તેમનો રોજનો એ નિયમ હતો હુઝૂર ﷺ સબ્ર તથા ધીરજપૂર્વક તેમની એ નીચ હરકતને પણ સહન કરતા અને તે કચરાને ઉઠાવીને બહાર ફેંકતા અને કેવળ એટલુ ફર્માવતા કે, ''હે અબ્દે મુનાફના પુત્રો ! તમે પડોશીનો હક્ક બરાબર અદા કરી રહ્યા છો !''

એકવાર ઉક્બા બિન અબી મુઈત દુશ્મનીમાં હુઝૂર ﷺની સામે ગયો અને તેણે નબી કરીમ ﷺના ચહેરા મુબારક પર થૂંકવાની હિંમત કરી તો અલ્લાહ તઆલાએ તેને આગનો અંગારો બનાવી દીધો અને પરત એના મોઢા પર માર્યો, જ્યાં તે લાગ્યો તે જગા બળી ગઈ અને કોઢની જેમ સફેદ ડાઘ પડી ગયો જે તેના મૃત્યુ સુધી બાકી રહ્યો.

હુઝૂર ﷺ કા'બા શરીફમાં તવાફ કરતા તો કાફિરો ભેગા મળીને આપની ઠેકડી ઉડાવતા છતાં નબી પાક ﷺ સબ્રથી કામ લેતા. આપ લોકોમાં ઈસ્લામની દા'વત આપતા તો આપના પર અબૂ લહબ ધૂળ ફેંકતો તથા તેની પત્ની આપના માર્ગમાં કાંટાઓ વેરતી હતી. જેથી એમની તબાહી દર્શાવતી સૂરએ તબ્બતયદા નાઝિલ થઈ.

## તાઈફવાળાઓએ જુલ્મની સર્વ હદો વટાવી દીધી !

નબી કરીમ ﷺએ **ઈસ્લામની રોશની** તથા **અલ્લાહના ક઼ાનૂનનું નૂર** ફેલાવવા તાઈફનો માર્ગ લીધો અને ત્યાં પહોંચી ''અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી'' એવો પયગામ પહોંચાડવા ખૂબ કોશિશો કરી પણ છેવટે તાઈફવાળાઓએ શહેરના બદ્‌માશ ગુંડાઓને તથા નવયુવાન છોકરાઓને નબી કરીમ ﷺની પાછળ લગાડી દીધા. તેઓ ટોળારૂપે ભેગા થઈ ગયા અને હુઝૂરનો પીછો કરવાનું શરૂ કરી આપ્યું. ચીચીયારીઓ પાડતા, ધમકીઓ આપતા, અપશબ્દો બોલતા, પોતાની મૂર્તિઓના નારા લગાડતા લગાડતા હુઝૂરની પાછળ પડી ગયા. જે રસ્તે થઈને સરકારે દો આલમ ﷺને પસાર થવાનું હતું ત્યાં બંને બાજુ લાઈનબંધ ગોઠવાઈ ગયા અને જ્યારે હુઝૂર તેમના પાસે થઈને પસાર થયા તો તેમણે પથ્થરો વરસાવવાનું શરૂ કર્યું. હુઝૂર ﷺના બાબરકત ક઼દમોને પોતાના પથ્થરોનું નિશાન બતાવતા. જે પગ જમીન પર રાખતા ફટાક દઈને તેના પર પથ્થર પડતો. હુઝૂર તે પગ ઉઠાવતા અને બીજો પગ જમીન પર મૂકતા તો તેના પર પથ્થર પડતો, ત્યાં સુધી કે જાલિમોની પથ્થર વર્ષાથી મુબારક ક઼દમ ઝખ્મી થઈ ગયા અને લોહી વહેવાનું શરૂ થઈ ગયું. તેમની પથ્થર વર્ષા જ્યારે સખ્તી અપનાવી લેતી તો હુઝૂર દર્દની સખત તકલીફોને કારણે બેસી જતા. તે જાલિમો આગળ વધતા અને હુઝૂરને બાવડામાંથી પકડતા અને ઉભા કરી દેતા પછી પથ્થર વરસાવવાનુ શરૂ કરી દેતા અને અટ્ટહાસ્યો કરતા. ઝયદ બિન હારિષા બેચેનીના આલમમાં પોતાના આક઼ાને બચાવવા આડ બનીને ઉભા થઈ જતા તો કેટલાય પથ્થરો એમના માથા પર વાગ્યા અને ઝખ્મોથી લોહી વહેવા લાગ્યું..... *(ઝિયાઉન્નબી ﷺ, ૨/૪૪૩)*

હે આશિક઼ે રસૂલ ભાઈઓ તથા બહેનો ! હજી તમારાં દિલો નથી પીગળ્યાં ?! હજી તમને હુઝૂર ﷺની તકલીફો જોઈને દુઃખ નથી થયું ?! હજી તમને તમારાં ઈસ્લામ વિરુદ્ધ કામોથી દુઃખ નથી ઉપજતું કે **જે દીને ઈસ્લામના પ્રચાર માટે, જે શરીઅતની રોશની ફેલાવવા માટે, જે રબના ક઼ાનૂનને જગતમાં આમ કરવા માટે ખૂદ નબી પાક ﷺની જાતે આટલી આટલી તકલીફો વેઠી તેમની એ કુર્બાનીઓની આપણે શું લાજ રાખી ?! આપણે તે જ કાફિરોની જીવન પદ્ધતિ અપનાવી અને રંગે ચંગે નાચી કૂદીને બેહયાઈવાળી જિંદગી જીવવા લાગ્યા જેઓ આપણા પ્યારા નબી પાક ﷺના પર આ જ ઈસ્લામ તથા તેના ક઼ાનૂનોના પ્રચાર કરવાના કારણે જુલ્મોના**

પહ[illegible]ક તોડયા હતા ! શરમ કરો ! તૌબા કરો !

અહીં તે કહેવાતા મુસ્લિમ લીડરો–રહબરો ગૈરોના ધાર્મિક પ્રોગ્રામોમાં, ધાર્મિક સરઘસોના સ્વાગતમાં, રથયાત્રાઓમાં મૂર્તિઓ તથા સાધુઓ, મહંતોને ફૂલહાર કરી રહ્યા છે, તથા એકતાના નામે સભાઓમાં "અલ્લાહ તથા ભગવાન એક છે" એવી કુફ્રીવાણી બોલી રહ્યા છે તેઓ પણ સબક઼ લે અને એ વાતોથી તૌબા કરે.

## એલાને નબુવ્વતથી વિસાલ સુધી તકલીફોની હારમાળા !

એલાને નબુવ્વતથી કાફિરોના જુલ્મોની પરંપરા ચાલી. આપ ﷺની પૂરી મક્કી જિંદગી યાતનાઓથી ભરપૂર રહી જેના અમુક દષ્ટાંતો તમે ઉપર જોયાં. અને જુલ્મોની પરાકાષ્ટા થતાં રબ તરફથી હિજરતનો હુકમ થતાં મદીના પાક હિજરત કરી ગયા. ત્યાં પણ કાફિરોએ ચૈનથી જીવવા ન દેતાં જંગોનો ક્રમ શરૂ થયો, જંગે બદર, જંગે ઓહદ, જંગે ખૈબર, જંગે મૌતા, જંગે હુનૈન, ગઝવાએ તબૂક વગેરે જંગોમાં **નબી પાક ﷺ તથા સહાબાએ કિરામે પારાવાર મુસીબતો આ જ ઈસ્લામને ફેલાવવા તથા અલ્લાહના ક઼ાનૂનને આમ કરવા તથા ઝિંદા રાખવા વેઠી.** જંગે ઓહદમાં હુઝૂર ﷺ પર ઘાતક હુમ્લો કરી કાફિરોએ ચહેરાએ અન્વર પર તલ્વારનો જોરદાર ઘા કર્યો જેનાથી બે કડીઓ આપના ચહેરામાં ખુપી ગઈ, એક કાફિરે ચહેરા મુબારક પર પથ્થર માર્યો જેનાથી આપના બે દાંત મુબારક શહીદ થઈ ગયા અને નીચલો પવિત્ર હોઠ ઝખ્મી થઈ ગયો. તે ઉપરાંત હુઝૂર ﷺના ચહીતા કાકા હઝરત અમીરે હમ્ઝા શહીદ થઈ ગયા અને હિન્દાએ હઝરત હમ્ઝા رضي الله عنهનું પેટ ચીરી આપનુ કલેજુ કાઢીને તેને ચાવી લીધું, શહીદોનાં નાક, કાન વગેરે અંગોનો હાર બનાવીને પહેર્યો. ગસીલુલ મલાઈકા હઝરત હન્ઝલા શહીદ થયા, હઝરત મુસ્અબ બિન ઉમૈર શહીદ થયા, હઝરત ઝિયાદ બિન સકન, હઝરત અમ્ર બિન જમૂહ અન્સારી, હઝરત સઅદ બિન રબીઅ رضوان الله تعالى عليهم أجمعين વગેરે કેટલાય સહાબીઓ શહીદ થયા, કેટલાય ઝખ્મી થયા. આ સિવાય અન્ય ગઝવાત તથા જંગોનો અભ્યાસ કરો તો તમને એહસાસ થશે કે ઈસ્લામની હિફાઝત તથા પ્રચાર માટે સહાબાએ તથા સહાબિયાતે કેવી કેવી કુર્બાનીઓ આપી છે. એ કુર્બાનીઓનો હેતુ, **"એક અલ્લાહની ઈબાદત થાય અને અલ્લાહનો ક઼ાનૂન જગત પર લાગુ થઈ જાય"** એ જ હતો. **ભૂતકાળના કાફિરો એવું થાય તે ઈચ્છતા ન હતા તથા હાલના કાફિરો પણ એ જ ચાહે છે,** જેથી તમે અલ્લાહ વ રસૂલને ચાહનારા છો તો તમે રસૂલે પાક ﷺ તથા સહાબા رضوان الله تعالى عليهم أجمعينની કુર્બાનીઓની લાજ રાખો અને ઈસ્લામ તથા શરીઅત વિરુદ્ધ કામોથી તૌબા કરી લો, નહીં તો **વિચારો કે તમે મુસલમાન થઈને રસૂલ ﷺ વિરુદ્ધ જઈને કાફિરોને સાથ આપી ખુશ કરી રહ્યા છો ! તો તમારો અંજામ શું આવશે તે વિચારો ?!**

## ઈસ્લામને ખાતર સહાબાએ વઠેલા જુલ્મોની ઝલક

આ છે આશિક઼ે રસૂલ સહાબી જેમનું નામ ***હઝરત* ખબ્બાબ** બિન અલ્ અરુત رضي الله عنه છે, જેમને ઈસ્લામ સ્વીકારવાના કારણે કુરૈશે ખૂબ જ સતાવ્યા એટલે સુધી કે કોલસાના અંગારા ઉપર તેમને સૂવડાવવામાં આવ્યા અને એક માણસ તેમની છાતી પર પગ મૂકીને ઉભો રહ્યો એટલે સુધી કે એમની પીઠની ચરબી અને શરીરમાંથી થયેલા સ્ત્રાવથી કોલસા ઓલવાઈ ગયા ! વર્ષો પછી જ્યારે હઝરત ખબ્બાબ رضي الله عنهએ આ ઘટનાનું અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضي الله عنه સમક્ષ વર્ણન કર્યું અને પોતાની પીઠ ખોલીને દેખાડી. એ પીઠ પર સફેદ ડાઘા પડેલા હતા. આ ઈબ્રતનાક દશ્ય જોઈને હઝરત ઉમર رضي الله عنهનું હૈયું ભરાઈ આવ્યું અને આપ રડી પડયા.

**હઝરત બિલાલ** رضي الله عنه કે જેઓ ઉમૈયા બિન ખલફના ગુલામ હતા. તેમની ગરદનમાં દોરડુ બાંધીને [illegible]મને

શેરીએ શેરીએ અને બજારમાં ઘસેડવામાં આવતા હતા, તેમની પીઠ પર લાઠીઓનો માર મારવામાં આવતો, બરાબર મધ્યાહન સમયે તેમને ભારે તડકામાં ગરમ રેતી ઉપર સૂવડાવીને તેમની છાતી પર એટલો ભારે પથ્થર મૂકવામાં આવતો કે જેથી તેમની જીભ બહાર નીકળી જતી હતી. ઉમૈયા કાફિર કહેતો હતો કે ઈસ્લામ છોડી દો નહીંતર આ રીતે જ રુંધાઈને મરી જશો. પરંતુ એ સ્થિતિમાં પણ હઝરત બિલાલ رضی اللہ عنہ ઈસ્લામથી સહેજ પણ વિચલિત થતા નહોતા. બલ્કે જોશથી અહદ ! અહદ ! નો સુત્રોચ્ચાર કરતા હતા અને ઊંચા અવાજે કહેતા હતા કે ખુદા એક છે, ખુદા એક છે. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૧, પેજ–૩૧૭ થી ૩૧૮)*

**હઝરત અમ્માર બિન યાસર** رضی اللہ عنہ ને પણ ગરમ ગરમ રેતી પર ચત્તા સૂવડાવીને કુરૈશના કાફિરો તેમને એટલું બધું મારતા હતા કે તેઓ બેભાન થઈ જતા હતા. તેમની માતા (વાલેદા) **હઝરત બીબી સુમૈયા** رضی اللہ عنہا ને ઈસ્લામ સ્વીકારવાને કારણે અબૂ જહલે તેમની નાભિ (ડૂંટી) નીચે નેજાનો એવો ઘા કર્યો કે તેણી શહીદ થઈ ગયાં. એ જ રીતે અમ્માર رضی اللہ عنہ ના પિતા **હઝરત યાસર** رضی اللہ عنہ પણ કાફિરોનો માર ખાતા ખાતા શહીદ થઈ ગયા. **હઝરત સુહૈબ રૂમી** رضی اللہ عنہ ને મક્કાના કાફિરો એટલી બધી ઈજાઓ આપતા હતા અને તેમને એવો ઢોરમાર મારતા હતા કે તેઓ કલાકો સુધી બેભાન રહેતા. જ્યારે તેઓ હિજરત કરવા લાગ્યા તો મક્કાના કાફિરોએ કહ્યું કે તમે પોતાનો બધો જ માલસામાન અહીં છોડીને મદીના જઈ શકો છો. આમ છતાં આપ રાજીખુશીથી દુનિયાની દોલતને લાત મારીને પોતાના ઈમાનની મૂડી સાથે લઈને મદીના ભણી ચાલી નીકળ્યા હતા.

**હઝરત અબૂ ફકીહ** رضی اللہ عنہ સફવાન બિન ઉમૈયા કાફિરના ગુલામ હતા. હઝરત બિલાલ رضی اللہ عنہ ની સાથે જ મુસલમાન થયા હતા. જ્યારે સફવાનને તેમના ઈસ્લામની ખબર પડી ત્યારે એણે એમના ગળામાં રસ્સીનો ફાંસો નાંખીને તેમને ખેંચ્યા અને ઘસેડતા ઘસેડતા ગરમ અને તપતી ભૂમિ પર તેમને ચત્તા સૂવડાવીને છાતી પર ભારે પથ્થર મૂકી દીધો. જ્યારે કાફિરો તેમને ઘસડીને લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં સંજોગોવશાત એક ગુબ્રૈલા (ગોબરમાં ઉછરતો એક જીવ કે જંતુ) દેખાયો ત્યારે ઉમૈયા કાફિરે તેમને મ્હેણું મારતાં કહ્યું કે "જોઈ લે ! તારો ખુદા આ તો નથી ને ?!" અબૂ ફકીહે ફર્માવ્યું, "હે કાફિરની ઓલાદ ! ખામોશ ! મારો અને તારો ખુદા અલ્લાહ છે." આ સાંભળી ઉમૈયા કાફિર વધુ ગજબનાક બની ગયો અને એટલા જોશથી એમના ગળે ટૂંપો દીધો કે તેઓ બેભાન થઈ ગયા અને લોકો એમ સમજ્યા કે તેમના પ્રાણ ઉડી ગયા ! *(સીરતે મુસ્તફા صلی اللہ علیہ وسلم, અઝ : અબ્દુલ મુસ્તફા આ'ઝમી, પેજ : ૧૦૦, ૧૦૧)*

## દિલમાં ઈમાનની હુંફ બાકી હોય તો હજીય સમજો !

આવા અસંખ્ય સહાબી તથા સહાબિયાત હતાં જેમણે દીને ઈસ્લામને જીવંત રાખવા પારાવાર મુસીબતો વેઠી, એટલું જ નહીં નબી પાક صلی اللہ علیہ وسلم ના અતિ ચહીતા તથા હઝરત ફાતમા ઝહરા رضی اللہ عنہا ના લાડલા ઈમામે હુસૈન رضی اللہ عنہ એ ખાનદાને અહલે બયતના યુવાનો તથા કુમળા ફૂલોને કર્બલામાં પોતાની નજરો સમક્ષ શહીદ થવા દીધાં અને છેવટે પોતે પણ શહીદ થઈ ગયા, શા માટે ?! **નાનાજાનનો દીન બાકી રહે, ઈસ્લામની શરીઅત સલામત રહે.** યઝીદ શાનો શોખિન હતો ? **યઝીદ નાચગાનનો, વ્યભિચારનો, શરાબનો શોખિન તથા બેશુમાર હરામ કામોમાં સપડાયેલ હતો, ફાસિક઼ તથા ફાજિર હતો, જેથી તેની બયઅત કરવા કરતાં, તેને મુસલમાનોનો ઈમામ તથા અમીર માનવા કરતાં ઈમામ હુસૈન** رضی اللہ عنہ **એ આખુ ખાનદાન શહીદ કરવું બેહતર જાણ્યું. જ્યારે આપણે આશિક઼ે રસૂલ, આશિક઼ે સહાબા, આશિક઼ે અવલિયા, આશિક઼ે અહલે બયત હોવાના દાવેદારો એ જ રસૂલ, સહાબા તથા ઈમામ હુસૈન વિરુદ્ધ ઈસ્લામના દુશ્મનો, કાફિરો, યહૂદીઓ તથા ઈસાઈઓના તરીક઼ાને, યઝીદી તરીક઼ાને અપનાવીને તેમના જેવી રીતે જીવવાને ફખ્રથી અપનાવી રહ્યા છીએ !**

## ઝાનિયા તથા દય્યૂષ કોણ ? તથા તેમનો અંજામ શું ?!

હે પ્યારી દીની બહેનો ! જે ફેશનપરસ્તીમાં તમે રાચી રહી છો અને શાદીઓમાં તથા અન્ય ફંક્શનોમાં ચુસ્ત સ્લીવલેસ તથા ટૂંકાટચ સર્વ અંગ ઉપાંગો જાહેર કરતા ડ્રેસો પહેરી, રંગબેરંગી વાળોની લતો લહેરાવી સુંદરી હરીફાઈમાં નીકળી હોય તેમ અંગ પ્રદર્શન તથા સુંદરતાનું પ્રદર્શન અલલ એલાન કરીને મનમાં મલકાઈ રહી છો, પણ સાંભળી લો ! મુસલમાન ખાતૂનનું એ કામ હરગિઝ નથી. હદીષે પાકમાં આપણા પ્યારા નબી ﷺનું ફર્માન છે કે, **"જે સ્ત્રી એટલા માટે શણગાર સજે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે સ્ત્રી ઝાનિયા (વ્યભિચારીણી) છે."** શું તમે એવું ઈચ્છો છો કે અલ્લાહના રસૂલ ﷺની ઝબાની તમે "ઝાનિયા" ઠરો ! (અલ્લાહની પનાહ !)

તેમજ હે મર્દો ! જે પુરૂષ પોતાની સ્ત્રીઓને અંગ પ્રદર્શન તથા ફેશન કરી લોકોમાં નીકળતી, ગૈર મર્દોમાં ફરતી નથી રોકતો તેને **"દય્યૂષ"** કહેવામાં આવે છે, અને હદીષે પાકમાં છે કે, **"દય્યૂષ જન્નતની ખૂશ્બુ પણ પામશે નહીં."** અને જાણી લો કે જન્નતની ખૂશ્બુ ૫૦૦ વર્ષના અંતરેથી મેહસૂસ થતી હોય છે. હે મર્દો ! તમારા ઘરનું નિરીક્ષણ કરી લો કે ક્યાંક તમે તો "દય્યૂષ"ની વ્યાખ્યામાં નથી આવતા ?!

તો હે મુસલમાન ભાઈઓ ! બહેનો ! સમજો અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનાં ફર્માનોને ગળે લગાડો અને કાફિરો, યહૂદીઓ, ક્રિશ્ચનો જેવી બેહયા કૌમોની જેમ જીવવાનું છોડી ઈસ્લામના કાનૂન પ્રમાણે જીવી ઈજ્જતદાર ઈન્સાન બનો, એમાં જ તમારી બંને દુનિયામાં ભલાઈ છે.

**હે સુન્નીઓ !** હજી સમય છે, જિંદગી બાકી છે, તૌબાના દરવાજા ખુલ્લા છે, માટે ઈસ્લામના જાંનિષારોની કુર્બાનીઓના ઈતિહાસને વાંચો અને તમારા દિલોને સવાલ કરો કે હું ક્યાં છું ? શું કરી રહ્યો છું ? ખુદાનો કેવો ગઝબ વહોરી રહ્યો છું ? અને જો દિલમાં લાગી આવે, ઈસ્લામની મહોબ્બત જાગી ઉઠે તો પોતાના કરતૂતોથી રડી રડીને સાચા દિલથી તૌબા કરી ઈસ્લામી જિંદગી અપનાવી લો, ખુદા વ રસૂલના દુશ્મનો વહાબી, દેવબંદી વગેરેથી સંબંધો સદંતર કટ કરો, ખુશી ગમીમાં તેમને ન નોંતરો, ન તેમને ત્યાં જાવ, અને સાચા પાકા સુન્ની બનીને જીવી જાવ એમાં જ તમારી બંને જહાનમાં ઈજ્જત તથા ભલાઈ છે. તથા તમારી ઔલાદને દીકરા-દીકરીઓને "સીરતે મુસ્તફા ﷺ તથા સહાબાનો ઈશ્કે રસૂલ, સહાબાએ કિરામનો કિરદાર અને આપણે (તોહફાએ નજાત, ભાગ-૬)..... વગેરે તથા ઈસ્લામી અખ્લાક તથા આદાબ શીખવાડતી કિતાબો વંચાવી તેમનાં દિલોમાં ઈસ્લામની મહોબ્બત જાગૃત કરો જેથી તેઓ દીન પર રહી શકે, નહીં તો યાદ રાખશો કે ક્યાંક તમારી પ્રિય ઔલાદ જહન્નમમાં ન પડે અને તમારા માટે જહન્નમમાં જવાનો સબબ ન બને !

ઉલમા તથા ખતીબો પણ કોઈ ગેર શરઈ મસ્લેહતને ન અપનાવે બલ્કે દીને ઈસ્લામની હક્ક વાતોને, **શરીઅતના હુકમોને ડંકાની ચોટ પર જાહેર કરે** જેથી પબ્લિકને સત્ય પહોંચાડવાની ફરજ તેમની પૂરી થાય, દીનથી બેપરવા **ટ્રસ્ટીઓની લગાડેલી લગામને મોંઢેથી હટાવે,** નહીં તો હદીષે પાકમાં છે કે, **"ફિત્નાના સમયમાં જે આલિમ હક્ક વાત જાહેર નહીં કરે તેમના મોંઢાંને કયામતમાં આગની સાંકળોની લગામ વડે જકડવામાં આવશે."** તો તે અઝાબના પોતે મુસ્તહિક ન બની જાય, તેનો ખયાલ રાખે.

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આપણને સૌને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની, સહાબાની, બુઝુર્ગોની, અહલે બયતની સાચી મહોબ્બત આપે, કેવળ દાવા કરનારા પોતાના વાઘ ન રાખે, કેવળ નારા મારનારા ગાઝી ન રાખે બલ્કે ઈસ્લામની સાચી રાહ પર શરીઅતની મહોબ્બતમાં તથા પાબંદીમાં જીવાડે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَاِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اَرِنِیْ كَیْفَ تُحْیِ
الْمَوْتٰی ؕ قَالَ اَوَلَمْ تُؤْمِنْ ؕ قَالَ بَلٰی وَلٰكِنْ
لِّیَطْمَىِٕنَّ قَلْبِیْ ؕ قَالَ فَخُذْ اَرْبَعَةً مِّنَ الطَّیْرِ
فَصُرْهُنَّ اِلَیْكَ ثُمَّ اجْعَلْ عَلٰی كُلِّ جَبَلٍ مِّنْهُنَّ
جُزْءًا ثُمَّ ادْعُهُنَّ یَاْتِیْنَكَ سَعْیًا ؕ وَاعْلَمْ اَنَّ
اللّٰهَ عَزِیْزٌ حَكِیْمٌ ﴿۲۶۰﴾ مَثَلُ الَّذِیْنَ یُنْفِقُوْنَ
اَمْوَالَهُمْ فِیْ سَبِیْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ
سَنَابِلَ فِیْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ یُضٰعِفُ
لِمَنْ یَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِیْمٌ ﴿۲۶۱﴾

### ત.....ર્જુ.....મો....

અને યાદ કરો જ્યારે[૩૪૯] અર્ઝ કરી ઈબ્રાહીમે હે મારા પરવરદિગાર ! દેખાડ મને કે તું[૩૫૦] કઈ રીતે જીવંત કરે છે મુડદાંઓને. ફર્માવ્યું, (હે ઈબ્રાહીમ !) શું તમે એના પર યકીન નથી ધરાવતા ? અર્ઝ કરી, ઈમાન તો છે[૩૫૧] પરંતુ (આ સવાલ એટલા માટે છે) જેથી મારુ દિલ સંતુષ્ઠ થઈ જાય[૩૫૨]. ફર્માવ્યું, તું ચાર પક્ષીઓ પકડી લે[૩૫૩] પછી આકર્ષિત કરી લે તેમને પોતાની સાથે, પછી રાખી દે પહાડ પર તેમનો એક એક ટુકડો, પછી બોલાવ તેમને, ચાલ્યાં આવશે તારી પાસે તેઓ દોડતાં. અને જાણી લે યકીનન ! અલ્લાહ તઆલા સૌના પર કાબૂ ધરાવનાર ઘણો જ શાણો છે. દષ્ટાંત તે લોકોનું જેઓ ખર્ચ કરે છે[૩૫૪] પોતાના માલોને અલ્લાહની રાહમાં, એવું છે જેમ કે એક દાણો[૩૫૫] જે ઉગાડે છે સાત કંતીઓ (અને) દરેક કંતીમાં સો દાણા હોય, અને અલ્લાહ તઆલા (એનાથી પણ) વધારી આપે છે જેના માટે ચાહે છે, અને અલ્લાહ વિશાળ બખ્શિશવાળો જાણનારો છે.

**તફસીર..............**

**૩૪૯.** અલ્લાહ તઆલા પોતાની કામિલ કુદરતની એક ઔર સાબિતી રજૂ કરે છે.

**૩૫૦.** આ સવાલથી એવું ન સમજી લેવામાં આવે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ વાતમાં શંકાકુશંકામાં હતા, હરગિઝ નહીં ! કેમ કે અહીં સવાલ 'કયફ'થી થઈ રહ્યો છે અને 'કયફ'થી સવાલ એ ચીજની હાલત જાણવા માટે કરવામાં આવે છે જેના મૌજૂદ હોવાનું યકીન હોય. *(કુર્તબી)*

**૩૫૧.** અહીં આપની જીભ મુબારકથી કહેવડાવી દીધું 'બલા' કે મને સંપૂર્ણ ઈમાન છે. એ એટલા માટે કે જેથી કોઈને શક કરવાનો મોકો જ ન મળે.

**૩૫૨.** તો જ્યારે ઈમાન તથા યકીન પહેલેથી હાંસલ છે તો પછી આ સવાલનો શો મતલબ ? એનું કારણ જણાવ્યું કે પ્રથમ મને ઈલ્મુલ યકીન તો છે, પરંતુ જો તું મને તારી કુદરતનો અનુભવ કરાવી આપે તો મને અયનુલ યકીનનો મર્તબો નસીબ થઈ જશે.

**ای سالتك لیطمئن قلبی بحصول الفرق بین المعلوم برهاناوالمعلوم عیانا** (قرطبی)

આ સવાલથી એ પણ સાબિત થઈ ગયું કે સંતોષ પ્રાપ્તિ માટે આ પ્રકારના સવાલો પોતાના ઉસ્તાદ તથા કામિલ મુર્શિદથી પૂછી લેવા જાઈઝ છે.

**૩૫૩.** અલ્લાહ તઆલાએ પોતાની કામિલ કુદરતનો અનુભવ કરાવવાના માટે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ને હુકમ આપ્યો કે ચાર પક્ષીઓ લે, તેમને ઝબહ કરીને તેમના ટુકડા ટુકડા કરે પછી આપસમાં મિક્સ કરી આપે. પછી તે મિશ્ર બોટીઓના ચાર ભાગ કરી દે અને

એક એક હિસ્સાને એક એક પહાડ પર રાખે. પછી તે પક્ષીઓને પોતાની તરફ બોલાવે અને પોતાના રબની કુદરતે કામિલાનો પ્રત્યક્ષ અનુભવ કરે. જ્યારે હઝરત ખલીલ علیہ السلامએ એવું કરીને તેમને બોલાવ્યાં તો તેમણે પોતાની આંખો વડે પ્રત્યક્ષ અનુભવ કર્યો કે છૂટી છૂટી બોટીઓ ભેગી થઈ ગઈ, વિખેરાયેલી પાંખો ભેગી થઈ ગઈ અને તે પક્ષીઓ પાંખો ફફડાવતાં જલ્દી જલ્દી હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ખિદમતમાં હાજર થઈ ગયાં. **فصرهن**ના બે અર્થો છે : એક એનો અર્થ છે આકર્ષિત કરવું, અને તર્જુમામાં એ જ અર્થ લેવામાં આવ્યો છે. પરંતુ એનો બીજો **قطعهن** છે એટલે કે એના ટુકડા ટુકડા કરો. હઝરત ઈબ્ને અબ્બાસ તથા ઈબ્ને અલ અંબારી વગેરેથી એ જ નક્લ થયેલ છે. (قرطبی) **يقال صار الشيئ يصوراى قطعه** અમુક લોકોએ આ આયતનો એ મતલબ કર્યો છે કે તમે ચાર પક્ષીઓને તમારી સાથે આકર્ષિત કરી લો, પછી એક એક પક્ષી અલગ અલગ પહાડો પર બેસાડી દો અને તેને પોતાની તરફ બોલાવી લો તો તરત તમારી તરફ ચાલ્યાં આવશે. તો જેવી રીતે તમે તેમને આકર્ષિત કર્યાં અને તમારા અવાજ પર દોડતાં ચાલ્યાં આવ્યાં એ જ પ્રમાણે કાઈનાતનો રબ આ વેરવિખેર અંશોને ક્યામતના દિવસે બોલાવશે તો એ અંશો (ભાગો) એકત્ર થઈ જશે. પરંતુ આ તાવીલ કાંઈ સંજોગોને અનુરૂપ નથી જણાતી. સવાલ એ છે કે એ વેરવિખેર થયેલાં છૂટા પડેલા અંશો (ભાગો) એકત્ર કેવી રીતે થશે અને એમનામાં રૂહ કઈ રીતે ફૂંકવામાં આવશે ? કમસે કમ જવાબ એવો તો હોવો જોઈએ જે પ્રશ્નના મહત્વના પાસાંઓનો ખુલાસો કરી આપે. આ તાવીલના પ્રમાણે ન તો વેરવિખેર છૂટા પડી ગયેલા અંશોનું એકત્રિકરણ છે અને ન તો મુર્દાને નવેસરથી જીવંત કરવાનો બનાવ જોવા મળે છે, તો પછી એમાં કઈ એવી ચીજ છે જેનાથી દિલના સંતોષનો સબબ થાય ?

**૩૫૪.** આ આયતે કરીમાના શબ્દો તો અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવાની ફઝીલતનું દષ્ટાંત વર્ણન કરે છે, પરંતુ એના હેઠળ અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનું પ્રોત્સાહન પણ આપવામાં આવી રહ્યું છે. એટલે કે જ્યારે એ યકીન હોય કે એક દિરહમ ખર્ચ કરવાથી સાતસો દિરહમ મળશે, તો કયો બુધ્ધિશાળી એવો હશે જે પુષ્કળ ખુશી સાથે પોતાનો સઘળો સરમાયો એ સોદામાં નહીં લગાડી આપે. અલ્લાહ જે ગની તથા હમીદ છે, પોતાના માર્ગમાં ખર્ચ કરનારાઓને એ દાતા આમ જ આપ્યા કરે છે, પરંતુ અલ્લાહ કરીમના ખજાનાઓને વહેંચવાવાળા નબી صلی اللہ علیہ وسلم જેમને પોતાના માલિકના અમાપ ખજાનાઓનો પણ ઈલ્મ છે અને તેની શાને કરીમીને પણ જાણે છે, જ્યારે આ આયત નાઝિલ થઈ તો અર્ઝ કરે છે : **رب زد اُمّتی** "જે અલ્લાહને ક઼ર્ઝ આપે છે તેને અલ્લાહ તઆલા કાંઈ કેટલા કેટલા ગણુ અધિક આપે છે. લબે મુસ્તફા ફરી હરકતમાં આવ્યા અને અર્ઝ કરી :–

**من ذا الّذی یقرض اللّٰه قرضاحسنا فیضاعفهٗ له اضعا فاكثيرة**

"સબ્ર કરનારાઓને બેહદ બે હિસાબ આપવામાં આવશે." *(કુર્તબી)* અગણિત પ્રશંસા તથા વખાણ તે મૌલાએ કરીમના માટે અને બેશુમાર દુરૂદો સલામ એના મહબૂબે કરીમ પર. صلی اللہ علیہ وسلم

**૩૫૫.** અલ્લામા કુર્તબી આ આયતના હેઠળ લખે છે કે, આ આયતથી માલૂમ થાય છે કે **ખેતીનો ધંધો સર્વ ધંધાઓથી ઉચ્ચ છે, અને રોજી કમાવાના ઝરીયાઓમાંથી ખૂબ જ ઈજ્જતવાળો ઝરીયો છે.** અને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત થયેલ છે કે :

**قال رسول الله صلى عليه وسلّم التمسوا الرزق فی خبا یا الارض اخرجه الترمذی**

"હુઝૂરે ફર્માવ્યું કે જમીનની ડાળીઓથી તમારી રોજી તલાશ કરો અને **ખેતી ફર્ઝે કિફાયામાંથી છે.** જો લોકો એના પ્રતિ ગફલત વર્તે તો સમયના ઈમામે જોઈએ કે લોકોને બળપૂર્વક ખેતી તરફ આકર્ષિત કરે અને બાગો તથા ઝાડ લગાડવાનો હુકમ આપે. *(અલ્લામા કુર્તબી)* તેમજ એના પરથી એ પણ જાણવા મળ્યું કે જો પૂર્ણ કોશિશ કરવામાં આવે તો જેટલુ બીજ રોપવામાં આવે સાત ગણી સુધી ફસલ ઉપલબ્ધ થઈ શકે છે. બીજી ક઼ૌમો આ મેદાનમાં અગ્રતા લઈ જઈ રહી છે અને આપણે આટલુ કાંઈક કરવાથી પણ લાચાર છીએ. ખલીફા મોઅતઝદે ખ્વાબમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ઝિયારત કરી અને હઝરતે એમને મુસ્હ઼ાત પકડાવ્યો અને ફર્માવ્યું :–

**خذ هافانها مفاتيح خذا ئن الارض** "એને પકડી લો કે આ જ જમીનના ખજાનાઓની કૂંચીઓ છે."

(દારમીએ પણ એ જ પ્રમાણે અને ઈબ્ને માજહએ હરમે અલ્લાહ સુધી રિવાયત કરી છે.)

**હદીષ** : હઝરત અરબાઝ ઈબ્ને સારિયાથી[1] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઉભા રહીને ફર્માવ્યું, શું તમારામાંથી કોઈ પોતાના બિસ્તર પર તકીયો લગાડીને એવું ગુમાન કરી શકે છે[2] કે અલ્લાહે એ ચીજો સિવાય કોઈ ચીજ હરામ ન કરી જે કુર્આનમાં છે. જાણી લો કે મેં હુકમો આપ્યા, વઅઝ કરી અને ઘણી ચીજોથી મના કર્યા જે કુર્આનના બરાબર અથવા એનાથીય વધારે છે[3]. યક઼ીનન ! અલ્લાહે તમારા માટે એ મુબાહ નથી કર્યું કે કિતાબીઓના ઘરોમાં વિના ઈજાઝતે ઘુસી જાવ અને ન તેમની સ્ત્રીઓને મારપીટ અને ન તેમનાં ફળ ખાવાં જ્યારે તેઓ તેમના ઝિમ્માના હક્કો તમને અદા કરી આપે[4]. એને અબૂ દાઊદે રિવાયત કરી. આ હદીષની અસ્નાદમાં અશ્અષ ઈબ્ને શઅબા મિસ્સીસી છે જેમાં ચર્ચા કરવામાં આવી છે. એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે એક દિવસે અમને રસૂલુલ્લાહ ﷺએ નમાઝ પઢાવી પછી અમારી તરફ ચહેરો કર્યો અને ખૂબ જ ઉમદા વઅઝ કરી જેનાથી અશ્રુઓ વહેતાં થઈ ગયાં, દિલ ડરી ગયાં[5] એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! કદાચ આ અલવિદાઈ વાઅઝ છે[6] જેથી કાંઈક વસિયત કરી આપો. હુઝૂરે ફર્માવ્યું કે, "હું તમને અલ્લાહથી ડરવા, સુલ્તાનની સાંભળવા, આજ્ઞા પાલન કરવાની વસિયત કરું છું ભલે તે હબ્શી ગુલામ પણ હોય[7]. કેમ કે મારા બાદ તમારામાંથી જે જીવશે તે ઘણો મતભેદ જોશે[8] જેથી તમે મારી તથા હિદાયત પામેલા ખુલફાએ રાશિદીનની સુન્નત મજબૂત પકડો[9]. એને દાંત વડે મજબૂત પકડી લો. નવી વાતોથી દૂર રહો કે દરેક નવી ચીજ બિદઅત છે અને દરેક બિદઅત ગુમરાહી છે[10]. એને અબૂ દાઊદ તથા તિર્મિઝી તથા ઈબ્ને માજહએ રિવાયત કરી, પરંતુ એ બંનેવે નમાઝનો બનાવ વર્ણન નથી કર્યો.

## સ....મ....જૂ....તી....

**૧.** આપ સહાબી છે. આપના વાલિદ સનારિયાની કુન્નિયત અબૂ બખીહ હતી. હઝરત અરબાઝ અસ્હાબે સુફ્ફામાંથી હતા. શૌક઼ે ઈલાહી તથા ખૌફે ઈલાહી પોતાના દિલમાં ખૂબ ધરાવતા હતા. શામ (સીરિયા)માં વસાવટ કર્યો અને હિ.સ. ૭૫માં ત્યાં જ વફાત પામ્યા. આપનાથી ૩૧ હદીષો રિવાયત પામેલી છે. હમ્સમાં આપનું મઝાર છે.

**૨.** એમાં સંબોધન કેવળ સહાબાથી નથી બલ્કે ક઼યામત સુધીના મુસલમાનોને છે. કેમ કે સહાબાના યુગથી લગભગ ૧૩૦૦ વરસો સુધી હદીષના મુન્કિરો કોઈ નથી થયા. આ બીમારી ૧૪મી સદીમાં ફેલાયી. અને આ પ્રશ્ન આશ્ચર્યના માટે છે કે તમારામાં અમુક એવા બેવકૂફ પેદા થશે જેઓ આવા વાહિયાત અક઼ીદા રાખશે.

**૩.** એટલે કે મારા આપેલા અહકામ (હુકમો) તથા મારી હલાલ હરામ કરેલી ચીજો માત્રામાં કુર્આની અહકામ તથા કુર્આની હલાલ તથા હરામથી કેટલાએ અંશે વધારે છે. જુઓ કુર્આને કરીમે કેવળ સુવ્વરનો ગોશ્ત હરામ કર્યો, ફર્માવ્યું : وَلَحْمَ الْخِنْزِيرِ સુવ્વરની કલેજી, ગુર્દા, હાડકાં, ભેચવો, તે ઉપરાંત કૂતરુ, બિલાડી હદીષે જ હરામ કર્યું. એ જ પ્રમાણે સર્વ હુકમોનો હાલ છે. હદીષનો ઈન્કાર કરીને તે ચીજોનું હરામ હોવું કઈ રીતે સાબિત કરી શકાશે ?

**૪.** એટલે કે જ્યારે ઝિમ્મી અહલે કિતાબ જિઝીયો (ટેક્સ) અદા કરી આપે તો ન તમે તેમનાં ઘરોમાં જઈ શકો છો ન તેમનો માલ ખાઈ શકો છો ન તેમને સજા આપી શકો છો. આ મસ્અલો પણ કુર્આનમાં નથી પણ હું ઈર્શાદ ફર્માવી રહ્યો છું. અહલે કિતાબની શરત એટલા માટે લગાડી કે અરબના મુશ્રિકોથી જિઝીયો

સ્વીકારવામાં નથી આવતો તેમને મુસલમાન જ થવું પડશે. યાદ રાખશો કે જો ઝિમ્મી જિઝીયો આપવાથી ઈન્કાર કરી આપે તો હર્બી થઈ જશે, પછી ઈસ્લામી હુકૂમત પર તેના રક્ષણની જિમ્મેદારી રહેશે નહીં, એટલા માટે જિઝીયો આપવાની શર્ત લગાડી.

**૫.** આમ તો હુઝૂરના સર્વ વઅઝો અસરકારક જ હોતા, પરંતું ખાસ કરીને આ વઅઝ ખૂબ જ પ્રભાવશાળી હતું જેમાં ઈશ્કે ખુદા તથા ખૌફે કિબ્રિયાનો દરિયો મોજાં મારી રહ્યો હતો. ઈશ્કથી આંસૂંઓ વહે, અને ખૌફથી ડરે, અને બલીગ઼ (ઉમદા)થી અસરકારક હોવું મુરાદ છે.

**૬.** એટલે કે હુઝૂરની વફાત નજીક છે, અને આપ એવી વાતો ફર્માવી રહ્યા છો જેવી વિદાય વેળા કરવામાં આવે છે, જાણે કે આપ પોતાની ઉમ્મતને છોડીને જઈ રહ્યા છે અને અંતિમ નસીહતો કરી રહ્યા છે. સુબ્હાનલ્લાહ ! સહાબાએ કિરામની સમજદારી પર કુર્બાન !

જાણવા મળે છે કે ખરેખર હુઝૂરની વફાત નજીક હતી એટલા માટે તેમની વાતને રદીયો ન આપવામાં આવ્યો, બલ્કે ખ્વાહિશ પૂર્ણ કરી દેવામાં આવી. જાણવા મળ્યું કે હુઝૂર પોતાની વફાતના સમયને જાણે છે. અને આ એવી સમૃધ્ધ વાણી છે કે સર્વ અહકામ એમાં આવી ગયા. تَقْوَیٰ لِلّٰہِ માં સર્વ દીની હુકમો તથા સુલ્તાનની ઈતાઅત (આજ્ઞાપાલન)માં સર્વ રાજકીય હુકમો સામેલ છે.

**૭.** એટલે કે તમારો અમીર કાળો હબ્શી ગુલામ હોય તો પણ તેનું આજ્ઞાપાલન કરો, તેનો વંશ તથા શક્લ ન જુઓ પણ તેનો હુકમ સાંભળો. યાદ રાખશો કે ખિલાફત કુરૈશ સાથે ખાસ છે પણ અમારત (અમીરપણુ) દરેક મુસલમાનને મળી શકે છે, જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી : اَلْخِلَافَۃُ لِلْقُرَیْش તેમજ અમીરનું આજ્ઞાપાલન તે જ હુકમોમાં થશે જે શરીઅત વિરૂધ્ધ ન હોય, તેમજ તેનું આજ્ઞાપાલન અમીર બની ગયા પછી થશે. યઝીદ અમીર બન્યો જ ન હતો. હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہએ તેને હાકિમ માન્યો જ ન હતો જેથી આપનો અમલ આ હદીષની વિરૂધ્ધ નથી. અમીર બનાવવું અલગ ચીજ છે અને અમીર બની ચૂક્યા પછી આજ્ઞાપાલન કરવું અલગ ચીજ છે.

**૮.** રાજનૈતિક મતભેદ પણ અને ધાર્મિક પણ. જેમ કે ખિલાફતે ઉષ્માનિયાના અંત ભાગમાં લોકોમાં રાજનૈતિક મતભેદ પેદા થઈ ગયો અને ખિલાફતે હૈદરીમાં રાજનૈતિક મતભેદની સાથોસાથ મઝહબી મતભેદ પણ ઉપસ્થિત થઈ ગયો જેથી જબરિયા, ક઼દરિયા, રાફઝી, ખારજી પેદા થઈ ગયા. યાદ રાખશો કે ખુદાના ફઝ્લથી સહાબામાં દીની મતભેદ ન થયો, સર્વ સહાબા હક્ક઼ પર રહ્યા. હુઝૂરનું આ કથન ખૂબ જ સમૃધ્ધ છે અને આપની એ પેશનગોઈ હૂબહૂ સહીહ થઈ.

**૯.** દરેક સુન્નત અનુસરણને પાત્ર છે પણ દરેક હદીષ અનુસરણને પાત્ર નથી. હુઝૂરની વિશિષ્ટતાઓ, મન્સૂખ (રદ થયેલ) અહકામ તથા અમલો હદીષ છે પણ સુન્નત નથી, એટલા માટે અહીં હદીષને પકડવાનો હુકમ નથી આપવામાં આવ્યો બલ્કે સુન્નતને પકડવાનો હુકમ છે. અલ્હમ્દુલિલ્લાહ ! **આપણે અહલે સુન્નત છીએ, જ્યારે દુનિયામાં અહલે હદીષ કોઈ નથી થઈ શક્તો.** સહાબાએ કિરામના અમલો તથા કાર્યો પણ શાબ્દિક અર્થમાં સુન્નત છે એટલે કે દીનનો સારો તરીક઼ો, ભલે તેનું ઉપસ્થિત થવું બિદઅતે હસના છે. ઉમર ફારૂક઼ે જમાઅતની બાક઼ાયદા તરાવીહને જે આપે શરૂ કરી હતી બિદઅત ફર્માવ્યું અને કહ્યું, نِعْمَتِ الْبِدْعَۃُ ھٰذِہٖ (આ સારી બિદઅત છે) આપનું એ કથન આ હદીષની વિરૂધ્ધ નથી, કેમ કે એ શરીઅતની રૂએ બિદઅત (નવી ચીજ) છે પણ શાબ્દિક અર્થમાં સુન્નત છે અને મુસલમાનો માટે અમલ કરવી લાઝિમ છે. યાદ રાખશો કે સર્વ સહાબા હિદાયતના તારા છે ખાસ કરીને ખુલફાએ રાશિદીન. જેથી આ હદીષ એના વિરૂધ્ધ નથી કે اَصْحَابِی کَالنُّجُوْمِ સર્વ સહાબાનું અનુસરણ નજાતનો સબબ છે.

**૧૦.** અહીં નવી ચીજથી મુરાદ નવા અક઼ીદા છે જે ઈસ્લામમાં હુઝૂર પછી ઉપસ્થિત કરવામાં આવે, એટલા માટે કે અહીં એને ગુમરાહી કહેવામાં આવ્યું. ગુમરાહી અક઼ીદામાં હોય છે ન કે અમલોમાં. જેથી આ હદીષ એના સામાન્યપણમાં છે. જેમ કે ક઼ાદયાની, ચકળાલ્વી, રાફઝી, ખારજી એ સર્વ બિદઅતો તથા ગુમરાહી છે. અને એનાથી નવા અમલો મુરાદ લેવામાં આવે તો આ હદીષ એવી આમ છે જેમાંથી અમુકને અલગ કરી લેવામાં આવી છે એટલે **દરેક બુરી બિદઅત ગુમરાહી** છે. બિદઅતે હસના કદીક મુબાહ કદીક મુસ્તહબ કદીક વાજિબ તથા કદીક ફર્ઝ પણ હોય છે. હદીષની કિતાબો તથા કુર્આનના પારા બિદઅત છે, પણ સારી છે. એની તેહક઼ીક઼ અગાઉ થઈ ચૂકી છે.



# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝૂલ અયાઝ માલિકી ઉન્દલુસી رحمة الله عليه

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨

## ક઼ાબા ક઼વસૈન

મેઅરાજની હદીષમાં જે બનાવ બન્યો અને આપે તે આયતે કરીમા دَنَا فَتَدَلّٰى فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى ના જે જાહેરી ભાવાર્થથી જે નઝદીકી અને સમીપતા જાણવા મળે છે તો મોટા ભાગના તફસીરકારોએ તેની નઝદીકી અને સમીપતાને સૈયદના મુહમ્મદ રસૂલ صلى الله عليه وسلم અને હઝરત જિબ્રઈલ عليه السلام વચ્ચે બતાવવામાં આવેલ છે અથવા બંનેમાંથી એકના સાથે ખાસ છે અથવા સિદ્રતુલ મુન્તહાથી નિકટતા મુરાદ છે.

રાઝી رحمة الله عليه ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضى الله عنه નું કથન છે કે તે સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ صلى الله عليه وسلم છે જેઓ બારગાહે ખુદાવંદીની ખાસ નિકટતાથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કહેવામાં આવે છે કે **દના**થી નિકટતા અને **તદલ્લા**થી ખૂબ જ નિકટતા મુરાદ છે. એક કથન એ છે કે આ બંને શબ્દોનો અર્થ એક જ છે.

ઈમામ મક્કી رحمة الله عليه અને ઈમામ માવરદી رحمة الله عليه એ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضى الله عنهما થી બયાન કરેલ છે કે તે રબ તઆલાનો જલ્વો હતો. જે સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ صلى الله عليه وسلم પર આવ્યો હતો. પછી તે તેમના નજીક થઈ ગયો એટલે કે તે આનો હુકમ હતો. નક્કાશ رحمة الله عليه એ ઈમામ હસન બસરી رحمة الله عليه થી રિવાયત કરી છે કે તેઓ ફર્માવે છે કે તે પોતાના બંદા સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ صلى الله عليه وسلم ના નજીક થયો, પછી તે નજીક અને ખૂબ જ નજીક થયો. અને પોતાની કુદરત અને મહાનતાથી જે ઈચ્છયું તેમને દેખાડયું. તેઓ (નક્કાશ رحمة الله عليه) કહે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضى الله عنهما ફર્માવે છે કે આ અગ્રસ્થાને છે. અને અંતમાં એ છે કે મેઅરાજની રાત્રે નબી કરીમ صلى الله عليه وسلم ના પાસે રફ રફ આવ્યો, આપ તેના પર સવાર થયા અને પછી એટલા બુલંદ (ઉચ્ચ) થયા કે ખુદાવંદીના કુર્બ (નિકટ)માં જઈ પહોંચ્યા.

એક રિવાયતમાં છે કે જિબ્રઈલ عليه السلام મને ઉપર લઈ ચઢયા ત્યાં સુધી કે આસમાની પ્રજાના અવાજો આવવાના બંધ થઈ ગયા અને (તે સમયે) મેં પોતાના રબ جل جلاله નો કલામ સાંભળ્યો. સહીહ બુખારીમાં હઝરત અનસ رضى الله عنه થી રિવાયત છે કે હઝરત જિબ્રઈલ عليه السلام મને લઈને સિદ્રતુલ મુન્તહાની તરફ ચઢયા અને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ખાસ કુર્બમાં લઈ ગયા, પછી વધુ નજીક થયા ત્યાં સુધી કે બે કમાનોનું અંતર રહી ગયું અથવા તેનાથી પણ ઓછું. આ સમયે આપની તરફ વહી ફર્માવવામાં આવી જે ઈચ્છી અને પચાસ વખતની નમાઝ પઢવાની વહી ફર્માવવામાં આવી. (તેના પછી નમાઝમાં ઘટાડો કરીને ગણતરીમાં પાંચ અને સવાબમાં પચાસ કરવામાં આવી) અને તેના પછી હદીષે નબવી પૂરી બયાન કરી. મુહમ્મદ બિન કઅબ رحمة الله عليه થી રિવાયત છે કે તે મુહમ્મદ રસૂલલ્લાહ صلى الله عليه وسلم જેઓ પોતાના રબની સમીપ થયા અને ત્યાં સુધી સમીપ થયા કે જેવું કે બે કમાનો વચ્ચેનું અંતર (વચ્ચે) રહી ગયું.

ઈમામ મુહમ્મદ જઅફર સાદિક઼ બિન ઈમામ મુહમ્મદ બાક઼ર رضى الله عنه ફર્માવે છે કે અલ્લાહ તઆલાથી સમીપતાની કોઈ હદ નથી, જયારે કે બંદાઓથી નિકટતાની હદ હોય છે. અને એ પણ ફર્માવ્યું કે કુર્બે ઈલાહી (અલ્લાહની નિકટતા)ની હાલત ખંડિત છે. શું તમે જોતા નથી કે હઝરત જિબ્રઈલ عليه السلام ને તેની નિકટતાએ કેવી રીતે પ્રિય કરેલ છે. અને સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ صلى الله عليه وسلم ને

સમીપતા અર્પણ કરી કે આપના મુબારક ક઼લ્બને મઅરેફત અને ઈમાનથી ભરી દેવામાં આવ્યું અને પછી હૃદયની શાંતિ સાથે કુર્બ (નિકટતા)ના મક઼ામની તરફ ઉતરી આવ્યા. અને આપના મુબારક હૃદયમાંથી શંકા કુશંકાને હઠાવી દેવામાં આવી.

ક઼ાઝી અબુલ ફઝ્લ અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ સ્થળે જ્યારે કે ખુદાની નિકટતા અથવા ખુદાથી સમીપતાનો ઉલ્લેખ થયેલ છે ત્યારે અલ્લાહ તઆલા તમોને તૌફીક઼ બક્ષે, આનાથી મુરાદ સ્થળ અથવા અંતરની નિકટતા નથી. પછી તેનો અર્થ એ છે કે જે અમે હઝરત મૂસા علیہ السلامના હવાલાથી બયાન કર્યું છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمનું સમીપ હોવું અથવા ખાસ નિકટતામાં પહોંચવું આ આપની મહાન વિશેષતા અને ઈજ્જત અને મર્તબાની ઉચ્ચતા અને મઅરેફતની ચમક પ્રગટ થવી અને ગૈબી રહસ્યોને જોવા અને શક્તિ પ્રાપ્ત કરવાનું છે અને આ અલ્લાહ તઆલાની તરફથી અધિક એહસાન ફર્માવ્યાં છે આપને વધુ સ્નેહ આપ્યો જે આપના માટે વિશાળતા અને બુઝુર્ગી પ્રગટ કરવા માટે છે. અને તેની તાવીલ પણ એવી રીતે કરવામાં આવશે જેવી રીતે તે રિસાલતના ફર્માનની તાવીલ કરવામાં આવે છે કે આપણો રબ આસમાની દુનિયાની તરફ ઉતરે છે. આનું એક જ કારણ છે કે નુઝૂલ (ઉતરવા)થી મુરાદ સર્વોત્તમ, ખુલાસો, ક઼બૂલ અને ઉપકાર ફર્માવવો છે.

ઈમામ વાસેતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અહીં જેણે એ ગુમાન કર્યું કે તે હક઼ીક઼તમાં જાતના સાથે નિકટ થાય છે ત્યારે આ અંતરને ધ્યાનમાં લેતાં નજીક બતાવવું છે. જો કે જાતને ધ્યાનમાં લેતા હક઼્ક઼ તઆલા જેટલા સમીપ (હોવાનો દાવેદાર) થયો તે એટલો જ હક઼ીક઼તને સમજવાથી દૂર થઈ ગયો કેમ કે બારી તઆલાની ઝાતના માટે સમીપતા અને દૂરી પ્રથમથી નથી.

અલ્લાહ તઆલાનું ફર્માન قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰی માં જેણે આ ઝમીર (વાહિદ ગાઈબ)ને અલ્લાહના તરફ લાગુ કર્યું છે. અને હઝરત જિબ્રઈલ علیہ السلامની તરફ રાજેહ કરેલ નથી, ત્યારે તેનાથી મુરાદ એ છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمને અંતિમ મહાનતાથી સન્માનિત કરવું છે. અને નિકટતા જે ખુદાની તરફથી છે (જેવું કે કેટલીક રિવાયતમાં આવી ગયેલ છે) ત્યારે આ સ્વીકૃતિ, અભિલાષા, અલ્લાહની મરજીના હેતુઓ, ઉપકાર પ્રગટ કરવો અને પ્રતિષ્ઠા અને અધિકારની ઉન્નતિને ઉચ્ચતર કરી દેવાનું વિધાન છે.

આવા નિકટતાવાળા અલ્લાહ તઆલાના ઈર્શાદની એ જ તાવીલ કરવામાં આવશે જે અલ્લાહ તઆલાનો ઈર્શાદ, **"જે એક વેંત મારા તરફ આવે હું એક હાથ તેના નજીક થઈ જાઉં છું અને જેઓ મારી તરફ ચાલીને આવે તો હું તેની તરફ દોડીને આવું છું."** અહીં નિકટતાથી સ્વીકૃતિ, ક઼બૂલાત, અહેસાન તથા કરમ ફર્માવવું અને મુરાદોથી જલ્દીથી જલ્દી ઝોલીઓ ભરી દેવી મુરાદ છે.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. ઘાંચી ડોક્ટર યુવતી** : જન્મ તા. ૭–૮–૧૯૮૧, એજ્યુ. M.D. (ગાયનેક) હાલ મુસ્લિમ ટ્રસ્ટ હોસ્પિટલમાં સર્વિસ, પગાર : રૂા. ૬૦,૦૦૦/– (જૂનાગઢ તરફ) પસંદગી સુન્ની ડો. M.D., M.S. અથવા ઉચ્ચ ડિગ્રી એંજિનિયર (સિવિલ, મેક. એમ. ટેક) C.A. વગેરે. સંપર્ક નં. ૯૭૧૪૮૦૦૭૩૮

**૨. શાહ યુવતી** : જન્મ તા. ૨૫–૧૨–૧૯૭૯, ઊંચાઈ : ૫.૫', એજ્યુ. B.Com, કોમ્પ્યુટર, ભાષા : ઈંગ્લિશ, હિંદી, ગુજરાતી, મરાઠી તથા ઉર્દૂ (મુંબઈ તરફ) સંપર્ક મોબાઈલ નં. ૯૨૨૧૨૩૪૮૩૨

**૩. પટેલ યુવતી** : ઉંમર યુવતી : ૨૩ વર્ષ, એજ્યુ. : P.T.C. પાસ, ખાનગી ટ્રસ્ટમાં શિક્ષકા (પાલેજ તરફ)

**૪. શેખ યુવક** : ઉંમર : ૨૯ વર્ષ, સ્વતંત્ર ટેલરીંગ કામ, દીનદાર છોકરી જોઈએ. (પાલેજ તરફ)

**૫. શેખ યુવતી** : ઉંમર : ૨૪ વર્ષ, M. Com, B.Ed., મો. ૯૮૯૮૩૭૨૪૫૬ (સુરત તરફ)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

# મીલાદુન્નબી ﷺ ફુકહાએ કિરામ તથા મુહદ્દિષોની દષ્ટિએ

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ**
**સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !**

ઈદોની ઈદ એટલે કે ઈદે મીલાદુન્નબી ﷺને ઈસ્લામમાં ઘણી ફઝીલત તથા મહત્વતા પ્રાપ્ત છે, કેમ ન હોય ?! આ મહીનામાં જાને આલમ, શાને જહાં, મુખ્તારે દો આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો પવિત્ર જન્મ થયો. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના મહબૂબ નબીએ આખેરુઝ્ઝમાં ﷺને માનવજાત માટે હિદાયત, મગફિરત, રહ્મત તથા મહેરબાનીનો મૂળ સબબ તથા કયામતમાં શફાઅત કરનાર બનાવીને દુનિયામાં મોકલ્યા છે.

અલ્લાહ તઆલા કુર્આને અઝીમમાં ફર્માવે છે : બેશક્ ! તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી તે રસૂલ જેમને તમારું તકલીફમાં પડવું કષ્ટદાયક છે. તમારી ભલાઈના અત્યંત ચાહનાર મુસલમાનો ઉપર બેહદ મહેરબાન છે." *(સૂ. તૌબા, આયત–૧૨૮)*

આ ઉપરાંત અલ્લાહ તઆલા ફર્માવે છે : "પછી જો તમારી પાસે મારા તરફથી કોઈ હિદાયત આવે તો જે મારી હિદાયતની પેરવી કરનાર બન્યો તો તેને ન કોઈ ભય ન કોઈ રંજ અને જે કુફ્ર કરશે અને મારી આયતોને જૂઠલાવશે તે દોઝખવાળા છે તેમને હમેશાં તેમાં રહેવાનું છે." *(સૂ. બક્રહ, આ. ૩૮, ૩૯)*

તેમજ બીજી જગ્યાએ અલ્લાહ તઆલા ફર્માવે છે : "અમે તમારામાં મોકલ્યા એક રસૂલ તમારામાંથી કે (તે) તમારી પાસે અમારી આયતોની તિલાવત ફર્માવે છે, અને (તે રસૂલ) તમને પાક કરે છે (શિર્ક, કુફ્ર તથા ગુનાહોની ગંદકીથી) અને કિતાબ તથા પાકો ઈલ્મ શીખવાડે છે અને તમને તે તા'લીમ આપે છે જેનો તમને ઈલ્મ ન હતો." *(સૂ. બક્રહ, આ. ૧૫૧)*

રસૂલુલ્લાહ ﷺની સર્વવ્યાપી જાત સંપૂર્ણ ખૂબીઓ તથા કમાલોની માલિક હતી. અને કેમ ન હોય કે તે મહબૂબે રબ્બિલ આલમીન ﷺ સમગ્ર જગતની રચનાનું મૂળ કારણ છે, જેમના શુભ અસ્તિત્વના સદકામાં સંપૂર્ણ જગતને અસ્તિત્વ મળ્યું. ચાંદ, સૂરજ, વનસ્પતિ, પથ્થર, ધરતી, પાણી... વગેરે તમામે તમામને આ જ મુહમ્મદ ﷺના વસીલાથી અસ્તિત્વ મળ્યું. જેમનું ઝિક્રે જમીલ (પ્રશંસાભર્યું વર્ણન) ખૂદ તેમનો પેદા કરનાર તથા માલિક આ રીતે બયાન કરે છે કે, "અને અમે તમારા માટે તમારું ઝિક્ર ઊંચું (બુલંદ) કરી આપ્યું. *(સૂ. અલમ નશ્રહ, આ. ૪)*

આ ઉપરાંત ફર્માવે છે, "અને બેશક ! પાછલી (આવનાર ઘડી) તમારા માટે પહેલી ઘડીથી બેહતર છે. અને બેશક ! નજીકમાં જ તમારો પાલનહાર તમને એટલું આપશે કે તમે રાજી થઈ જશો." *(સૂ. વદ્દુહ, આ. ૪૫)*

વિના કોઈ સંકોચે પ્યારા મુસ્તફા ﷺનું ઝિક્ર એક ઈબાદત છે અને આ જ ઈમાની હકીકત છે તથા સાચુ ઈમાન છે, જ્યારે ખુદા પોતાના પ્યારા મહબૂબની મીલાદ બયાન કરી રહ્યો છે તો એ સુન્નતે ઈલાહિયા પણ થઈ. હવે જો કોઈ ઉદ્ધત, નીડર તથા બેશરમ મીલાદુન્નબી ﷺનો ઈન્કાર કરે અને મીલાદે મુહમ્મદી ﷺને બિદઅત તથા શિર્કથી સંબોધે તો તે પોતે સૌથી મોટો મરદૂદ તથા રહમતે ઈલાહીથી દૂર છે.

અહીંયાં અમે મીલાદુન્નબી ﷺ જાઈઝ તથા મુસ્તહબ હોવા અંગે ફુકહાએ કિરામ તથા મુહદ્દિષોના

મંતવ્યો તથા મીલાદ સંબંધિત તેમના અક઼ીદાઓ નકલ કરીએ છીએ જેથી એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઈ જાય કે મીલાદુન્નબી ﷺ મનાવવું બિદઅત નથી. જો બિદઅત હોત (જેમ કે ઈદે મીલાદનો ઈન્કાર કરનાર વહાબીઓ દેવબંદીઓનું કહેવું છે) તો સૌથી પહેલાં તે હસ્તીઓ જેમણે મીલાદને ઘણી શાન તથા આયોજનપૂર્વક મનાવી છે તેઓ મુશ્રિક બની ગયા, જેમણે મીલાદની મેહફિલોમાં શરીક થવા તથા હાજર રહેવાને ખૈરો બરકતનું કારણ બતાવ્યું છે. હવે મીલાદનો ઈન્કાર કરનારાઓએ વિચારવું જોઈએ કે તેઓ આવા મહાન મુહદ્દિષો તથા ફક઼ીહો વિશે શું કહે છે ? જેમની હદીષો તથા અક઼વાલનો તેઓ વાત વાત ઉપર હવાલો આપે છે, જેઓ કુર્આન, તફસીર, ફિક઼્હ તથા હદીષને સમજવામાં આજના વહાબી, દેવબંદી કરતાં પણ અધિક્તર તથા સંપૂર્ણ બસીરત (દૃષ્ટિ) તથા ક્ષમતા ધરાવતા હતા અને દીને મુસ્તફા ﷺના સાચા રક્ષક હતા.

### મુહદ્દિષે ઈમામ ઈબ્ને જવઝી رحمۃ اللہ علیہ
### *(હિ.સ. ૫૧૦–૫૭૯, ઈ.સ. ૧૧૧૬–૧૨૦૧)*

ઈમામ ઈબ્ને જવઝી ફર્માવે છે : "હમેશાં મક્કા મુકર્રમા, મદીના તયૈબા, મિસ્ર (ઈજિપ્ત), શામ (સીરિયા), યમન (ઓમાન) સારાંશ કે પૂર્વથી લઈને પશ્ચિમ સુધીના તમામ અરબ શહેરીઓ મીલાદુન્નબી ﷺની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. જ્યારે તેઓ રબીઉલ અવ્વલનો ચાંદ જુએ છે તો તેમની ખુશીની કોઈ હદ નથી રહેતી, એ પ્રમાણે મીલાદનુ ઝિક્ર (ચર્ચા) પઢવા તથા સાંભળવા માટે તેઓ વિશેષ આયોજન કરે છે અને અસંખ્ય સવાબ તથા કામયાબી પ્રાપ્ત કરે છે." *(અલ્ મીલાદુન્નબવી, પેજ–૫૮)*

### મુહદ્દિષે કબીર ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ
### *(હિ.સ. ૭૭૩–૮૫૨, ઈ.સ. ૧૩૭૨–૧૪૪૯)*

શૈખુલ ઈસ્લામ, હાફિઝુલ્ અસ્ર, અબુલ્ ફઝ્લ ઈબ્ને હજર અસ્કલાનીને મીલાદ શરીફના અમલ વિશે પૂછવામાં આવ્યું તો આપે તેનો જવાબ કાંઈક આ પ્રમાણે આપ્યો, "મને મીલાદ શરીફ વિશે અસલ તખ્રીજ (હદીષનું સંશોધન) માલૂમ થઈ જે સહીહૈન (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)થી સાબિત છે કે હુઝૂર નબી કરીમ ﷺ જ્યારે મદીનામાં તશરીફ લાવ્યા તો આપ ﷺએ યહૂદીઓને આશૂરાના દિવસે રોઝો રાખતા જોયા. આપ ﷺએ તેઓને પૂછયું કે આવું કેમ કરો છો ? તો તેઓએ અરજ કરી કે આ દિવસે અલ્લાહ તઆલાએ ફિરઔનને ગર્ક કર્યો અને મૂસા ﷺને છૂટકારો આપ્યો. અમે અલ્લાહની બારગાહમાં શુક્ર બજાવી લાવવા માટે આ દિવસનો રોઝો રાખીએ છીએ. આ હદીષે પાકથી સાબિત થયું કે કોઈ ચોક્કસ દિવસમાં અલ્લાહ તઆલા તરફથી કોઈ ઈનામ તથા એહસાન પ્રાપ્ત થવાના બદલામાં તથા કોઈ મુસીબત ટળી જવાના બદલામાં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ અને દર વર્ષે આ દિવસની યાદ તાજી કરવી પણ અતિ યોગ્ય છે. અલ્લાહ તઆલાનો શુક્ર નમાઝ, સજદા, રોઝા, સદક઼ા, તિલાવતે કુર્આન તથા અન્ય ઈબાદતો દ્વારા અદા કરી શકાય છે અને હુઝૂર નબીએ રહમત ﷺની વિલાદતથી વધીને અલ્લાહની નેઅમતોમાંથી કઈ નેઅમત છે ?!" *(સુયૂતિ, હુસ્નુલ્ મક઼ાસિદ ફી અમલિલ્ મવલૂદ, ૬)*

### ઈમામ શમ્સુદ્દીન સખાવી رحمۃ اللہ علیہ
### *(હિ.સ. ૮૩૧–૯૦૨, ઈ.સ. ૧૪૨૭–૧૪૯૩)*

મેહફિલે મીલાદુન્નબી ﷺ ત્રણ યુગો (ઈસ્લામમાં ખુલ્ફાએ રાશેદીનનો યુગ, તાબઈઓનો યુગ, તબ્એ તાબઈઓનો યુગ) પછી માત્ર નેક મક઼સદ ખાતર શરૂ થઈ અને જ્યાં સુધી તેના આયોજનમાં નિય્યતનો સંબંધ છે તો તે ઈખ્લાસ (નિખાલસતા) પર આધારિત હતી. ત્યારબાદ હમેશાંથી તમામ અહલે ઈસ્લામ તમામ દેશોમાં તથા મોટા મોટા શહેરોમાં આપ ﷺની વિલાદતે બાસઆદત (શુભ જન્મ)ના મહિનામાં મીલાદની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. અને આ પરંપરા તથા સન્માનને ઉત્તમ મહેમાનગીરી તથા સુંદર દસ્તરખાનો દ્વારા બાકી રાખી અને અત્યારે પણ મીલાદના મહિનાની રાતોમાં અલગ અલગ રીતે સદક઼ાઓ તથા ખૈરાતો આપે છે અને ખુશીઓ વ્યક્ત કરે છે અને વધુથી વધુ નેકીઓ કરે છે, બલ્કે માહે મીલાદુન્નબી ﷺના નજીક આવતાંની સાથે જ વિશેષ આયોજનનો પ્રારંભ કરી દે છે. અને પરિણામમાં આ પવિત્ર મહીનાની બરકતો અલ્લાહ તઆલાના અઝીમ ફઝ્લ (મહાન કૃપા)ના રૂપમાં તેમના ઉપર પ્રગટ થાય

છે. આ વાત પ્રેક્ટિકલી અમલ દ્વારા સાબિત છે. જેમ કે ઈમામ શમ્સુદ્દીન ઈબ્ને અલ્ જઝરી અલ્મકરીએ બયાન કર્યું કે, "મીલાદના મહીનામાં તે વર્ષે સંપૂર્ણ રીતે હિફાઝત, અમન તથા સલામતી રહે છે અને ઉમ્મીદો પૂરી થવાની ખુશખબરી ઘણી વહેલી તકે મળે છે." *(મુલ્લા અલી કારી, મવરૂદુર્રવી ફી મવલદિન્નબી, પેજ. ૧૨, ૧૩)*

### મુહદ્દિષ ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہ

"હમેશાંથી મુસલમાનો હુઝૂર ﷺની બાબરકત વિલાદતના મહિનામાં મીલાદની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. ભોજન (પકાવીને) ખવડાવે છે અને રબીઉલ અવ્વલની રાતોમાં સદકાઓ (દાન) ખૈરાતોની તમામ આવશ્યક પદ્ધતિઓ અપનાવે છે, આનંદ વ્યક્ત કરે છે અને નેકીઓમાં વધારો કરે છે. મીલાદ શરીફની ચર્ચાઓ કરવામાં આવે છે. દરેક મુસલમાન મીલાદ શરીફની બરકતોથી દરેક રીતે ફૈઝયાબ થાય છે. મીલાદુન્નબી ﷺ સંબંધિત અનુભવ થયેલ વાતોમાંથી એક એ પણ છે કે જે વર્ષે મીલાદ મનાવવામાં આવે તે વર્ષ અમન (શાંતિ)થી પસાર થાય છે. આ ઉપરાંત આ (નેક અમલ) નેક મકસદો તથા દિલી ખ્વાહિશો જલ્દીથી પૂરી થવા અંગે ખુશખબરી છે. અલ્લાહ તઆલા તે શખ્સ ઉપર રહમ ફર્માવે જેણે માહે મીલાદની રાતોને (પણ) ઈદની જેમ ઉજવીને તેવા વ્યક્તિની બીમારીની પીડામાં વધારો કર્યો જેના દિલમાં (રસૂલુલ્લાહ ﷺની દુશ્મનીના કારણે પહેલાંથી જ ખતરનાક) બીમારી છે." *(કસ્તલાની, અલ્ મવાહિબુલ્ લદુન્નિયા, ૧/૧૪૭)*

### મુહદ્દિષ ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ

"અમારે ત્યાં મીલાદ તથા ઝિક્રની જે મેહફિલો યોજવામાં આવે છે તે અધિક્તર ભલા કામો (નેક કામો) ઉપર આધારિત હોય છે, જેમ કે તેમાં ઝિક્ર કરવામાં આવે છે, હુઝૂર ﷺ ઉપર દુરૂદો સલામ પઢવામાં આવે છે, અને સદકાઓ (દાન) આપવામાં આવે છે એટલે કે ગરીબોની મદદ કરવામાં આવે છે." *(ઈબ્ને હજર મક્કી, ફતાવા હદીષિયા, પેજ-૧૨૯)*

### ફકીહ મુહદ્દિષ મૌલાના ઉષ્માન દિમ્યાતી رحمۃ اللہ علیہ

"મૌલુદ શરીફ પઢવામાં સૈયદુલ્ મુરસલીનની વિલાદતના ઝિક્ર સમયે હુઝૂર ﷺની તા'ઝીમ તથા સન્માનમાં કયામ કરવો (ઉભા થવું) બેશક ! મુસ્તહબ તથા જાઈઝ છે, જેના કરનારને (તા'ઝીમમાં ઊભા થનારને) ઘણો સવાબ તથા (અલ્લાહની) મહાન મહેરબાની પ્રાપ્ત થશે. કેમ કે તે તા'ઝીમ છે અને કોની તા'ઝીમ ?! એ નબીએ કરીમ, સાહિબે ખુલ્કે અઝીમ ﷺની જેમની બરકતથી અલ્લાહ સુબ્હાનહૂ તઆલા આપણને કુફ્રના અંધકારોમાંથી ઈમાનના નૂર (પ્રકાશ) તરફ લાવ્યો. અને તેમના વસીલાથી આપણને જહાલતની દોઝખ (અજ્ઞાનતાની ખાડી)થી બચાવીને માઅરેફત તથા યકીન (ઈમાન)ની જન્નતમાં દાખલ ફર્માવી આપ્યા. તો હુઝૂર ﷺની તા'ઝીમમાં (ઊભા થવું) રબ્બુલ્ આલમીનની ખુશનૂદી તરફ દોડવું છે, અને દીનની અતિ શક્તિવાળી (ખૂબ જ મહત્વની) નિશાનીનું પ્રગટ થવું છે, અને જે તા'ઝીમ કરે અલ્લાહની નિશાનીઓની તો તે દિલોની પરહેઝગારીમાંથી છે અને (જે) તા'ઝીમ કરે ખુદાની અઝમતોની (અલ્લાહ તઆલાએ ઈજ્જત આપેલી ચીજોની) તો એ તેના માટે તેના રબને ત્યાં બેહતર છે." *(ફતાવા રઝવિય્યા, ભાગ-૧૨, પેજ-૬૨)*

### ઈમામ અલ્લામા મુદાલકી رحمۃ اللہ علیہ

"કૌમની આદત બની ગઈ છે કે રસૂલુલ્લાહ ﷺની તારીફ તથા પ્રંશસા કરનાર (મીલાદ પઢનાર) જ્યારે હુઝૂર ﷺની મીલાદ (વિલાદત)ના ઝિક્ર સુધી પહોંચે છે તો લોકો ઊભા થઈ જાય છે. અને આ બિદઅતે મુસ્તહબ્બા છે કે તેમાં નબી ﷺના પવિત્ર જન્મ ઉપર ખુશી મનાવવું તથા હુઝૂર ﷺની તા'ઝીમને જાહેર કરવું છે." *(હવાલો ઉપર મુજબ, પેજ-૬૩)*

### ખાતિમુલ મુહદ્દિષીન અલ્લામા સૈયદ અહમદ ઝયની દહલાન મક્કી رحمۃ اللہ علیہ

"આપ ﷺની તા'ઝીમનો મતલબ એ છે કે હુઝૂરની પૈદાઈશની રાતની ખુશી મનાવવી અને મૌલૂદ શરીફ પઢવું તથા વિલાદતે અકદસ ﷺના ઝિક્ર સમયે ઊભા થવું તથા મજલિસ શરીફમાં હાજર રહેનારાઓને ખાવા ખવડાવવું તથા તેના સિવાય અન્ય નેકીનાં કામો કરવાં જે મુસલમાનોમાં પ્રચલિત છે કે આ બધુ નબી ﷺની તા'ઝીમમાં છે અને આ મસ્અલો મજલિસે

મીલાદ તથા તેના સંબંધિત કામોનો એવો છે કે જેના વિષયમાં આખી આખી કિતાબો લખાયેલ છે અને કેટલાયે ઉલમાએ તેનું ભવ્ય આયોજન કર્યું છે અને દલીલો તથા ઠોસ પુરાવાઓથી ભરપૂર કિતાબ આ વિષયમાં સંપાદન ફર્માવી છે જેથી આપણે આ મસ્અલામાં લાંબી ચર્ચા કરવાની જરૂરત નથી.'' *(અદ્દુર્રસ્સુન્નિયા ફી ર્રદ્દિ અલલ્ વહાબિયા, ૧૮)*

## અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ

રસૂલુલ્લાહ ﷺની મીલાદ શરીફને સાંભળવા માટે એકઠા થવું મોટી ઈબાદતોમાંથી (એક) છે. કેમ કે મીલાદ શરીફમાં રસૂલુલ્લાહ ﷺ ઉપર વધુથી વધુ સંખ્યામાં દુરૂદો સલામ પઢવામાં આવે છે. અને અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ ﷺનું વારંવાર ઝિક્ર થાય છે અને આપનું ઝિક્ર આપની મહોબ્બત તથા નઝીદીકીનો સબબ છે. અને જલીલુલ કદર ઉલમાએ સ્પષ્ટતા કરી છે કે જે વરસે મીલાદ શરીફ મનાવવામાં આવે તે વરસે અમન રહે છે અને મક્સદોમાં કામયાબીની જલ્દીથી બશારત મળે છે. જેમ કે ઈબ્ને અલ્ જઝરીએ સ્પષ્ટતા કરી છે તેને અલ્લામા જલીએ પોતાની કિતાબ ''સીરત''માં નકલ કર્યું છે. એ જ પ્રમાણે અલ્લામા ઈબ્ને હજર હૈતમી મક્કીએ પોતાની પુસ્તિકા ''મવલદ''માં અને અલ્લામા કસ્તલાનીએ મવાહિબમાં વર્ણન કર્યું છે. અને તે દરેક વ્યક્તિ આપ ﷺની મહોબ્બતમાં સાચો છે તેના માટે યોગ્ય છે કે તે મીલાદુન્નબી ﷺના મહીનમાં ખુશી મનાવે અને રસૂલુલ્લાહ ﷺની વિલાદતે મુબારકા માટે મેહફિલનું આયોજન કરે, જેમાં સહીહ હદીષો દ્વારા આપની વિલાદતના બનાવો બયાન કરવામાં આવે. અને અલ્લાહના ફઝ્લથી ઉમ્મીદ છે કે આવી (મીલાદ મનાવનાર) વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺની શફાઅતથી નેક લોકોના ગિરોહમાં દાખલ થશે અને જે વ્યક્તિના શરીરમાં આપની મહોબ્બત પ્રવેશી તથા પ્રસરી જાય તે શરીર ઈન્શાઅલ્લાહ ! સડો નહીં પામે. અને આપ ﷺની શફાઅત માત્ર તેને જ પ્રાપ્ત થશે જે આપ ﷺની સાથે મહોબ્બત ધરાવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે વ્યક્તિ જેની સાથે મહોબ્બત કરે છે તે તેની સાથે જ રહેશે.'' અલ્લાહ તઆલા તે શખ્સ ઉપર રહમત ફર્માવે જેણે મીલાદે મુબારકની રાતોને ઈદ બનાવી લીધી અને એ રાતોમાં તે માત્ર આપ ﷺ ઉપર વધુથી વધુ સંખ્યામાં સલાતો સલામ પઢવામાં આવે તો આ પણ પૂરતુ છે.'' *(શરહે અલ્ મવલદ્દલિ ઈબ્ને હજર, જવાહિરુલ બિહાર, ભાગ-૩, પેજ-૩૪૦ના હવાલાથી)*

## મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ

મેહફિલે મીલાદનો ઈજતેમા (મેહફિલે મીલાદ માટે એકઠા થવું) દીનની તબ્લીગનો સૌથી મોટો આધાર છે. અને ઉલમાએ કિરામે જોઈએ કે તેઓ આવી મેહફિલોમાં નબી ﷺના અખ્લાક, આદાબ, આપ ﷺની સીરત, આપના વ્યવહારો તથા આપની ઈબાદતોનું બયાન કરે, અને લોકોને આપની સીરત ઉપર અમલ કરવાની નસીહત કરે. અને જે લોકો આવા ઈજતેમાઓથી દીનની તબ્લીગનો ફાયદો નથી ઉઠાવતા તેઓ મેહફિલે મીલાદની બરકતો તથા ભલાઈઓથી મેહરૂમ છે.'' *(અલ્ મવલુદુર્રવી ફી મવલિદન્નબી, પેજ-૮૭૭)*

## અલ્લામા શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

હમેશાંથી મુસલમાનોનો આ દસ્તૂર રહ્યો છે કે રબીઉલ અવ્વલના મહિનામાં મીલાદની મેહફિલો કાયમ કરે છે, સદકાઓ, ખૈરાતો તથા ખુશીઓ વ્યક્ત કરવા માટે (ભવ્ય) આયોજન કરે છે. તેમની કોશિશ એ હોય છે કે આ દિવસો માટે વધુથી વધુ નેક કામો કરે. આ જ અવસર પર તેઓ વિલાદતે બાસઆદતના વાકિઆ પણ બયાન કરે છે.'' *(માષબત મિનસ્સુન્નહ, પેજ-૬૦)*

## હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہ

''આપણા ઉલમા મૌલૂદ શરીફના વિશે ઘણો ઝઘડો કરે છે જ્યારે કે ઉલમા તેના જાઈઝ હોવા તરફ પણ ગયા છે. જ્યારે જાઈઝ હોવાની સ્થિતિ મૌજૂદ છે તો પછી કેમ આવી સખ્તાઈ કરે છે ? અને આપણા માટે હરમૈન (મક્કા મુઅઝ્ઝમા, મદીના તૈયબા)ની પૈરવી કાફી છે. હા ! કયામતના સમયે અકીદો તવલ્લુદ (પૈદાઈશ)નો ન કરવો જોઈએ, જો આયોજન આગમન માટે કરવામાં આવે તો કોઈ વાંધો નથી, કેમ કે આલમે ખલ્ક (દુનિય) સમય તથા જગ્યાથી સંબંધિત છે અને આલમે અમ્ર (રૂહોની દુનિયા) બંનેથી પાક છે, તો પછી ઝાતે બાબરકતનું તશરીફ લાવવું

અસંભવ નથી." *(શમાઈલે ઈમદાદિયા, ૯૪)*

આ ઉપરાંત અન્ય એક જગ્યાએ પોતાનો મઝહબ બયાન કરતાં લખે છે, "અને ફકીરનો (હાજી સાહબનો) મઝહબ એ છે કે મેહફિલે મીલાદમાં શરીફ થાઉં છું બલ્કે બરકતોનો સબબ જાણીને દર વરસે આયોજન કરું છું અને કયામમાં (ઊભા થવામાં) આનંદ તથા લિજ્જત પામુ છું." *(ફૈસલા હફ્ત મસ્અલા, પેજ-૧૧૧)*

પ્રિય વાંચકો ! અલ્લાહ ﷻનો કરમ અને બારમીવાળા સરકાર ﷺના સદકામાં ૧૨ મહાનતમ ઉલ્મા, ફુકહા તથા મુહદ્દિષીને કિરામના કથનો અત્રે રજૂ કર્યા, હવે ફૈસલો આપના હાથમાં છે કે હક્ક શું છે ? અને બાતિલ શું છે ?

અલ્હમ્દુલિલ્લાહ ! એહલે સુન્નત વલ જમાઅતનો એ જ અકીદો છે કે સરકારે દો આલમ ﷺની મીલાદ મનાવવી જાઈઝ તથા મુસ્તહસન છે, સવાબનું કાર્ય અને બરકતોનું કારણ છે. અને દેવબંદી પેશવાઓના શૈખે તરીકત હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી રહમતુલ્લાહ અલૈહનું કથન આપણે જોયું કે આપ મૌલુદમાં કયામ (ઊભા થવા)ને જાઈઝ સમજતા હતા, પરંતુ આપના નાખલફ (કપૂત) ખલીફાઓ અને મુરીદો પોતાના પીરના કથન અને અમલથી વિરુદ્ધ કહેતા અને કરતા જોવામાં આવે છે અને મેહફિલે મીલાદુન્નબી ﷺને શિર્ક તથા બિદઅત કહે છે. અલ્લાહ તઆલા સુન્ની સહીહુલ અકીદા મુસલમાનોને અંગ્રેજના આવા નમકખોરોથી બચાવે કે જે નબીનો કલ્મો પઢે છે ! અને તેમની જ શાનમાં ગુસ્તાખી અને તૌહીન કરીને પોતે મુસલમાન હોવાના દાવા કરે છે !

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી રહમતુલ્લાહ અલૈહના બે કથનો આપણે જોયાં, જરા કોઈ વહાબી દેવબંદીને પૂછશો કે હઝરત ઈમ્દાદુલ્લાહ મક્કી કોણ છે ?! આપ સુન્ની સહીહુલ અકીદા આલિમે શરીઅત અને આમિલે તરીકત બુઝુર્ગ હતા, જેમને દેવબંદીઓ, વહાબીઓ પણ પોતાના પીર માને છે. પીરનો અકીદો તો આપણે જોયો, તેના વિરુદ્ધ દેવબંદીઓ, વહાબીઓ બૂમબરાડા પાડીને પોતાના પીરો મુર્શિદના અકીદાને પણ શિર્ક બિદઅત કહેવાથી અચકાતા નથી જણાયું કે શૈતાનના આ શિષ્યો પોતાના પીરના પણ વફાદાર નથી ! એમને તો અંગ્રેજ સરકારની જ ખુશી સૌથી વહાલી છે. કહે છે કે બીજાને ફેંકવા માટે કૂવો ખોદનાર પોતે જ તેમાં પડે છે. એમની સાથે પણ આમ જ બન્યું કે સુન્ની સહીહુલ્ અકીદા મુસલમાનોને "શિર્કિ ! બિદ્દિત ! શિર્કિ ! બિદ્દિત !" કહી મુશ્રિક અને બિદઅતી બનાવવાની કોશિશમાં વહાબી, દેવબંદી જહન્નમી કૂતરાઓ પોતે જ જહન્નમના ઊંડા ખાડામાં ખાબકી પડયા ! કઈ રીતે ?! મીલાદ અને કયામને જાઈઝ માનવું એમના નજીક શિર્ક તથા બિઅદત અને જાઈઝ માનનાર મુશ્રિક તથા બિદઅતી થયા, તો પછી હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી રહમતુલ્લાહ અલૈહને પીર બનાવી તેઓ ક્યાંથી મો'મિન રહ્યા ?!

હવે આ અધર્મીઓના એક શૈતાની અકીદાને એક નજરમાં જોતાં જઈએ :-

જનાબ મૌલ્વી રશીદ અહમદ ગંગોહીએ લખી નાખ્યું :-

> *"ઈન્એકાદે મજલિસે મૌલૂદ બેહૂને કયામ બરિવાયતે સહીહ હરહાલ નાજાઈઝ હૈ. તદાઈ અમ્રે મંદૂબ કે વાસ્તે મના હૈ."* (ફતાવા રશીદિયા, ૨/૯૨)
>
> *(અર્થ) : "મેહફિલે મીલાદનું આયોજન કરવું જેમાં કયામ ન કરવામાં આવે અને (નબી ﷺની પેદાઈશ સંબંધિત) સહીહ રિવાયતો બયાન કરવામાં આવે તો પણ સંદતર નાજાઈઝ છે. મુસ્તહબ કાર્ય માટે લોકોને આવકારવું મના છે."*

આ ગુમરાહોના ગુમરાહ મોલ્વી ખલીલ અહમદ અંબેઠવીએ તો એટલે સુધી લખી દીધું :-

> *"પસ હર રોઝ ઈઆદહ વિલાદત કા તો મિષ્લ હુનૂદ કે સાંગ કન્નયાહ કી વિલાદત કા હર સાલ કરતે હૈં, યા મિષ્લે રવાફિઝ કે નકલે શહાદતે અહલે બૈત હર સાલ બનાતે હૈં. મઆઝલ્લાહ ! સાંગ આપ કી વિલાદત કા ઠહરા ઔર ખૂદ હરકતે કબીહા કાબિલે લવમ વ હરામો ફિસ્ક હૈ. બલ્કે યે લોગ ઈસ કૌમ સે બઢ કર હુવે. વો તો તારીખે મોઅય્યન પર કરતે હૈં ઈન કે યહાં કોઈ કૈદ નહીં જબ ચાહેં યે ખુરાફાતે ફરઝી બનાતે હૈં ઔર ઈસ અમ્ર કી શરઅમેં કહીં નઝીર નહીં."* (બરાહીને કાતિઆ, ૧૪૮)

અલ્લાહની પનાહ ! ક્યાં કનૈયાનું સ્વાંગ અને ક્યાં મીલાદે મુસ્તફા ! ﷺ પોતે ભાતભાતની ખુરાફાત

આચરનારા આ ખુરાફાતીને ઝિક્રે વિલાદતે રસૂલ ﷺ પણ ખુરાફાત દેખાયું. એના અનુસાર અંતમાં એનો પુરાવો નથી એ પણ ખોટુ નથી કારણ કે જ્યારે પોતાનો દીન ધર્મ અને શરમ હયા અંગ્રેજોના હાથે વેચી બેઠા છે તો હવે શરીઅતે મુતહ્હરાના કાયદા કાનૂન, કુર્આનો હદીષની રોશન હિદાયતો, બુઝુર્ગાને દીન અને ફકીહો તથા મુહદ્દિષોના સ્પષ્ટ કથનો, ખૂદ પોતાના પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ મક્કી رحمۃ اللہ علیہની વસિયતો તથા નસીહતો પણ આ અભાગ્ય લોકોને યાદ ન રહી તો એમનામાં દીનની સમજ ક્યાંથી હોઈ શકે ?! સાચે જ કહ્યું છે :–

*''ખુદા જબ દીન લેતા હૈ તો અકલેં છીન લેતા હૈ''*

ઉપરની ગંદી ગુસ્તાખી ભરી લીટીઓમાં ''કૌમ'' શબ્દ વડે અહલે સુન્નત વલ જમાઅતને સંબોધવામાં આવ્યા છે. પોતે તો આ કૌમ (અહલે સુન્નત)માંથી નથી એટલે રાફઝીઓ, હિંદુઓ તો આ પેટના પૂજારીઓ અને દીન ફરોશોની નજરમાં બરાબર છે, પરંતુ સુન્નીઓ જ્યારે રહમતે આલમ ﷺની મીલાદ મનાવે છે તો એમના પેટમાં કીડા સળવળે છે. અલ્લાહના નેક બંદાઓથી હસદ અને જલનની અગ્નિમાં એમના દિલ ધૂમાડા થાય છે, એટલે સુધી કે આ અક્કલના ઓથમીરોને શરીઅતમાં એનુ કોઈ દૃષ્ટાંત નથી જડતું ! આવા દીન ફરોશોથી અલ્લાહ તઆલા સુન્નીઓની હિફાઝત ફર્માવે જે પોતાના નબીના નથી થઈ શકતા એ બીજાના કઈ રીતે થઈ શકે ?! હે ભોળા સુન્નીઓ ! આ વાતોને ઘણા જ ધ્યાપૂર્વક વિચારશો.

મુસ્તનદ (ભરોસાપાત્ર) મુહદ્દિષો તથા ફુકહાએ કિરામના સ્પષ્ટ તથા રોશન લખાણો તથા હિદાયતો વર્ણવ્યા બાદ હવે ચૌદમી સદીની મહાન શખ્સિયત મુજદ્દિદે આ'ઝમ, આ'લા હઝરત, અશ્શાહ ઈમામ અહમદ રઝા કાદરી બરકાતી બરેલ્વી رحمۃ اللہ علیہનું ઈમામ અફરોઝ તથા બાતિલસોઝ (બાતિલને ધ્વસ્ત કરનાર) લખાણ વાંચો જે આપણા તમામ મુસ્તનદ (ભરોસાપાત્ર) ઉલમા તથા ફુકહાના લખાણોનો નિચોડ છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

''મૌલા તઆલા તૌફીક આપે તો અહીંયા (એક) નિષ્પક્ષ લેખક માટે આટલુ કાફી છે. આ બાબરકત કામ એટલે કે હુઝૂર ખૈરુલ અનામ ﷺની વિલાદતના ઝિક્ર સમયે ઊભા થવું સેંકડો વરસોથી ઈસ્લામી આબાદીઓમાં પ્રચલિત તથા મામૂલ (નિયમ) છે. અને અકાબિર ઈમામો તથા ઉલમામાં મકબૂલ તથા નિશ્ચિત થયેલ છે. શરીઅતમાં તેનાથી રોકવું જોવા નથી મળતું. અને શરીઅતના મના કર્યા વિના મના કરવું મરદૂદ (અસ્વિકૃત) છે.

અર્થાત : ''બેશક ! હુકમ અલ્લાહનો જ છે, અને બેશક ! હરામ તે જ છે જેને અલ્લાહ તઆલાએ હરામ કર્યું છે. અને જેના વિશે કાંઈ નથી ફર્માવ્યું તે અલ્લાહ તરફથી માફ છે.'' ખાસ કરીને હરમૈન તૈયબૈન (મક્કા મુઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરા) કે જે ઈમાન તથા દીનનું કેન્દ્ર તથા મર્કઝ છે, ત્યાંના અકાબિર ઉલમા તથા ચારેવ મઝહબના મુફતીઓ મુદ્દતોથી આ કાર્ય (મીલાદ) કરનારા તથા (જાઈઝ) કહેનારા છે. ભરોસાપાત્ર ઈમામોએ તેને હરામ નથી ફર્માવ્યું બલ્કે નિશ્ચિત રીતે મુસ્તહબ તથા જાઈઝ ઠરાવ્યું છે.'' *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૬૦)*

પ્યારા વાંચકો ! કેવા પ્યાર તથા પ્રેમભર્યા લખાણથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સમજાવી રહ્યા છે, તો પણ અમુક લોકો આપને (આ'લા હઝરતને) દીનમાં કટ્ટરવાદી કહે છે ! હા ! આપ (આ'લા હઝરત) અતિ સખત (કટ્ટરવાદી) દીનના દુશ્મનો પર, ખુદા વ રસૂલના દુશ્મનો તથા ગુસ્તાખો ઉપર હતા પરંતુ પોતાનાઓ માટે અદનાથી અદના સુન્ની માટે અતિ મહેરબાન હતા. તેમનું દિલ ઈશ્કે રસૂલ ﷺનો ખજાનો હતું. આપ (આ'લા હઝરત) દરેક વ્યક્તિને આ રંગમાં રંગાયેલા જોવા માંગતા હતા જેમ કે, પોતાના નઅતિયા દીવાના ''હદાઈકે બખ્શિશ''માં ફર્માવે છે :–

*નૂરે ઈલાહ ક્યા હૈ મહબ્બત હબીબ કી*
*જિસ દિલમેં યે ન હો વો જગા ખૂકો ખર કી હૈ*
*બે ઉન કે વાસ્તે ખુદા કુછ અતા કરે*
*હાશા ! ગલત ગલત, યે હવસ બે બસર કી હૈ*

પ્યારા વાંચકો ! હકીકતો તથા પુરાવાઓ આપની નજરો સમક્ષ છે, ફેંસલો તમારે જ કરવાનો છે કે શરીઅતની પેરવી ક્યાં છે ? અને નફસ તથા તબીઅતની પેરવી ક્યાં છે ? *(જાન્યુ. થી માર્ચ–૨૦૧૦, સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક)*



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃ اللہ تعالی علیھم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ખુશ ખબર ! : "બરકાતે ખ્વાજા"** (માસિક)ના વાંચકોને એ જાણીને આનંદ થશે કે આપણુ પ્યારુ આ રૂહાની માસિક મહાન રૂહાની બુઝુર્ગોના ફયૂઝાનથી વાંચકોને માલામાલ કરવા આ નવી કોલમ શરૂ કરી રહ્યું છે જેમાં હિંદુસ્તાનભરમાં ઈસ્લામની રોશની જેમણે પોતાની કરામતો તથા અખ્લાકે હસના વડે ઝગમગાવી દીધી તે મહાન રૂહાની સિલસિલાએ ચિશ્તિયાના મહાન બુઝુર્ગોનાં કથનો રજૂ કરવામાં આવશે જેને દિલની આંખો વડે વાંચશો. જો તમે સાચા અર્થમાં બુઝુર્ગોના ચાહક છો, કેવળ ઝબાની તથા ન્યાઝ ખાવા સુધીના આશિક઼ નથી પણ ખરેખર તેમના પર જાન નિછાવર કરનારા ગુલામ છો તો તેમની વાતોને ધ્યાનથી વાંચો અને **તમારી જાતને જ પ્રશ્ન કરી લો કે શું એ બુઝુર્ગોના કથનાનુસાર તમે જીવો છો ?** જો દિલમાંથી **જવાબ "હા"માં આવે** તો તમે **સાચા આશિક઼** છો અને **"ના"માં આવે તો તૌબા કરીને** સાચા ગુલામે ખ્વાજા, આશિકે ખ્વાજગાન બનવા કોશિશ કરશો. અને સાચા સૂફી તથા વલી કેવા હોય છે તે પણ આ મહાન સૂફી બુઝુર્ગોનાં કથનો પરથી સમજી લો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માની હારૂની رحمۃ اللہ علیہ

*(રજૂકર્તા : હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

### -:: (મજલિસ-૧) : ઈમાન વિશે ::-

પ્રથમ મજલિસમાં ઈમાનનું વર્ણન થયું. આપે (હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "ઈમાન ઉઘાડુ છે અને તેનો લિબાસ પરહેઝગારી છે અને તેનું સિરહાનુ ફક઼ (ફક઼ીરી) છે અને તેની દવા ઈલ્મ છે. અને આ વાતની ગવાહી **લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** પર ઈમાન છે. અને આપે કહ્યું, હે મુસલમાનો ! ઈમાન વધઘટ નથી થઈ શકતું. અને જે શખ્સ ઈન્કાર કરે છે તે પોતે પોતાના પર જુલ્મ કરે છે.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના માટે હુકમ આવ્યો કે જાવ ! કાફિરોથી જંગ કરો ત્યાં સુધી કે કહે, **લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** (નથી કોઈ મઅબૂદ એટલે પૂજ્ય–પૂજનીય–ઈબાદતને પાત્ર સિવાય અલ્લાહ અને મુહમ્મદ صلی اللہ علیہ وسلم અલ્લાહના રસૂલ છે) જે નબી રસૂલે ખુદાએ કાફિરોથી જંગ કરી, તેમણે ગવાહી આપી કે ખુદા એક છે. પછી નમાઝનો હુકમ આપ્યો તેમણે કબૂલ કર્યો, પછી રોઝા, હજ્જ તથા ઝકાતનો હુકમ આપ્યો એ પણ તેમણે કબૂલ કર્યો અને મહાન ખુદા પર ઈમાન લાવ્યા.

પછી ફર્માવ્યું કે આ સર્વ વાતો ઈમાનને વારંવાર તાજુ કરવા માટે છે, પરંતુ રોઝાથી તથા નમાઝથી ઘટતુ વધતુ નથી, એટલા માટે કે જેણે નમાઝના કેવળ ફર્ઝોને જ અદા કર્યા હોય અને એમાં કોઈ પ્રકારની ઉણપ ન વર્તી તેના માટે ખુદા તઆલા હિસાબ

આસાન કરી આપે છે અને જો ફર્ઝોમાં કોઈ પ્રકારની ઉણપ વર્તી હોય તો ખુદા તઆલા ફરિશ્તાઓને હુકમ આપે છે, કે, જુઓ ! તેણે કોઈ જાણીબુજીને નુકસાન નથી કર્યું અને ઈબાદત કરી છે તો ફર્ઝોના એવજ (બદલામાં) તેને ગણી લો. અને **જો તેણે ફર્ઝો પણ પૂર્ણ અદા નથી કર્યા** અને ન કોઈ નફ્લી ઈબાદત કરી હોય **તો તે દોઝખના લાયક** હોય છે એ શરતે કે ખુદાની રહમત તથા રસૂલુલ્લાહ ﷺની શફાઅત ન હોય. પણ અહલે શરઅ (ઉલમા)નો કૌલ છે કે જે શખ્સ ફર્ઝનો મુન્કિર (નકારનાર) છે તે કાફિર છે. પણ ઈમાનની અસલિયતમાં વધઘટ નથી થતી.

પછી ફર્માવ્યું કે જે શખ્સ નમાઝ અદા નથી કરતો તે આ હદીષ : "જે શખ્સે જાણી જોઈને નમાઝ ત્યજી દીધી તે કાફિર થઈ ગયો." (હનફીઓ નજીક કુફ્રની નજીક તદ્દન પહોંચી ગયો અને ઈમામ શાફઈની નજીક ક઼ત્લ કરવાને પાત્ર છે) હેઠળ કાફિર થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہના "ઉમદા"માં મેં લખેલું જોયું છે કે ખ્વાજા યુસુફ ચિશ્તીથી રિવાયત છે કે જ્યારે **અલસ્તુ બિરબ્બિકુમ** "શું હું તમારો પરવરદિગાર નથી ?"નો અવાજ આવ્યો તો તે વખતે સર્વ મુસલમાન તથા કાફિરોની રૂહો એક જગાએ હતી, અવાજ આવતાં જ તેના ચાર પ્રકાર થઈ ગયા. **પ્રથમ પ્રકાર**ની રૂહો જ્યારે અવાજ સાંભળ્યો તો તે જ ઘડીએ સજદામાં પડી ગઈ અને દિલ તથા જીભ વડે કહ્યું, **ક઼ાલૂ બલા** "તેમણે કહ્યું, હા !" **બીજા પ્રકાર**ની રૂહોએ પણ સજદો કર્યો અને જીભ વડે કહ્યું, **કાલૂ બલા** પણ દિલથી ન કહ્યું. **ત્રીજા પ્રકાર**ની રૂહોએ દિલથી કહ્યું અને **ચોથા પ્રકાર**ની રૂહોએ ન દિલથી કહ્યું અને ન જીભ વડે કહ્યું.

પછી ખ્વાજા સાહબે એની તફસીલ આ પ્રમાણે વર્ણવી, **પ્રથમ પ્રકાર** : જેમણે સજદો કર્યો અને દિલ તથા જીભ વડે ઈક઼રાર (સ્વીકાર) કર્યો તેઓ નબી, અવલિયા તથા મો'મિન હતા. અને **બીજો પ્રકાર** : જેમણે જીભ વડે કહ્યું અને દિલથી ન કહ્યું તે એ મુસલમાનોનુ ગ્રૃપ હતું જેઓ પહેલાં મુસલમાન હોય છે અને મૃત્યુ વેળા બેઈમાન થઈને દુનિયાથી જાય છે અને **ત્રીજો પ્રકાર** : જેમણે જીભ વડે ન કહ્યું પણ દિલથી કહ્યું તે એવા કાફિર છે જેઓ પહેલાં કાફિર હોય છે બાદમાં મુસલમાન થઈ જાય છે. પરંતુ **ચોથો પ્રકાર** : જેમણે ન દિલથી કહ્યું અને ન જીભ વડે તેઓ તે કાફિર હતા, જેઓ પહેલાં પણ કાફિર હોય છે અને બાદમાં પણ કાફિર જ થઈને દુનિયાથી ગુજરી જાય છે.

જ્યારે આ ફવાઈદને ખ્વાજા સાહબે ખત્મ કર્યા તો આપ યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને દુઆગો પાછો ચાલ્યો આવ્યો. الحمد للہ علیٰ ذٰلک

## -:: (મજલિસ-૨) : મુનાજાતના વિશે ::-

હઝરત આદમ علیہ السلامની મુનાજાત (દુઆ)ના બારામાં ચર્ચા ચાલી. ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે ફર્માવ્યું કે મેં ખ્વાજા યુસુફ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે. તેમણે કહ્યું કે મેં અબુલ લૈષ સમરકંદીની ફિક઼્હમાં લખેલુ જોયું છે કે અલી ઈબ્ને અબી તાલિબ کرم اللہ وجہہ الکریم રિવાયત કરે છે, فَتَلَقّٰی اٰدَمُ مِنْ رَّبِّہٖ کَلِمٰتٍ "પછી આદમે પોતાના પરવરદિગારથી શીખી લીધી અમુક વાતો." આ તે સમય હતો જ્યારે હઝરત આદમ علیہ السلام બહિશ્તથી ભાગ્યા હતા. ખુદાવંદે તઆલાએ ફર્માવ્યું, હે આદમ ! શું તું મારાથી ભાગે છે ? અર્ઝ કરી કે, નહીં ! મારા પરવરદિગાર ! બલ્કે મને આ રુસ્વાઈના કારણે તારાથી શરમ આવે છે.

પછી **સૂર્યગ્રહણ** તથા **ચંદ્રગ્રહણ**ના બારામાં ચર્ચા થઈ. ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે એકવાર રસૂલુલ્લાહ ﷺના યુગમાં ચંદ્રગ્રહણ ઉપસ્થિત થયું. જ્યારે પયગંબરે ખુદાને એના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આં હઝરત ﷺએ ફર્માવ્યું કે, "જ્યારે દુનિયાના બંદાઓના ગુનાહ ખૂબ વધી જાય છે અને ખૂબ જ ગુસ્તાખી કરે છે ત્યારે હુકમ થાય છે કે સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ ઉદ્દ્ભવ પામે, અને એમના ચહેરા કાળા કરવામાં આવે છે જેથી મખ્લૂક઼ ઈબ્રત પકડે (સબક લે)." પછી ફર્માવ્યું કે જ્યારે ચંદ્ર ગ્રહણ

મુહર્રમના મહિનામાં થાય તો એ વરસે ખૂના મરકી તથા લડાઈઓ ઉપસ્થિત થાય છે અને જો માહે રબીઉલ અવ્વલમાં થાય તો એ વરસે દુકાળ તથા મૃત્યુ અધિક થશે, અને વરસાદ તથા હવા અધિક થશે. અને જો રબીઉલ આખરમાં થાય તો બુઝુર્ગોની તબદીલી અને મુલ્કમાં ઝઘડા, તોફાનો ઉપસ્થિત થશે. અને જ્યારે જમાદીઉલ અવ્વલમાં ઉપસ્થિત થાય તો વીજળી તથા વરસાદ પુષ્કળ થશે અને અચાનક મૃત્યુઓ પુષ્કળ થશે. અને જો જમાદીઉલ આખરમાં થશે તો એ વરસે ફસલો ઉમદા થશે, મોંઘવારી થશે, અને લોકો એશ આરામથી જીવન જીવશે. અને જો રજબ મહિનમાં ઉપસ્થિત થાય અને મહિનાના પ્રારંભમાં જુમ્આનો દિવસ હોય તો એ વરસે ભૂખ તથા મુસીબતો ખૂબ જ નાઝિલ થશે અને આસ્માન પર કાળાશ ઉતરશે. અને જો શાબાનમાં ગ્રહણ થાય તો એ વરસે મખ્લૂકની વચ્ચે સુલેહ તથા રાહત થશે. અને જો રમઝાન માસમાં થાય અને મહિનાનો શરૂ જુમ્આનો દિવસ હોય તો એ વરસે દુકાળ તથા મુસીબત નાઝિલ થશે અને આસ્માનથી ઘણો સખત અવાજ આવશે જેનાથી લોકો જાગી જશે અને ઉભેલા માણસો મોઢાંભેર ગબડી પડશે. અને જો શવ્વાલ માસમાં ગ્રહણ થાય તો એ વરસે પુરૂષોને ઘણી બીમારીઓ લાગુ થશે. અને જો ઝિલ હજ્જ માસમાં થાય તો તે વરસે બરકત રહેશે, અને એ વરસે હાજીઓનો માર્ગ કટ થશે. અને જો મુહર્રમ માસમાં ગ્રહણ થાય તો જાણવું જોઈએ કે આખુ વરસ લડાઈઓ ઉપસ્થિત થશે અને એકબીજાની ખામીઓ વર્ણન કરશે અને દુનિયાને છોડશે અને આખેરત વેરાન કરશે અને કૌલ તથા કરાર (વાણી તથા વાયદા)માં મો'મિન નહીં રહે. તેઓ મુનાફિક માલદારને બુઝુર્ગ ધારશે અને દુરવેશોને ઝલીલ ધારશે. તે વખતે ખુદાવંદે તઆલા તેમના પર મુસીબતો નાઝિલ કરશે જેથી તેમનો એશ આરામ ઉડી જાય. પછી ફર્માવ્યું કે જ્યારે એવી હાલત થાય તો મુસીબતોની રાહ જોવી જોઈએ. જ્યારે આ ફવાઈદને ખ્વાજા સાહબે ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને દુઆગો (ગરીબ નવાઝ) પરત ચાલ્યો આવ્યો. الحمد الله على ذلك

## અમારું અવલોકન

કિતાબ : **શહીદે કર્બલા** (પેજીસ–૮૪)

લેખિકા : **હાજીયાણી શબાના અ. કાદિર હામદાણી**

પ્રકાશક : **મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા, ઈમામ અહમદ રઝા રોડ–પોરબંદર**

પ્રસ્તુત કિતાબની પ્રસ્તાવના આપણી જમાઅતના મશ્હૂર આલિમે દીન **મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા મૌલાના અબ્દુસ્સત્તાર હામદાણી** સાહબે પોતાના અનુમોદન તથા સમર્થન સાથે લખી છે. કિતાબમાં શહીદની ફઝીલત તથા વિશિષ્ટતાઓ, હસ્નૈન કરીમૈનના ફઝાઈલ, ઈમામ હુસૈનની શહાદત વિશે ભવિષ્યવાળી, કર્બલાની ઘટનાની પૂર્વભૂમિકા, યઝીદની ખરાબીઓનું વર્ણન તથા ઈમામ હુસૈનનું મદીના શરીફ, મક્કા શરીફ ત્યાંથી કર્બલા સુધી પહોંચવું તથા શહાદતનો વાક્યો, શહાદત પછીના બનાવો, યઝીદનો મદીના તથા મક્કા પર હુમ્લો, કાતિલોનો ઈબ્રતનાક અંજામ, આશૂરાની ફઝીલત, ઈબાદતો અને મુહર્રમની **નાજાઈઝ રસ્મો** જેમ કે તા'ઝીયાં લઈ ઢોલ, વાજા, નગારાં (બેન્ડબાજા તથા ડીજેની ધૂમ સાથે) નાચવું કૂદવું, પિટવું, માતમ કરવો, બેપર્દા સ્ત્રીઓનું બની ઠની જુલૂસને જોવા નીકળવું....વગેરેનું છેવટે કેટલીક અંધશ્રદ્ધાભરી માન્યતાઓની રદ....વગેરે જોતાં આ કિતાબ ગાગરમાં સાગર સમાન છે. આવી કિતાબોના પ્રચારની ખૂબ જ જરૂર છે જેથી પબ્લિક સમજે કે **મોહર્રમમાં જે "નાજાઈઝ રસ્મો" થાય છે તેનાથી અહલે સુન્નતના મહાન ઉલમા સખત વિરુધ્ધ છે અને એ સમજીને એ ગલત રસ્મોથી તૌબા કરી જાઈઝ કામો, ઈબાદતો કરી મુહર્રમ શરીફનું પર્વ મનાવે.** લેખિકા તથા પ્રકાશકને મુબારકબાદ! કિતાબ મેળવવા પ્રકાશકના સરનામે સંપર્ક કરો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



[ઉર્સ : ૫ સફર (સૂરત)]

# હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના નક્શબંદી رحمۃ اللہ علیہ

કાર્યાલય

આપનું નામ સૈયિદ જમાલુદ્દીન, અને લકબ ખ્વાજા દાના رحمۃ اللہ علیہ હતું. આપની વંશાવલી આ પ્રમાણે છે : સૈયદ જમાલુદ્દીન, ઈબ્ને સૈયિદ બાદશાહ પર્દાપોશ, ઈબ્ને સૈયદ ઈસ્માઈલ, ઈબ્ને ખ્વાજા સૈયદ કુરયશ, ઈબ્ને ખ્વાજા સૈયદ વિલાયત, ઈબ્ને ખ્વાજા સૈયદ અબ્દુલ્લાહ ઝરબખ્શ, ઈબ્ને કુત્બે વક્ત સૈયદ અહમદઅત્તા, ઈબ્ને ખ્વાજા સૈયદ હુસયનઅત્તા, ઈબ્ને ખ્વાજા સૈયદ ઈસ્માઈલઅત્તા, ઈબ્ને સૈયદ જઅફર, ઈબ્ને સૈયદ નિઝામ, ઈબ્ને સૈયદ યકીન, ઈબ્ને સૈયદ મુહમ્મદ, ઈબ્ને ઈમામ અલી હાદી, ઈબ્ને ઈમામ અલી નકી رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین.

## ★ યતીમ બાળકની સંભાળ ! ★

આપનું મૂળ વતન ખુરાસાન હતું. આપના બુઝુર્ગો ખુરાસાનમાં એટલા લોકપ્રિય હતા અને તેમની દીની સેવાઓ એટલી પુષ્કળ હતી કે ખુરાસાનના ચુગ્નાઈ મુગલ વંશના બાદશાહો સુલ્તાન હુસૈન મિર્ઝા, સુલ્તાન ઈબ્રાહીમ હુસૈન મિર્ઝા અને શયખ મિર્ઝાવીએ પોતાની શેહઝાદીઓ આપના જ ખાનદાનમાં આપી હતી, હઝરત ખ્વાજા દાના رحمۃ اللہ علیہના પિતા હઝરત સૈયદ બાદશાહ પર્દાપોશ رحمۃ اللہ علیہના ઘરમાં પણ એક મુગલ શહઝાદા જ હતા અને હઝરત ખ્વાજા દાના رحمۃ اللہ علیہ હિ.સ. ૮૯૮માં ખ્વારઝમથી ૪ માઈલના અંતરે આવેલ ખુબુક નામે ગામમાં તે શેહઝાદીના પેટ મુબારકથી જન્મ પામ્યા હતા. પણ હજુ આપની વય ૪ માસની જ હતી કે શાહે ઈરાન ઈસ્માઈલ સફવીના યુગનું મહાન ઘર્ષણ ચાલુ થયું જેમાં હજારો નિર્દોષ માણસો હોમાઈ ગયા. હઝરત સૈયદ બાદશાહ رحمۃ اللہ علیہની શહાદત પણ તે જ ઘર્ષણમાં થઈ.

આ સમયે આપના એક શાગિર્દ ખ્વાજા અબૂહસન જે ખ્વાજા બાબાના નામે પ્રખ્યાત હતા અને જેમને નક્શબંદી સિલસિલાના મહાન બુઝુર્ગ ખ્વાજા ઉબયદુલ્લાહ અહરાર رحمۃ اللہ علیہ પાસેથી ખિલાફત મળી હતી, અને જેમણે તમામ દીની ઉલૂમ હઝરત ખ્વાજા પર્દાપોશ رحمۃ اللہ علیہ પાસેથી પ્રાપ્ત કર્યા હતા. તેમને ખ્વાજહ પર્દાપોશ رحمۃ اللہ علیہએ ખ્વાબમાં પોતાના પુત્ર ખ્વાજહ દાનાની સંભાળ અને કેળવણીની જવાબદારી સોંપી આ સમયે આપનાં વાલિદા માજિદા પણ ઈન્તેકાલ ફર્માવી ગયાં હતાં અને હઝરત ખ્વાજા દાના رحمۃ اللہ علیہ એક દાયણ પાસે હતા. ખ્વાજા બાબા પોતાના ઉસ્તાદના આદેશાનુસાર ૪ માસના આ નૂરાની બાળકને દાયણ પાસેથી લઈ ખ્વારઝમથી રવાના થઈ ગયા અને ખુરાસાનના જંગલોમાં પ્રવાસ કરતા કરતા પાણીના એક ઝરણા પાસે આવી પહોંચ્યા.

## ★ યતીમની કરામત ★

ખ્વાજા બાબાએ બાળકના દૂધ માટે આસપાસ ખૂબ જ ફાંફાં માર્યા પણ આવા જંગલમાં દૂધ ક્યાંથી મળે ! નજીકમાં કોઈ વસ્તી પણ ન હતી કે ત્યાંથી મેળવી શકાય ! પણ ખ્વાજા બાબા رحمۃ اللہ علیہને એ જોઈ ઘણું જ આશ્ચર્ય થયું કે બાળક પોતાનો અંગૂઠો મોઢામાં રાખી એવી રીતે ચુસ્તુ હતું જાણે દૂધ પી રહ્યું છે ! આવી રીતે ત્રણ દિવસ અને રાત પસાર થઈ ગયા. બાળક અત્યંત સબ્ર અને શુક્ર સાથે અંગૂઠો ચુસ્તું રહ્યું તે રડતુંય નહીં અને કોઈ જાતની બીજી કનડગત પણ તેના તરફથી ન હોતી. ખ્વાજા બાબા તેને ઝરણાના કિનારે મૂકી થોડીવાર આમ તેમ ફરીને પોતાના માટે જંગલી ફળફળાદી વીણી આવતા, વળી પાંચે વખતની નમાઝ પણ અદા કરતા, વિર્દ વઝાઈફ પણ પઢતા છતાં આવા કોઈ પણ સમયે આ નૂરાની બાળકે આપને જરા પણ તસ્દી આપી ન હતી.

## ★ દુઝણી હરણી આવી પહોંચી ★

ચોથા દિવસે સવારે ખ્વાજા બાબા નમાઝથી ફારિગ થઈ બાળકને પોતાના ખોળામાં લઈ રમાડતા હતા ત્યાં તો એક સુંદર હરણી ત્યાં આપોઆપ આવી પહોંચી. તેના આંચળમાંથી દૂધ ટીપે ટીપે વહેતુ હતું. ખ્વાજા બાબા અલ્લાહની આ મહાન કુદરત અને તેની નવાઝિશને તુરંત સમજી ગયા, અને નાનકડા ખ્વાજા દાનાના મોઢામાં હરણીનું આંચળ આપી દીધું. ચાર દિવસ બાદ બાળકને દૂધ મળ્યું હતું, પણ તેણે દૂધ તો એટલા જ પ્રમાણમાં પીધું જાણે બેચાર કલાક પહેલાં જ પીને ધરાઈ રહ્યા હોય ! આવી રીતે આ હરણી ચાર છ વખત રાત દિવસમાં આવી આપને દૂધ પાઈ જતી, અને આ ક્રમ સતત દોઢ વરસ સુધી ચાલ્યો. ખ્વાજા બાબાએ અંતે એક ઝૂંપડી બાંધી લીધી હતી અને ત્યાં જ બંને રહેતા હતા. જ્યારે આપ સહેજ મોટા થયા કે ખ્વાજા બાબાએ આપને જંગલની વનસ્પતિ અને જંગલી ફળો ચાવી ચાવીને આપવા માંડયાં અને આવી રીતે આપને ખોરાક પર ચઢાવી દીધા.

## ★ ખ્વાજા બાબા رحمۃ اللہ علیہની વફાત ★

હઝરત ખ્વાજા દાના رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે મેં ૧૨ વરસ સુધી ખ્વાજા બાબા સાથે જંગલના ઝાડ પાન અને વનસ્પતિ ઉપર જીવન ગુજાર્યું પણ આ અરસા દરમ્યાન આવી વનસ્પતિમાં મને જે લિજ્જત અને સ્વાદ મળતો તેવી લિજ્જત આખી જિંદગીમાં ક્યારેય મને નસીબ થઈ નથી. આ વિશેનો વિગતવાર હાલ હઝરત ખ્વાજા દાના رحمۃ اللہ علیہના પુત્ર હઝરત ખ્વાજા رحمۃ اللہ علیہએ મનાકિબુલ અખ્યારમાં આપેલ છે.

૧૨ વરસ સુધી ખ્વાજા બાબા رحمۃ اللہ علیہ આપને જાહેરી અને બાતિની તર્બિયત આપતા રહ્યા. અંતે એક દિવસ તે જંગલમાં જ તેમની વફાત થઈ ગઈ.

## ★ ગયબી માણસો જનાઝો ઉપાડી ગયા ★

ખ્વાજા દાના رحمۃ اللہ علیہ હઝરત ખ્વાજા બાબા رحمۃ اللہ علیہના કફન દફનની ચિંતામાં જ હતા, ત્યાં તો કેટલાક માણસો કોણ જાણે ક્યાંથી ત્યાં આવી પહોંચ્યા. આ લોકો સૌ ઉમદા વસ્ત્રો પહેરેલા હતા અને કિબ્લા તરફની દિશાથી જાહેર થયા હતા તેમણે હઝરત ખ્વાજા બાબા رحمۃ اللہ علیہને ગુસલ આપી કફન પહેરાવ્યું અને પછી સૌએ નમાઝે જનાઝા અદા કરી, આ તમામ ક્રિયાઓમાં તેમની સાથે ખ્વાજા દાના رحمۃ اللہ علیہ પણ શરીક હતા. નમાઝથી ફારિગ થઈ તે લોકોએ આપને આશ્વાસન આપ્યું અને પછી ખ્વાજા બાબા رحمۃ اللہ علیہનો જનાઝો અદબ અને એહતેરામ સાથે ઉપાડી એકાએક અદશ્ય થઈ ગયા.

## ★ આપના બીજા મુર્શિદ ★

ખ્વાજા બાબા رحمۃ اللہ علیہની વફાત થતાં આપના પિતા ખ્વાજા સૈયદ બાદશાહ પર્દાપોશ શહીદ رحمۃ اللہ علیہએ તે સમયના મહાન દુર્વેશ હઝરત ખ્વાજા મુહમ્મદ رحمۃ اللہ علیہને ખ્વાબમાં સૂચના કરી કે ''મારા પુત્ર જમાલુદ્દીનની કેળવણી હજુ પૂરી થઈ નથી માટે તેને આપના હવાલે કરું છું.'' આ બશારત મળતાં જ ખ્વાજા મુહમ્મદ رحمۃ اللہ علیہ આપને શોધવા નીકળી પડયા અને ખ્વાબમાં જે નિશાન ઠેકાણુ આપવામાં આવ્યું હતું તેની તલાશમાં ખુરાસાનના જંગલો ખૂંદતા ખૂંદતા ઠેઠ તે જ સ્થળે આવી પહોંચ્યા જ્યાં ખ્વાજા દાના رحمۃ اللہ علیہ એકાંતવાસ સેવી રહ્યા હતા. ખ્વાજા મુહમ્મદ رحمۃ اللہ علیہએ તેમને પોતાના ખ્વાબની હકીકત અને ખ્વાજા પર્દાપોશ શહીદના આદેશથી વાકેફ કર્યા. ખ્વાજા દાના رحمۃ اللہ علیہએ ખૂબ જ અદબપૂર્વક આપનો સત્કાર કરી પોતાની સાથે જ રહેવાની વિનંતિ કરી. જેથી ખ્વાજા મુહમ્મદ છ વરસ સુધી ત્યાં જ રહી આપને દીની ઉલૂમ અને નકશબંદી તરીકાની બાતિની તા'લીમ આપતા રહ્યા. તેમણે પણ આ છ વરસ જંગલનાં ઝાડ પાન ઉપર જ વિતાવ્યાં હતાં. અંતે તાલીમ પૂરી કરાવી તેઓ પાછા ફર્યા અને ખ્વાજા દાના رحمۃ اللہ علیہ ત્યાં જ ઈબાદત અને રિયાઝતમાં મશ્ગૂલ બન્યા, જંગલના બેશુમાર પશુ પક્ષીઓ આપની સોહબતમાં રહેતાં આપનુ મનોરંજન કરતાં અને રાત દિવસ ચોકી પહેરો પણ કરતા.

## ★ શહેરની ખોરાક શી રીતે લેવી ★

જ્યારે આપની રિયાઝત અને મુજાહિદાની મુદ્દત પૂરી થઈ ત્યારે તુર્કસ્તાનના વિખ્યાત મજઝૂબ બાબા رحمۃ اللہ علیہ આપને મળવા આવ્યા અને કેટલીક વાતચીત

કરી રવાના થઈ ગયા. આપ પણ હવે આ એકાંતવાસ ત્યજીને બલ્ખમાં જઈ પહોંચ્યા. નક્શબંદી ખાનદાનના મશહૂર બુઝુર્ગ હઝરત ખ્વાજા મુહમ્મદ પારસા رحمۃ اللہ علیہના પૌત્ર ખ્વાજા અબ્દુલ હાદી رحمۃ اللہ علیہને આપના આગમનની જાણ થતાં તેઓ આપને પોતાને ઘેર તેડી લાવ્યા. આપે આખી જિંદગી જંગલના ઝાડ પાન જ ખાધાં હતાં જેથી શહેરી ખોરાક કેવા પ્રકારનો હોય છે અને કેવી રીતે લેવાય છે તેનું આપને જરા પણ જ્ઞાન ન હતું. ખ્વાજા અબ્દુલ હાદી رحمۃ اللہ علیہનાં પત્ની બેગમે આપને શહેરી ખોરાક લેતાં શિખવાડયું એમાં આપની મુલાકાત ખ્વાજા જુએબાર رحمۃ اللہ علیہ થઈ અને તેમની સોહબતથી આપે ઘણો જ ફૈઝ પ્રાપ્ત કર્યો.

### ★ તૂરાનના હાકિમની બહેન સાથે લગ્ન ★

બલ્ખ અને આજુબાજુના વિસ્તારમાં આપની ખ્યાતિ બહુ જલ્દી થઈ ગઈ અને તૂરાનના વાલી મુહમ્મદખાન ઈબ્ને જાનીબેગખાને પોતાની પિત્રાઈ બહેન સાથે નિકાહનો આપને પયગામ આપ્યો, મંઝૂર થતાં આપનાં લગ્ન થઈ ગયાં. વળી આપ હઝરત ખ્વાજા જાન સિદ્દીક઼ી رحمۃ اللہ علیہના સંપર્કમાં આવતાં તેમનાથી પણ ફૈઝ પ્રાપ્ત કર્યો. કેટલીક મુદ્દત બલ્ખમાં રહી પોતાની પત્ની સાથે હિંદ રવાના થયા.

### ★ ગુજરાતમાં આવી લૂટાઈ ગયા ★

આપ બલ્ખથી રવાના થઈ કંદહાર, કોયટા અને સિંધના રસ્તે આગ્રા આવી પહોંચ્યા, અહીં તમામ મખ્લૂક઼ આપના દર્શને આવવા લાગી, શેરશાહ સુરીના પુત્રો અને સરદારો આપના મુરીદ બન્યા, ખાસ કરીને તવલક મુહમ્મદખાન તવચીન અને શાહ અલીખાન મહરમ પણ આપના મુરીદ બન્યા. અહીંથી આપ ગુજરાત બાજુ ઉપડયા, જ્યારે આપ વડોદરા પાસે પ્રવાસ કરી રહ્યા હતા ત્યારે ડાકૂઓની એક ટુકડીએ આપનો તમામ સરસમાન લૂટી લીધો. આપ વડોદરામાં નઝીર બદખશી رحمۃ اللہ علیہ ના મહેમાન બન્યા, અને કેટલાક દિવસ ત્યાં રહી હુકમે ઈલાહી મળતાં સૂરત ઉપડી ગયા.

### ★ શહઝાદા દાનિયાલની અક઼ીદત ★

વડોદરાથી આપ બુરહાનપુર પહોંચ્યા. અહીં અકબરના પુત્ર શેહઝાદા દાનિયાલે આપનો ભાવભીનો સત્કાર કર્યો અને પોતાના તૈમૂર નામે પુત્રને આપના ખોળામાં બરકત મેળવવા નાખી દીધો. હજુ આપ બુરહાનપુરમાં જ હતા કે એક દિવસ આપને ખબર મળી કે તૈમૂર બીમાર છે અને ચાર કલાકથી સાવ મુરદાની જેમ પડયો છે. હકીમોએ તેને જોઈને કહી દીધું કે હવે કાંઈ બાકી રહ્યું નથી, શ્વાસ પણ થંભી ગયો છે અને નાડીના ધબકારા પણ બંધ થઈ ગયા છે. આ સમાચાર મળતાં જ આપ તુરંત રાજમહેલમાં જઈ પહોંચ્યા અને તૈમૂર ઉપર પોતાનો નૂરાની હાથ ફેરવી તેને બેઠો કરી દીધો.

### ★ સૂરતમાં આગમન અને વફ઼ાત ★

બુરહાનપુરથી આપ સુરત પધાર્યા, સરદાર કુલીચખાન સુરતના કિલ્લેદાર આપના સત્કાર માટે આવ્યા અને માન સહિત આપને શહેરમાં લઈ ગયા. શેહજાદા દાનિયાલના પુત્ર અંગેની ઘટના સાંભળી બાદશાહ અકબર પણ આપનો મુઅતક઼િદ બન્યો હતો તેણે પણ અનેક સોગાતો અને તોહફા આપની સેવામાં મોકલાવ્યા હતા. અહીં આવી આપે એક ખાનકાહ (તકીયો) બનાવવાની શરૂઆત કરી, પણ દરરોજ કડીયા મજૂરો જેટલું કામ કરતા રાતે આપ તે તમામ કામ તોડી પાડતા, અને કડીયા મજૂરોને રોજની રોજ મજૂરી ચૂકવી દેતા, લોકોએ પૂછયું કે હઝરત આવી રીતે આપ તમામ કામ શા માટે તોડી નાખો છો ? આપે કહ્યું કે મને આ ઈમારતની કાંઈ જરૂરત નથી પણ કડીયા મજૂરોને મજૂરી મળતી રહે અને તેમનો ધંધો રોજગાર ચાલુ રહે તે ઉદ્દેશથી હું આ ખાનકાહ બંધાવું છું અને તોડાવું છું.

સુરતમાં હજારો મખ્લૂકે આપની પાસેથી ફૈઝ પ્રાપ્ત કર્યો છે. પોતાનું આખુ જીવન મખ્લૂકે ખુદાની સેવા અને તબ્લીગમાં જ આપે વિતાવી હિ.સ. ૧૦૦૬ના સફરની પાંચમી તારીખે જુમ્આની રાતે વિદાય લીધી અને સુરતમાં તે જ ખાનકાહમાં દફન થયા. ગુજરાતમાં નક્શબંદી તરીક઼ાને આપે ખૂબ જ વેગ આપ્યો હતો. *(હક઼ીક઼તુસ્સૂરત, બહવાલા 'અલમુઈન' માસિક, ૧–૩–૧૯૮૨)*

# તબર્રુકાતની તા'ઝીમ બાબતે

## અંબિયા, સહાબા તથા બુઝુર્ગોનો તરીક઼ો

આજે વહાબી, દેવબંદી....વગેરે બાતિલ ફિર્ક઼ાવાળા હુઝૂર ﷺના બાલ મુબારકની તથા અન્ય તબર્રુકાતની તા'ઝીમ કરવાને શિર્ક, બિદઅતના ફત્વા લગાડે છે, તો એમનો નવો ધર્મ કુર્આન, હદીષ તથા અંબિયા, સહાબા તથા અવલિયાના મઝહબથી કેટલો વિપરિત તથા જૂઠો છે તે પ્રસ્તુત લેખ પરથી સમજી લો અને તેમનાથી સંબંધો કટ કરી તમારા તથા તમારી ઔલાદના ઈમાનને બચાવો. *–તંત્રી*

અંબિયા તથા સાલિહીનના આષાર અને તબર્રુક઼ાતનો અદબ તથા એહતેરામ જરૂરી છે. કેમ કે તેની બરકતથી દુઆઓ, મક઼બૂલ અને જરૂરતો પૂરી થાય છે. અને તેના અપમાનથી બચવું અનિવાર્ય છે કારણ કે તેનાથી માણસ ગુમરાહી તથા તબાહીના ફિત્નામાં સપડાય જાય છે. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, ''બની ઈસ્રાઈલને તેમના નબીએ ફર્માવ્યું, તેની બાદશાહીની નિશાની એ છે કે આવે તમારા નિકટ એક તાબૂત જેમાં તમારા રબના તરફથી દિલનો ચૈન છે અને કેટલીક વધેલી વસ્તુઓ છે. હઝરત મૂસા عليه السلام અને હઝરત હારૂન عليه السلامની ઉઠાવીને લાવશે તેને ફરિશ્તાઓ, બેશક઼ ! એમાં નિશાની છે તમારા માટે જો તમે ઈમાન રાખતા હોઉં. *(પારા–૨, આયત–૨૪૮)*

આ તાબૂત શરૂના વૃક્ષનું બનાવેલ એક સંદૂક હતું જેની લંબાઈ ત્રણ હાથ અને પહોળાઈ બે હાથ હતી. તેને અલ્લાહ તઆલાએ સૌથી પહેલાં હઝરત આદમ عليه السلام પર ઉતાર્યું, જેમાં બધા જ અંબિયાએ કિરામના અવશેષો (તબર્રુક) હતા. આ તાબૂત હઝરત આદમ عليه السلامથી એક પછી એકના હસ્તે હઝરત મૂસા عليه السلام સુધી પહોંચ્યું જેમાં આપે તૌરાતના અતિરિક્ત કેટલીક મુખ્ય વસ્તુઓ રાખેલ હતી. આ ઉપરાંત સંદૂકમાં આપનો અસા મુબારક (લાઠી), કપડાં, નાલૈન (પગરખાં) અને હઝરત હારૂન عليه السلامનો અમામા શરીફ તથા તેમનો અસા મુબારક અને થોડુક મન્ન હતું. (જે હઝરત મૂસા عليه السلامની ક઼ૌમ પર એક પ્રકારનું ભોજન ઉતરતુ હતું.)

હઝરત મૂસા عليه السلام યુદ્ધના સમયમાં આ સંદૂકને આગળ રાખતા હતા જેનાથી યુદ્ધમાં સફળ થતા હતા અને બની ઈસ્રાઈલના દિલોને સંતોષ થતો હતો. આપના પછી આ તાબૂતના બની ઈસ્રાઈલમાં એક પછી એક વારસદાર થતા રહ્યા. જ્યારે પણ એમના સામે કોઈ કઠિન સમય આવ્યો ત્યારે તાબૂતને આગળ રાખી દુઆ કરતા અને દુશ્મનોના મુકાબલામાં તેની બરકતથી સફળ થતા હતા. જ્યારે બની ઈસ્રાઈલમાં કનડગત ઉત્પન્ન થઈ અને તેમની બદ્ચલનીની સીમા પાર થઈ ગઈ તો અલ્લાહ તઆલાએ તેમના ઉપર ક઼ૌમે અમાલકાને કબજો આપી દીધો. તેઓ બની ઈસ્રાઈલથી તાબૂતને છીનવી લઈ ગયા અને તેને અપવિત્ર જગ્યાએ રાખ્યું અને તેનું અપમાન કર્યું જેના કારણે તે લોકો કેટલાક પ્રકારની બીમારીઓમાં સપડાઈ ગયા. તેમનાં પાંચ ગામડાં બર્બાદ થઈ ગયાં. તેમને જ્યારે વિશ્વાસ થઈ ગયો કે તાબૂતનું અપમાન તેમની બરબાદીનું કારણ છે તો તેમણે તાબૂતને એક બળદ ગાડીમાં રાખી બળદોને છોડી આપ્યા. ફરિશ્તાઓ આ તાબૂતને બની ઈસ્રાઈલના નિકટ તા'લૂતના સામે લઈ ગયા જેનાથી બની ઈસ્રાઈલે તાલૂતની બાદશાહીની નિશાની જાણી અને જેહાદ માટે તૈયાર થઈ ગયા કારણ કે તે લોકોને બીજા વખતે તાબૂતને પ્રાપ્ત કરીને પોતાના વિજયનો વિશ્વાસ થઈ ગયો હતો.

જાણવા મળ્યું કે જે વસ્તુઓને નેક લોકોથી લગાવ થઈ જાય તે ખુદા તઆલાની આજ્ઞાથી દુ:ખોનું નિવારણ કરનાર, બીમારીઓથી તંદુરસ્તી અને વિજયનો સબબ બની જાય છે, તેનાથી દિલને આરામ અને જીવને સંતોષ થઈ જાય છે, એની બરકતથી

રજૂકર્તા : **મૌલાના મુહમ્મદ સઈદ નૂરી મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારિયા–ચાંચવેલ)*

દુઆઓ કબૂલ અને મુરાદો પૂરી થાય છે. તેના કારણે જ મહોબ્બત કરવાવાળાઓ નેક લોકોના આષાર (અવશેષો)ને અદબ વ એહતેરામથી રાખે છે.

જુઓ હઝરત અતબાન બિન માલિક ફર્માવે છે : યા રસૂલલ્લાહ ! ﷺ મારી ઈચ્છા છે કે મારા ઘરે પધારી કોઈ જગ્યાએ નમાઝ પઢી લો તો હું તે જગ્યાને નમાઝ માટે ખાસ કરી લઉં. *(બુખારી, ૧/૬૦)*

આ હદીષથી કેટલીક વાતોનું જ્ઞાન થાય છે. તેમાં બુઝુર્ગાને દીનના અવશેષોથી બરકત અને આલિમો તથા નેક લોકો તેમજ તેમના અનુયાયીઓની ઝિયારત તેમજ તેમનાથી બરકત હાંસલ કરવાનો સુબૂત (પુરાવો) છે. *(અલ્ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ, જિલ્દ-૧, સફા-૪૪)*

જેવી રીતે સહાબાએ કિરામે આષાર તથા તબર્રુકાતનો અદબ તથા એહતેરામ અને તેનાથી બરકત હાંસલ કરવા તેમજ ઝિયારત તથા વસીલાનું દૃષ્ટાંત પૂર્ણ પાડયું છે તેનું દૃષ્ટાંત લાવવું મુશ્કેલ છે.

અલ્લામા કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની ટોપીમાં હુઝૂર ﷺના થોડાક બાલ મુબારક હતા. સંજોગોવસાત આ ટોપી યુદ્ધમાં પડી ગઈ. હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ આ ટોપી માટે સખ્ત આક્રમણ કર્યું જેમાં કેટલાક મુસલમાનો શહીદ થઈ ગયા, તેમના આ આક્રમણ પર કેટલાક સહાબાએ વિરોધ કર્યો ત્યારે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ ફર્માવ્યું, મારું આ આક્રમણ કેવળ ટોપી માટે ન હતું બલ્કે હકીકતમાં હુઝૂર ﷺના બાલ મુબારક માટે હતું, એટલા માટે કે તેની બરકત મારાથી જતી ન રહે અને કાફિરોના હાથે તે લાગી જાય.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہને જોવામાં આવ્યા કે તે રસૂલે કરીમ ﷺના મિમ્બર પર ખાસ બેસવાની જગ્યા પર પોતાના હાથો લગાડી ચેહરા પર ફેરવતા. અને હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ મદીના શરીફમાં સવાર થઈ ચાલતા ન હતા અને કહેતા કે હું શરમ કરું છું તે જમીનને હું પ્રાણીઓના પગ નીચે કચડું ! *(શિફા શરીફ, ૧/૪૨)*

જુઓ ! રસૂલે કરીમ ﷺના સહાબીઓને આપની પવિત્ર નિશાનીઓથી કેટલો લગાવ અને પ્યાર હતો કે પોતાના જીવને જોખમમાં નાખીને પણ હુઝૂર ﷺના બાલ મુબારકને કાફિરોના હાથે ન લાગવા દીધા. તે લોકોને હુઝૂર ﷺની બેસવાની જગ્યા કેટલી પ્યારી હતી કે તેના પર લાગેલ ધૂળને પોતાના ચેહરાનો લેપ બનાવ્યો ! અને તે જમીન પર સવાર થઈને ચાલવું યોગ્ય ન સમજયું જેના પર હુઝૂર ﷺ પગપાળા ચાલ્યા હોય. જ્યારે કે શરીઅતમાં એમાં કોઈ વાંધો નથી, પણ મહોબ્બત કરવાવાળા લોકોની વાત જ અલગ હોય છે. જે વસ્તુથી પોતાના મહબૂબને નિસ્બત થઈ જાય તો તે વસ્તુનું સન્માન કરવું જોઈએ કારણ કે આ સન્માન મહબૂબનું જ સન્માન છે, અને મહબૂબનું સન્માન મહોબ્બતનું જામિન છે.

જુઓ હઝરત કાઝી અયાઝ શું ફર્માવી રહ્યા છે કે હુઝૂર ﷺના સન્માનથી જ છે એ બધી જ વસ્તુઓનું સન્માન જે હુઝૂર ﷺની નિશાનીઓ મક્કા અને મદીના મુનવ્વરામાં છે જેને હુઝૂર ﷺથી કોઈ લગાવ હોય અને જે વસ્તુને હુઝૂર ﷺએ સ્પર્શ કર્યો હોય, અને જે હુઝૂર ﷺના પવિત્ર નામથી ઓળખવામાં આવે છે. *(શિફા શરીફ, ૨/૪૨)*

હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ઉમરા કરીને અને લગભગ આ ઉમરાએ જઅરાના હતો, સર મુબારકને અસ્તરાથી સાફ કરાવ્યું. સહાબાએ કિરામે બાલ મુબારક પ્રાપ્ત કરવા માટે કોશિશ કરી પણ હું એમનાથી આગળ વધીને પેશાનીના બાલ મુબારક પ્રાપ્ત કરવામાં કામયાબ થઈ ગયો અને તેને મારી આ ટોપીમાં રાખી મૂક્યા જેની આ બરકત છે કે હું જે યુદ્ધમાં સાથે રહ્યો તો આ ટોપી મારા સાથે રહી અને હું વિજય પામ્યો. *(આદાબુલ અખ્યાર, ૧૩)*

જાણવા મળ્યું કે સહાબાએ કિરામ આષારે મુકદ્દસા (પવિત્ર નિશાનીઓ)ને ખૂબ શોખથી પ્રાપ્ત કરતા અને ખૂબ અદબ વ એહતેરામથી રાખતા હતા,

તેની ઝિયારત કરતા, ત્યાં સુધી કે તે તબર્રુકાતને દુનિયામાં જે કાંઈક છે તેનાથી વધારે પ્યારા રાખતા હતા.

હાફિઝુલ હદીષ હઝરત ઈબ્ને સીરીન رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہથી કહ્યું કે મારી પાસે હુઝૂર ﷺના બાલ મુબારક છે જે હઝરત અનસ رضی اللہ عنہથી અથવા તેમના વારસદારોથી પ્રાપ્ત થયા છે. હઝરત અબૂ ઉબૈદાએ ફર્માવ્યું કે જો મારા પાસે હુઝૂર ﷺનો એક બાલ મુબારક હોત તે મને દુનિયામાં જે કાંઈ છે તેનાથી વધારે પ્રિય હોત. *(આદાબુલ અખ્યાર, ૩૧)*

હઝરત ઉમ્મે અમ્મારા رضی اللہ عنہا પાસે હુઝૂર ﷺના બાલ મુબારક હતા. આપ તે બાલ મુબારકને ધોઈને બીમારોને પાણી આપતા હતા જેનાથી બીમારો તંદુરસ્ત થઈ જતા. *(આદાબુલ અખ્યાર, ૩૧)*

ઉપર જણાવેલ હદીષોથી દિવસના પ્રકાશની જેમ સ્પષ્ટ થઈ ગયું કે નેક લોકોનાં તબર્રુકાત (અવશેષો)નું સન્માન (તા'ઝીમ) કરવું અને તેનો વસીલો પકડવો એ પહેલાંથી જ મહોબ્બત કરવાવાળાઓની આદત રહી છે, અને તેના વસીલાથી કામયાબી પામતા રહ્યા છે, અને તેનું અપમાન નુકસાન અને મુસીબતોનો સબબ બન્યો છે.

આટલા સ્પષ્ટ પુરાવા પછી નેક લોકોના અવશેષો (તબર્રુકો)થી બરકત પ્રાપ્ત કરવાનો વિરોધ શા માટે? કોને ખબર વિરોધીઓની અક્કલો ક્યાં ચાલી ગઈ છે કે દિવસના પ્રકાશમાં પણ વિરોધીઓને હક્ક દેખાતુ નથી આ સ્પષ્ટ હકીકતોથી તે લોકો જ ચેહરો ફેરવી લે છે જેમના દિલો પર خَتَمَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ સાદિક (સાચી) આવે છે.

એટલા માટે જ કોઈએ કહ્યું છે : ***ખુદા જબ દીન લેતા હૈ તો અક્લેં છીન લેતા હૈ***

જેથી મુસલમાનોએ જોઈએ કે નેક લોકોના આષાર (તબર્રુકો)ની તા'ઝીમના વિરોધીઓના ફરેબમાં ન આવે, પણ અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ અને અવલિયાએ ઈસ્લામના તરીકા પર ચાલે એમાં જ દુનિયા વ આખેરતની સફળતા છે. *(હવાલો : આષારુસ્સાલિહીન, અઝ : મુફ્તી મુહમ્મદ હામિદ રઝાખાં رحمۃ اللہ علیہ)*

**લેખ હરીફાઈનું પરિણામ......**

**વિષય : ખિદમતે દીનમાં મસ્જિદના ઈમામોનો શો રોલ હોવો જોઈએ ?!**

**પ્રથમ નં : મુહમ્મદ રઉફ પટેલ-પાલેજ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

**બીજો નં. : સૈયદ મુહમ્મદ ફારૂક-કાસદ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ મુસ્તફાઈયહ્-હલદરવા, જિ. ભરૂચ)*

**ત્રીજો નં. : વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન-રાજપારડી**
*(મુ.પો. રાજપારડી, તા. ઝઘડીયા, જિ. ભરૂચ)*

**નમ્ર વિનંતિ :** મોહતરમ તલબાને નમ્ર વિનંતિ કે દીનો સુન્નિયત માટે કુર્બાનીનો જઝબો ખિદમતનો જઝબો પેદા કરે. ખૂબ અભ્યાસુ બને અને લખતા રહે.લેખ હરિફાઈમાં લેખ લખવામાં તલ્બા ખૂબ જ સુસ્તી વર્તે છે એ સારી વાત નથી. નિશ્ચિત તારીખ સુધીમાં અવશ્ય લેખ પહોંચાડી આપવા નમ્ર વિનંતિ છે.

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

## એલાને હક્ક સંબંધે બુઝુર્ગોનો કિરદાર અને આપણે

**નોંધ : "અમ્ર બિલ મઅરૂફ નહી અનિલ મુન્કર"** સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું એ કાર્ય સહાબા, બુઝુર્ગો તથા પૂર્વજ ઉલમાના જીવનનું ચમકતુ પાસુ રહ્યું છે. શરીઅતની હક્ક વાતનું એલાન કરવામાં બુઝુર્ગો તથા ઉલમાના વાક્યા બયાન કરીને હાલમાં ચાલતી ઢીલી નીતિ તથા શરીઅતની હક્ક વાત કહેવાથી વિમુખતાની એવી ચર્ચા રજૂ કરવામાં આવે કે લોકો બોધગ્રહણ કરી હક્ક કહે અને હક્ક સ્વીકારી હક્ક પર અમલ કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**તા. ૧૦-૦૩-૨૦૧૦ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** *-તંત્રી*

**ખૂબ સુધારો**

"બરકાતે ખ્વાજા" (માસિક) **જાન્યુઆરી-૨૦૧૦**, પેજ નં. ૬, નીચેથી ૧૨મી લીટી **"હિ.સ. ૧૪૩૦"**ને બદલે **"હિ.સ. ૧૩૪૦"** વાંચવું. અને એ પ્રમાણે સુધારો કરી લેવા વિનંતિ. *–તંત્રી*

# ઈસ્લામના પયગંબર

## પશ્ચિમી બુદ્ધિશાળીઓની દષ્ટિમાં

રજૂકર્તા : **અલ્તાફ હુસૈન કુરચનવી**
(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશરફિયા–મુબારકપુર, યુ.પી.)

આ વાસ્તવિક્તા છે કે માણસ જયારે કોઈ વસ્તુને દુશ્મનની દષ્ટિએ જુએ છે તો તે વસ્તુની ખૂબીઓમાં પણ તેને ખામીઓ નજર આવે છે, પરંતુ જયારે તે વસ્તુને પ્રેમ અને મહોબ્બતની દષ્ટિથી જોવામાં આવે તો ખામીઓમાં પણ સુંદરતા અને ખૂબસૂરતી નજર આવે છે. જેવી રીતે કે માં પોતાના બાળકને ભલે તે કેટલુ પણ કદરૂપુ હોય મમતાભરી દષ્ટિથી જુએ છે તો તેને પોતાનુ બાળક દુનિયાનું સૌથી વધારે સુંદર બાળક નજર આવે છે. બિલકુલ આ જ ઉદાહરણ નબી કરીમ ﷺની જાતનુ છે કે જયારે શાયરે ઈસ્લામ હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہએ નબી કરીમ ﷺના મુબારક ચહેરાને જોયો તો નિ:સંકોચ બોલી ઉઠયા :–

وَاَحۡسَنُ مِنۡكَ لَمۡ تَرَقَطُّ عَيۡنِىۡ
وَاَجۡمَلُ مِنۡكَ لَمۡ تَلِدِ النِّسَاءُ
خُلِقۡتَ مُبَرَّءً امِنۡ كُلِّ عَيۡبٍ
كَاَنَّكَ قَدۡ خُلِقۡتَ كَمَا تَشَاءُ

''તમારાથી સુંદર મારી આંખોએ કદાપિ નથી જોયો અને તમારાથી ખૂબસૂરત ન કોઈ સ્ત્રીએ જન્મ્યો, તમને સર્વ ખામીઓથી વંચિત પેદા કરવામાં આવ્યા અને તમને એવા પેદા કરવામાં આવ્યા જેવું તમે ચાહતા હતા.''

પરંતુ આ જ પાક જાતને જયારે મક્કાના મુશ્રિકોએ દુશ્મનાવટ અને ઈર્ષાની દષ્ટિથી જોઈ તો તેમને રસૂલે કરીમ ﷺની બધી ખૂબીઓ અને સિફતોમાં ખામીઓ નજર આવી. મક્કાના મુશ્રિકોની આંધળી પેરવી પશ્ચિમી મુશ્રિકોએ પણ કરી અને ઈસ્લામના દામનને ડાઘદાર કરવાનો ઘણો પ્રયત્નો કર્યો પરંતુ નિષ્ફળતા તેમનું નસીબ અને ભાગ્ય રહ્યું એટલા માટે કે વિજય હમેશાં ''હક્ક''નો થાય છે, તે કદાપિ પરાજિત નથી થતો. હક્ક અને વાસ્તવિક્તાથી મુશ્રિકો ક્યાં સુધી નજરો બચાવતા ?! જેથી જયાં પક્ષપાત પસંદ મુશ્રિકોએ ઈસ્લામને બદ્નામ કરવામાં કોઈ અંશ ન છોડયો ત્યાં ન્યાયી સ્વભાવ અને હક્કપસંદ મુશ્રિકોએ ઈસ્લામ અને ઈસ્લામના પયગંબરની પ્રશંસામાં એવા વખાણદાયક શબ્દો કહ્યા જે સોનાના પાણીથી લખવાના લાયક છે. જેમ કે :–

**માઈકલ હર્ટ :** પોતાના પુસ્તક ''અલ્ ઉઝમાઉ મિઅતુન અઅ્ઝમુહુમ મુહમ્મદ''ની પ્રસ્તાવનામાં લખે છે કે, ઘણા લોકો અચંબામાં હશે કે મેં સો (૧૦૦) મહાન પુરૂષોની અનુક્રમણિકામાં સૌથી પ્રથમ મુહમ્મદ ﷺની શખ્સિયતની પસંદગી કેમ કરી ? કારણ કે મુહમ્મદ ﷺ વિશ્વના ઈતિહાસમાં તે માત્ર વ્યક્તિ હતા જેમને ધાર્મિક અને દુનિયવી બંનેવ ક્ષેત્રે સંપૂર્ણ સફળતા મળી છે. તેમણે લોકોને ઈસ્લામની દા'વત આપી અને તેનો પ્રચાર એવી રીતે કર્યો કે આજે ઈસ્લામ વિશ્વના મોટા ધર્મોમાં એક ધર્મ ગણાય છે. મુહમ્મદ ﷺ તે માત્ર વ્યક્તિ હતા જેમણે ઈસ્લામની સ્થાપ્ના કરી. કુર્આન શરીફ તેમના પર ક્રમશઃ નાઝિલ થયું અને તેમની જિંદગીમાં કુર્આન શરીફની બધી આયતો અક્ષરોના ફેરફાર વિના સુરક્ષિત કરી લેવામાં આવી. એટલા માટે દુનિયામાં કુર્આન જેવું મક્કમ કોઈપણ પુસ્તક મળવું અશક્ય છે. પયગંબરે ઈસ્લામ મુહમ્મદ ﷺ અને ઈસા علیہ السلامમાં આ રીતે કોઈ સમાનતા ન હતી કે મુહમ્મદ ﷺની શખ્સિયત ધાર્મિક અને દુનિયવી ક્ષેત્રે વ્યાપક હતી એટલા માટે કે તે અલ્લાહના પયગંબર હોવાના સાથે સાથે પતિ પણ હતા અને પિતા પણ, તેમણે વેપાર પણ કર્યો અને બકરીઓ પણ ચરાવી.

**મોન્ટેગ મેરીવોટ :** ઈસ્લામની દા'વતના ઈતિહાસ વિશે તેનાં બે ઘણા અગત્યનાં પુસ્તકો, પ્રથમ ''મુહમ્મદ–ફી–મક્કા'' અને બીજું ''મુહમ્મદ ફીલ મદીના'' છે. તેમાં તે લખે છે કે મુહમ્મદ ﷺને પોતાની રિસાલત પર સંપૂર્ણ ઈમાન હતુ. તેમના પર વહીનું ઉતરાણ થતુ હતું, તે પોતે કાંઈ ઘડતા ન હતા. મુહમ્મદ ﷺ એવા લીડર કદાપિ ન હતા કે જે પોતાની આજુબાજુ એકત્રિત કરવા માટે ઈસ્લામને સહારો બનાવે જેવી રીતે કે ઘણા પશ્ચિમી તત્વચિંતકોએ લખ્યું છે.

**જ્યોર્જ બર્નાડ શો :** આ આયરલેન્ડનો ઘણો

પ્રખ્યાત સાહિત્યકાર હતો, તે લખે છે : મને વિશ્વાસ છે કે જો દુનિયાની લગામ (હુકૂમત, સત્તા) મુહમ્મદ ﷺ જેવા કોઈ વ્યક્તિના હાથમાં હોતી તો અત્યંત સફળ શાસન હોતુ.

**ટોલ્સ ટોય :** આ વ્યક્તિ રશિયાનો મહાન ચિંતક અને સાહિત્યકાર થઈ ગયો છે, લખે છે કે મુહમ્મદ ﷺએ ક્યારે પણ એવું નથી કહ્યું કે માત્ર હું અલ્લાહનો નબી છું બલ્કે તેમણે મૂસા عليه السلام અને ઈસા عليه السلامના નબી હોવાનો પણ સ્વીકાર કર્યો હતો. તેમનું એવું કહેવું હતું કે "યહૂદીઓ" અને "નસરાનીઓ"ને તેમનો ધર્મ છોડવા પર મજબૂર ન કરવામાં આવે. તેમણે ઈસ્લામની પ્રારંભિક દા'વત વખતે ઘણા અત્યાચાર અને જુલ્મો સહન કર્યા પરંતુ હક્ક઼ની દા'વત આપવાથી પાછા ન હટયા. આમાં કોઈ શંકા નથી કે મુહમ્મદ ﷺ તે મહાન સુધારકોમાંથી હતા જેમણે માનવની કામયાબી માટે મહાન ખિદમતો અંજામ આપી છે. તેમને ફખ્ર માટે એ જ કાફી છે કે તેમણે માનવોની એક મોટી સંખ્યાને ગુમરાહી અને અંધકારથી બહાર કાઢી હિદાયતનો માર્ગ દેખાડયો.

**લામાર્ટિન :** આ ફ્રાન્સનો મશ્હૂર કવિ છે. કહે છે કે મુહમ્મદ ﷺની જિંદગી, તેમની વિચારશક્તિ, તેમનું ખુદાના માર્ગમાં જેહાદ કરવું અને તેર વરસના લાંબા ગાળા સુધી ઈસ્લામના શત્રુઓ દરમિયાન ઈસ્લામની દા'વત પર અડગ રહેવું, મજાક કરવાવાળાઓનાં મહેણા અને ઠપકાઓને સહન કરવા અને પોતાની કામયાબી પર સંપૂર્ણ વિશ્વાસ, આ બધી વાતો એ વસ્તુની સ્પષ્ટ દલીલ છે કે તે હક્ક઼ પર હતા.

**સ્મિથ :** એ લખે છે કે મુહમ્મદ ﷺ એક ઉમ્મતના માર્ગદર્શક, એક સલ્તનતના સ્થાપક અને એક ધર્મના બાની હતાં તે જો કે "ઉમ્મી" હતા પરતું એવું પુસ્તક લઈને આવ્યા જે અદબ (શિષ્ટાચાર) પણ છે અને ક઼ાનૂન પણ, અને અખ્લાક઼નો સર્વ શ્રેષ્ઠ નમૂનો પણ. જેને જોયા પછી એવું જણાય છે કે સર્વ પવિત્ર પુસ્તકોને એક પુસ્તકમાં એકત્રિત કરી દેવામાં આવ્યાં છે અને જેને આજે પણ વિશ્વની આબાદીનો છટ્ઠો ભાગ ઈજ્જત અને સન્માનની દૃષ્ટિથી જુએ છે.

**આર. એફ. બોર્લી :** આ અમેરિકી જનરલ હતો તેણે લખ્યું છે કે મુહમ્મદ ﷺની દા'વત બીજા બધા નબીઓની દા'વતથી અલગ હતી, એટલા માટે તેમણે માત્ર રૂહાનિયત પર સંતોષ નથી કર્યો પરંતુ દુનિયાવી જરૂરતો અને સમસ્યાઓને પણ દૃષ્ટિ સમક્ષ રાખી. આ રીતે તેમણે લોકોની જીવન જરૂરિયાતો અને દુનિયવી જિંદગીના દરમિયાન સુંદર તફાવત કર્યો, જેનાથી તેમના અગાઉ સુરક્ષિત ન રહી શક્યા.

**વિલ્ડુરન્ટ :** પોતાના પુસ્તક "કિસ્સતુલ હજારતી"માં લખે છે કે જો મને કોઈ વ્યક્તિની મહત્તા અને મહાનતાનો સ્વીકાર કરવો પડે તો હું કહીશ કે મુહમ્મદ ﷺ ઈતિહાસની સૌથી મહાન શખ્સિયત છે જેમણે પોતાની કોમનો રૂહાની અને અખ્લાક઼ી મર્તબો બલંદ કર્યો જે વહશિયત અને જંગલીપણાના અંધકારમાં ગુમ હતો, અને આ હેતુમાં જે સફળતા તેમને મળી છે તે દુનિયાના ઈતિહાસમાં કોઈપણ સુધારકને નસીબ નથી થઈ.

**થોમસ આર્નોલ્ડ :** પોતાના પુસ્તક "અદ્દાવતુ ઈલલ ઈસ્લામ"માં લખે છે કે ઈન્ડોનેશિયા અને મલેશિયામાં ઈસ્લામ માત્ર મુસ્લિમ વેપારીઓના સારા વ્યવહારના કારણે ફેલાયો, ઈસ્લામના પ્રચારમાં તલ્વારનો કોઈ રોલ ન રહ્યો પરંતુ તે સિવાય જ્યારે કે ઈસ્લામના રક્ષણ અને બચાવની જરૂર પડી છે.

**થોમસ કાર્લુલી :** પોતાના પુસ્તક **The Heroes**માં લખે છે કે વર્તમાન યુગમાં એક સુસંસ્કૃત અને શિષ્ટચાર વ્યક્તિ માટે એ વાત શરમજનક છે તે પેલા લોકોની વાતો પર કાન ધરે જે લોકો કહેતા ફરે છે કે ઈસ્લામ જૂઠો ધર્મ છે અને ઈસ્લામના પયગંબર જૂઠા અને દગાબાજ હતા. હવે સમય આવી ગયો છે કે આપણે તે જૂઠી વાતો અને વિના પાયાની અફવાઓનો મુક઼ાબલો કરીએ, એટલા માટે કે મુહમ્મદ ﷺ જે ધર્મ લાવ્યા તે બારસો વર્ષથી લઈને આજ સુધી માર્ગદર્શનનો દીવો બની જગમગી રહ્યો છે.

**ગોસ્ટાફ લોબોન :** કહે છે કે આ ગર્વ માત્ર અને માત્ર ઈસ્લામ ધર્મને પ્રાપ્ત છે કે જેણે સૌ પ્રથમ તૌહીદ (એક જ અલ્લાહ હોવાનું માનવા)ની દા'વત આપી અને દુનિયવી ક્ષેત્રે તેને પોતાના અનુયાયીઓના દરમિયાન પ્રચલિત કરી.

**જહોન યાર્ડલી** : આ ફ્રાન્સનો ઘણો મશ્હૂર સાહિત્યકાર હતો, તેણે લખ્યું છે કે મુહમ્મદ ﷺએ જો કે રૂમ અને ફ્રાંસની દર્સગાહોથી શિક્ષણ પ્રાપ્ત નથી કર્યું, પરંતુ તે એક સાચા નબી, શારેઅ, રાજકરણી અને મહાન લીડર હતા.

**ગાંધીજી** : કહે છે કે જ્યારે હું તે મહાન વ્યક્તિની સીરત (Biography)નું વાંચન કરું છું તો આંખથી આંસૂ વહેવા લાગે છે, કેમ કે એ શક્ય નથી કે મારી જેમ વાસ્તવિક્તાનો જિજ્ઞાસુ (સંશોધક) કોઈપણ શખ્સ આ શખ્સિયતના સમક્ષ મસ્તિક ન ઝુકાવે જેણે સદા માત્ર માનવતાની કામયાબી માટે કામ કર્યું.

**ડો. સિબ્રલ** : The Head of Law Department at the University of Vianna-Austilla. એ લખે છે કે મુહમ્મદ ﷺથી નિસ્બત (લગાવ) રાખવી દરેક વ્યક્તિના માટે ગર્વનો સબબ છે. એટલા માટે કે તે આજથી ચૌદસો વરસ પહેલાં "ઉમ્મી" હોવા છતાં એવા જિંદગીના નિયમો લાવ્યા કે જો આપણે યૂરોપવાસીઓ હજાર વરસ પછી પણ તેની બુલંદીએ પહોંચી જઈએ તો આપણી જિંદગીની મેઅરાજ થઈ જાય.

**ફ્રેન્ચ પોપ** : આ ફ્રાન્સનો મોટો પાદરી હતો તેણે સલીબી જંગના સમયે "સુલ્તાનુલ કામિલ" ઈજિપ્તના રાજાથી મુલાકાત કરી અને જ્યારે ફ્રાન્સ પહોંચ્યો તો કહ્યું કે ઈસ્લામ ધર્મ અલ્લાહ પાસેથી ઉતર્યો છે. આ વાત અક્કલ, બુધ્ધિ અને ધારણાથી દૂર છે કે ઈસ્લામ જેવો રૂહાની ધર્મ કોઈ વ્યક્તિનો પોતે બનાવેલ ધર્મ હોય.

**જ્યોર્જ સીલ** : આ તે પશ્ચિમી ચિંતક છે જેણે ઈ.સ. ૧૭૩૭માં સૌથી પહેલાં કુર્આન શરીફનો તર્જુમો અંગ્રેજી ભાષામાં કર્યો. તે કહે છે કે કુર્આનની જાદૂઈ બલાગત (ઉચ્ચ વર્ણન શૈલી) જોઈ અક્કલ અચંબામાં પડી જાય છે.

**બયરોન** : ઉષ્માનીકાળથી આ વ્યક્તિનો ઘણો સારો સંબંધ હતો. મુસલમાનોની સાથે વધારે વ્યવહાર કરવાના કારણે જ્યારે તેના ઉપર ઈસ્લામની થોડીક વાસ્તવિક્તા સ્પષ્ટ થઈ તો ઘણો પ્રભાવિત થયો અને કહ્યું કે જો મને તૌફીક઼ (પ્રેરણા) થઈ તો ઈસ્લામ જરૂર ક઼બૂલ કરીશ, એટલા માટે કે મુસલમાનોનું ઈબાદતનું બંધારણ મને ઘણુ સરસ લાગ્યુ. જ્યારે બાંગી "હય્ય અલસ્સલાત" અને "હય્ય અલલ ફલાહ"ની અવાજ બુલંદ કરે છે તો મુસલમાન આનંદ અને ઉલ્લાસમાં દુનિયાથી બેફિકર થઈ પોતાના રબની બારગાહમાં મસ્તકોનું નઝરાણુ રજૂ કરવા માટે ઉમટી પડે છે, અને જ્યારે પોતાના પેદા કરનાર (અલ્લાહ)ની બારગાહમાં ઊભા થાય છે તો એવી અનુભૂતિ થાય છે કે પોતાની આસપાસની દુનિયાને ભૂલી ગયા છે.

**ગુટ્ટાહ** : આ જર્મનીનો ઘણો નામવાર કવિ થઈ ગયો છે. જ્યારે તેણે પોતાના ગઝલ સંગ્રહ "મગરિબી શાઈર કા મશ્રિકી દીવાન"ના પ્રચારનું એલાન કર્યું તો આખુ વિશ્વ અંચબામાં પડી ગયું. તેણે લખ્યું, જો લોકો મને મુસલમાન કહે તો કદાપિ મને ખોટુ ન લાગશે. તેણે ૨૩ વરસની ઉંમરમાં એક ઘણો સુંદર ક઼સીદો (પ્રશંસા ગીત) કહ્યો જેમાં ઈસ્લામના પયગંબરની ઘણી પ્રશંસા કરી છે. અને જ્યારે ૭૦ વરસની ઉંમર થઈ તો એક વખત ફરી એલાન કર્યું કે અમે શબે ક઼દ્રના તહેવારને અત્યંત ઉત્સુકતા અને ઉલ્લાસથી ઉજવીશું એટલા માટે કે આ તે મુબારક રાત છે જેમાં મુહમ્મદ ﷺ પર કુર્આનનું ઉતરાણ થયું હતું. રસૂલે પાક ﷺની પ્રશંસામાં તેણે એક વધુ કસીદો "નશી દે મુહમ્મદ"ના વિષયથી કહ્યો. આ ક઼સીદામાં તેણે દિલ ખોલીને રસૂલે પાક ﷺની પ્રશંસા કરી છે. તેણે "દીવાને શર્કી"માં લખ્યુ છે કે જો ઈસ્લામનો મતલબ એક ખુદાની પેરવી (અનુસરણ) કરવી અને તેની કુદરતની સમક્ષ માથુ ઝુકાવવું છે, તો અમે મુસલમાન જીવીશું અને મુસલમાન જ મરીશું.

**થોમસ કાલુલિ** : આ વ્યક્તિ બ્રિટનનો ઘણો મહાન તત્વચિંતક અને મુફક્કિર હતો. પોતાના પુસ્તક "The Heroes"માં રસૂલે કરીમ ﷺની પત્નીઓની સંખ્યાનું નિવારણ કરતાં લખે છે કે મુહમ્મદ ﷺ કદાપિ શહવતપરસ્ત ન હતા જેવી રીતે કે કેટલાક લોકોએ તેમને દોષિત ઠરાવ્યા છે, બલ્કે તેમને શહવત અથવા નફ્સ પરસ્ત ગુમાન કરવા પણ મહાન ગુનોહ છે એટલા માટે કે તે ક઼નાઅત પસંદ, (થોડામાં રાજી રહેનાર) નમ્રતાવાળા અને પરહેઝગાર વ્યક્તિ હતા. કોઈએ સાચુ કહ્યું છે કે "હક઼ વાતની દુશ્મન પણ ગવાહી આપે છે." *–("કન્ઝુલ ઈમાન" માસિક, મે–૨૦૦૬)*

# વિશ્વ સ્તરે ઈસ્લામનો ઝડપી ફેલાવો
# અને આપણી ફરજો

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામ ખાલિકે આલમ અલ્લાહ ﷻનો પસંદીદા દીન છે જે દુનિયાના સર્વ બાતિલ, જૂઠા ધર્મો પર સર્વોપરી થવા માટે આવ્યો છે અને તે સર્વોપરી થઈને રહેશે. એ સમય દૂર નથી જ્યારે ચારેવ બાજુ ઈસ્લામની બહારો હશે. આ કોઈ મુસ્લિમનો નહીં ઈસ્લામના દુશ્મનોનો સ્વીકાર છે જેની આગાહી સદીઓ પહેલાં કુર્આને કરી દીધી છે :–

**ભાવાર્થ** : "આ (હક્કના મુન્કિરો) ઈચ્છે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢા(ની ફૂંકો)થી બુઝાવી દે, જ્યારે કે અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ ફર્માવવાવાળો છે ભલે કાફિર કેટલુયે નાપસંદ કરે. એ જ છે જેણે પોતાના રસૂલ (ﷺ)ને હિદાયત અને દીને હક્ક દઈને મોકલ્યા જેથી એ (દીન)ને સર્વ ધર્મો પર ગાલિબ (સરસાઈ) અને સર બુલંદ કરી દે, ભલે મુશ્રિક કેટલુય નાપસંદ કરે." *(સૂ. કહફ, ૬૧/૮ થી ૯)*

જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ ફૈસલો ફર્માવી દીધો છે કે ઈસ્લામ દુનિયાના સર્વ માનવરચિત ધર્મો (**Man-Madism**) પર છવાય જાય અને ઈસ્લામનો ઝંડો સમગ્ર વિશ્વમાં લહેરાય. કલ્પના તો કરો કે ઈસ્લામના ગલ્બા (સરસાઈ) અને સરબુલંદીની આ વાત ક્યારે કેવા સંજોગોમાં થઈ રહી છે, જ્યારે કે અન્ય કૌમો અને ધર્મોના અનુયાયીઓની તુલનામાં મુસલમાનોની સંખ્યા મુઠ્ઠી બરાબર પણ ન હતી. તદ્ઉપરાંત મુસલમાનોને જાત જાતની યાતનાઓ તકલીફો આપવામાં આવતી. આવી પરિસ્થિતિ જોતાં ભવિષ્યમાં ઈસ્લામની હાલત અસંતોષકારક જણાતી હતી. પરંતુ આજે ૧૪૫૦ સદીઓ પછી કુર્આનની આ પેશનગોઈઓ કેવી રીતે શબ્દસઃ સત્ય પુરવાર થઈ રહી છે અને વિશ્વભરમાં મુસ્લિમોની સંખ્યા આજે એક અબજ ત્રીસ કરોડ બતાવવામાં આવી રહી છે.

એક માત્ર ઈસ્લામને જ એ વિશિષ્ટતા પ્રાપ્ત છે કે ઈસ્લામ અડધી સદી કરતાંય ઓછા સમયમાં ન કેવળ આખી દુનિયા પર છવાઈ ગયો બલ્કે મુસલમાનોએ પોતાની મોટી મોટી અઝીમુશ્શાન હુકૂમતો પણ કાયમ કરી લીધી. દુનિયાના ચિંતકો, વિદ્વાનો ઈસ્લામની આવી ઝડપી મકબૂલિયત પર આશ્ચર્યચકિત રહી ગયા, જો કે ઈસ્લામની મકબૂલિયત ખરેખર માનવ પ્રકૃતિના મુતાબિક જ છે. એક અંગ્રેજ ચિંતક એ વાત પર ઘણુ જ આશ્ચર્ય વ્યક્ત કરે છે કે ઈસ્લામમાં એ કઈ વિશિષ્ટતા છે જેણે ઈસ્લામને ઘણા જ ઓછા સમયમાં એક વિશ્વવ્યાપી શક્તિમાં બદલી નાખ્યો અને એનાથી પણ વધુ અચંબાની વાત એના માટે એ છે કે ચૌદસો વરસ પસાર થયા પછી પણ તેની મકબૂલિયતમાં કોઈ કમી નથી આવી બલ્કે દુનિયાના દૂર દૂરના પ્રાંતોમાં ઝડપની સાથે ફેલાતો જઈ રહ્યો છે.

વીજળી વેગે વધતી જતી ઈસ્લામની મકબૂલિયત અને આટલી ઝડપથી થતી પ્રગતિ જોઈ ઈસ્લામના દુશ્મનો પરેશાન છે. અંદરો અંદર એમનાં કલેજાં ફાટી રહ્યાં છે જેથી ઈસ્લામના આ નૂરાની કારવાંને રોકવા ઈસ્લામના દુશ્મનો દરેક શક્ય કોશિશો કરવામાં લાગી ગયા છે. ઈસ્લામની આ તરક્કીનું કારણ એક માત્ર મુસ્લિમ દેશોમાં વસ્તી વધારો જ નથી બલ્કે ઈસ્લામ સ્વીકારવાવાળાઓની સંખ્યામાં પણ બમણો વધારો થઈ રહ્યો છે. વિશેષતઃ ૯/૧૧ના હુમ્લા (વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલ હુમ્લો, હકીકતમાં આ હુમ્લામાં કોનો હાથ હતો એ અલગ વિષય છે) પછી આ

ઘટનાએ સમગ્ર વિશ્વવાસીઓ અને ખાસ કરીને અમેરિકીઓનું ધ્યાન ઈસ્લામ તરફ કેન્દ્રિત કરી દીધું. હવે યૂરોપમાં લોકો એ જાણવા અને વિચારવા મજબૂર થઈ ગયા છે કે ઈસ્લામ ક્યા પ્રકારનો ધર્મ છે ? કુર્આનની પાયાની તા'લીમાત શું છે ? એક મુસલમાનની જિમ્મેદારી શું હોય છે ? મુસલમાનો કઈ રીતે પોતાના મામલા પાર પાડે છે ? શું હક઼ીક઼તમાં ઈસ્લામ એ જ છે જે દુનિયા સમક્ષ અમુક લોકો તથા મીડિયા દ્વારા રજૂ કરવામાં આવી રહ્યો છે ? વાસ્તવમાં ઈસ્લામ પ્રતિ આ જ કુતૂહલે આખી દુનિયામાં ઈસ્લામની મક઼્બૂલિયતના દ્વારા ઉઘાડાં કરી દીધાં છે.

*ઈસ્લામ કી ફ઼િતરતમેં કુદરતને લચક દી હૈ*
*તુમ જિતના દબાઓગે ઉતના હી યે ઉભરેગા*

જાણે ૯/૧૧ પછી વારંવાર કરવામાં આવતો એ દાવો કે "આ હુમ્લો દુનિયાનો ઈતિહાસ બદલી નાખશે" એક રીતે સત્ય થતો જણાયો છે. નિમ્ન લખાણોથી આ બધી બાબતો સવિસ્તૃત જાણી શકાય છે. *(The Place of Muslims en Europe Dealoge between European Society and Muslims)*

૧૯૮૯ થી ૧૯૯૮ દરમિયાન યૂરોપની મુસ્લિમ વસ્તીમાં ૧૦૦%થી અધિક વધારો થયો છે. એ પણ જાણવા મળ્યુ છે કે યૂરોપમાં કેવળ મુસ્લિમ વસ્તી વધારો જ નથી થયો બલ્કે મુસ્લિમોમાં દીનની સમજ પણ ગેહરી થતી જાય છે. એક ફ્રાંસિસી સમાચારપત્ર Lemondeના અનુસાર પહેલાંથી અધિક મુસલમાનો નમાઝ પઢવા લાગ્યા છે, મસ્જિદો ભરેલી રહે છે, રોઝાનો વિશેષ પ્રબંધ કરવામાં આવી રહ્યો છે અને દીન પ્રતિ આ સમજ તથા લગન કોલેજોના સ્ટુડન્ટસમાં અધિક જોવા મળે છે.

આ સામાજિક તથા અભ્યાસી સંશોધન સાથે એ પણ યાદ રહે કે યૂરોપ પર ઈસ્લામનો પ્રભાવ તથા અસરો કોઈ નવી વાત નથી બલ્કે ઈસ્લામને યૂરોપથી અલગ કરી શકાય એમ નથી, કારણ કે યૂરોપ અને ઈસ્લામી જગત વચ્ચે સદીઓથી નજીકના સંબંધો રહ્યા છે. સૌ પ્રથમ ઉન્દુલુસની સલ્તનત (૭૫૬–૧૪૯૨) પછી સલીબી જંગો (૧૦૯૫–૧૨૯૧) અને તે પછી ઉષ્માનીઓનો બલ્કાન પર વિજય (૧૩૮૯) આ સર્વ ઘટનાઓ બંને સંસ્કૃતિઓ વચ્ચે પારસ્પરિક સંબંધોનું કારણ બનતી રહી છે. ઘણાય ઈતિહાસકારોનું માનવુ છે કે ઈસ્લામ જ એ ક્રાંતિનું મૂળ કારણ બન્યો જેના લીધે યૂરોપ મધ્ય યુગના અંધકારથી નીકળી નવજાગૃતિના પ્રકાશમાં પહોંચ્યો. એક સમયમાં યૂરોપ ડોક્ટરી, ખગોળ, ભૂગોળ, વિગેરેમાં ઘણુ જ પાછળ હતું અને મુસલમાનો પાસે પહેલાંથી જ ઈલ્મના ખજાના અને પ્રગતિના અસંખ્ય માધ્યમો હતાં.

આ હક઼ીક઼તનું સત્ય એના પરથી પુરવાર થાય છે કે હાલમાં જ **You Tube** પર સાત આઠ મિનિટનું એક ઘણુ જ રસપ્રદ્ વીડિયો પ્રસિધ્ધ થયું હતું વીડિયોનો પ્રોડ્યુસર કોઈ ગૈર મુસ્લિમ છે, વીડિયોનું ટાઈટલ છે : **Muslim Demographics**

વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે : દુનિયાનો નકશો ઝડપથી બદલાઈ રહ્યો છે યૂરોપને જેવું સમજવામાં આવતુ હતું હવે એવું નથી રહ્યું. આજે યૂરોપને ખૂદ પોતાનું અસ્તિત્વ બચાવવાનાં ફાંફાં પડી રહ્યાં છે. ઈસ્લામ સમગ્ર વિશ્વ પર છવાઈ રહ્યો છે. આજે દુનિયાનો સૌથી અધિક સ્વીકારવામાં આવતો ધર્મ ઈસ્લામ છે.

વીડિયો બનાવનારે આ વાતો બે હેતુથી રજૂ કરી છે : ઝડપથી ઈસાઈઓનો ઈસ્લામ સ્વીકાર અને દુનિયાના વિવિધ વિભાગોથી મુસલમાનોનું યૂરોપ તરફ પ્રમાણ.

વીડિયોના વિશેષતમ અંશો આ પ્રમાણે છે :–

★ હમણા ફ્રાન્સમાં મસ્જિદોની સંખ્યા ચર્ચોથી ઘણી વધારે છે. ઈ.સ. ૨૦૨૭ સુધી ફ્રાન્સની દરેક પાંચમી વ્યક્તિ મુસ્લિમ હશે. આવતા ૩૯ વરસોમાં ફ્રાન્સમાં ઈસ્લામી જનતંત્રનો પાયો નંખાય જશે.

★ પાછલા ત્રીસ વરસોમાં મુસ્લિમોની સંખ્યા

બ્રિટનમાં ૮૨૦૦૦થી વધી ૨૫ લાખ સુધી પહોંચી ગઈ છે. ચારેવ બાજુ મસ્જિદોના મીનારા જ નજરે પડે છે. અનુમાન કરો કે આજે ત્યાં હજારથી અધિક મસ્જિદો છે જેમાં અધિકતમ મસ્જિદો એવી છે જે પહેલાં ચર્ચ હતી પછી મસ્જિદ બનાવવામાં આવી.

★ નેધરલેન્ડમાં જે રીતે ઈસ્લામ વધી રહ્યો છે તેનાથી જણાય છે કે આજથી ૧૫ વરસો પછી ત્યાંની અડધીથી અધિક વસ્તી મુસ્લિમોની હશે.

★ રૂસમાં બે કરોડ઼ ત્રીસ લાખથી અધિક મુસ્લિમ વસ્તી છે અને એ સમય દૂર નથી જ્યારે રૂસની ૪૦ ટકા ફૌજી તાક઼ત ઈસ્લામી છાવણીમાં સમાઈ જશે.

★ જર્મની હુકૂમતે ઘણા જ દુઃખ સાથે આ હક઼ીક઼તનો સ્વીકાર કર્યો છે કે ઈ.સ. ૨૦૫૦ આવતા સુધી જર્મની ઈસ્લામી રાષ્ટ્રમાં બદલાય જશે.

★ સમગ્ર યુરોપમાં મુસલમાનોની સંખ્યા પાંચ કરોડ઼ વીસ લાખથી અધિક છે. પાંચથી દસ વરસોમાં ઈસ્લામ દુનિયાનો સર્વોપરી દીન બની જશે.

★ ઈ.સ. ૧૯૭૦માં અમેરિકામાં મુસ્લિમોની સંખ્યા લગભગ એક લાખ જેવી હતી અને ૨૦૦૮માં ૯૦ લાખ સુધી પહોંચી ગઈ છે.

★ કેથોલિક ચર્ચોએ ઉદાર દિલે એ વાતનો સ્વીકાર કરી લીધો છે કે ઈસ્લામની સચ્ચાઈ એમના અનુયાયીઓના દિલોમાં ઘર કરી રહી છે.

વીડિયોનો અંત આ શબ્દો પર થાય છે :–

દુનિયાનો નક઼્શો બદલાઈ રહ્યો છે. હવે સમય આવી ગયો છે કે આપણે ગફલતની નિદ્રાથી સજાગ થઈ જઈએ. હોશમાં આવી જઈએ. ક઼ૌમે મુસ્લિમને શક્ય રીતે પોતાના હમ ખ્યાલ બનાવીએ તથા એમના ઈમાન અને અક઼ીદાની દિવાલો હચમચાવી મૂકીએ. આ સમયની એક ઘણી જ મોટી જરૂરત છે અને આ સમય કાંઈક કરવાનો છે.

**You Tube**માં **Muslim Demographics**ના શિર્ષકથી ચર્ચા કરી આ વીડિયો જોઈ શકાય છે.

આ જ ચિંતા સર્વ યૂરોપિયનો માટે પરેશાનીનું કારણ બની રહી છે અને એ જ કારણથી યૂરોપી ચિંતકો ઈસ્લામ, એહલે ઈસ્લામ, દાઈયાને ઈસ્લામ તથા પૈગમ્બરે ઈસ્લામ ﷺ પર અવારનવાર જૂઠા આક્ષેપો મૂકવા અને દુનિયાવાળાઓને એમનાથી ધૃણા કરતા કરવાની કોઈ તક નથી ચૂક્તા અને દિન પ્રતિ દિન અવનવા ફિત્ના ઉભા કરતા રહે છે. ઈસ્લામ અને મુસલમાનો વિરૂધ્ધ એમના આવા સખત પ્રયાસો અનર્થ તો નહીં હોય, *કુછ તો હૈ જિસ્કી પર્દાદારી હૈ.*

તેઓ ઈલ્મી, ચિંતનમય, જ્ઞાની, માલી સારાંશ કે દરેક રીતે ઝડપથી વધતી જતી ઈસ્લામની લોકપ્રિયતાને રોકવા તનતોડ મહેનત તથા પ્રયાસો કરી રહ્યા છે.

પ્રિન્ટ મીડિયા તથા ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા ઈસ્લામ તથા મુસલમાનો પ્રતિ જૂઠા પ્રોપેગન્ડા કરવા માટે યૂરોપ તથા ઈસાઈ અને યહૂદી મિશનરીઓ કરોડ઼ો ડોલર ખર્ચ કરી રહ્યા છે, ઈસ્લામની પવિત્ર તા'લીમાતની ઠેકડી ઉડાવવામાં આવી રહી છે, પૈગમ્બરે ઈસ્લામ ﷺની તૌહીન કરવામાં આવી રહી છે, આ બધુ શું છે ? બસ એ જ કે *બિસ્યાની બિલ્લી ખમ્ભા નોચે.* બે ઘણી જ કાર્યરત અને અગ્રણી ઈસાઈ મિશનરીઓ, Harry Morin, અને Phil Parshall એ હાલમાં જ એક સેમીનાર રાખ્યો જેનો હેતુ એ હતો કે ઈસાઈઓની મદદ કઈ રીતે કરવામાં આવે, ઈસાઈયતને ફેલાવવામાં આવતાં વિઘ્નોને કઈ રીતે દૂર કરવામાં આવે અને વિશેષ રીતે ઉમ્મતે મુસ્લિમાને કઈ રીતે એમના દીનથી ફેરવી પોતાની જાળમાં ફસાવવામાં આવે. સેમીનાર દરમ્યાન એક વિચિત્ર પ્રશ્ન ઉભો થયો કે ''જયારે ખુદાવંદ આસ્માનથી મુસલમાનોને જોતો હશે તો એને શું જોવા મળતુ હશે ?'' (જો કે ઈસ્લામી અક઼ીદો છે કે અલ્લાહ જગાથી પાક છે, સ્થળથી, દીશાથી, પાક છે) આનો ઉત્તર પોતે જ આ શબ્દોમાં આપ્યો :–

''આતંકવાદ, ધાર્મિક કટ્ટરવાદ, આત્મઘાતી હુમ્લા, બુર્ખાધારી સ્ત્રીઓ, પવિત્ર જંગો, અરબી વસ્ત્રો

પહેરેલા શયખો અને બસ." રહી રહીને આ જ શબ્દો પશ્ચિમી ચિંતકોના મસ્તિષ્કમાં ઉઠલો મારતા રહે છે.

દૂરંદેશ ઈતિહાસકારોનું કહેવું છે કે ઈસ્લામ પ્રતિ એટલુ ચિંતાજનક થવાની જરૂરત નથી. એમનું કહેવું છે કે ઈસ્લામ વનવાસીઓ અને કટ્ટરપંથીઓનો ધર્મ છે જેના સફરની શરૂઆત પણ જંગલથી થઈ અને એનું પતન પણ કોઈ જંગલમાં જ થશે. ઈસાઈયત વિશે એમણે લોકોને એ યકીન અપાવ્યું કે એક સમય એ આવશે જ્યારે પશ્ચિમી સંસ્કૃતિ અને તેની શાનોશૌકત સામે ઈસ્લામ ગુઠણ ટેકવી દેશે, *પરંતુ જાદૂ વો હૈ જો સર ચ્હકે બોલે.*

સેમીનારની સમાપ્તિ પર ઈસ્લામ વિરૂધ્ધ આવા ઝેરીલા વિચારો ધરાવતા બુધ્ધિજીવીઓ હકીકતનો સ્વીકાર આ રીતે કરતા જણાયા :–

"હા ! હવે અજ્ઞાનતાનો અંધકાર દૂર થઈ ગયો છે અને આપણા સમક્ષ એ હકીકત મધ્યાહનના સૂર્યની જેમ જાહેર થઈ ગઈ છે કે આજે ઈસ્લામ વિશ્વના વિવિધ વિસ્તારોમાં સૌથી અધિક ઝડપથી ફેલાતો ધર્મ બની ગયો છે અને જેના અનુયાયીઓની સંખ્યા પૂરી દુનિયામાં એક અબજ વીસ કરોડથી પણ અધિક છે. અત્યાર સુધી આપણે અંધારામાં હતા, હવે આપણી ભૂલ સમજીએ. અને હવે કહેવું પડે છે કે ઈસ્લામ એક રોકી ન શકાય તેવી શક્તિ છે જે લોકોના દિલો પર પોતાના વિજયનો ઝંડો લેહરાવીને રહેશે. ઈસ્લામની ખૂશ્બુને ન મુટ્ટીમાં બંધ કરી શકાય છે ન તલ્વારથી કાપી શકાય છે."

*(http : www.cmmequip.org)*

હે ઉમ્મતે મુસ્લિમા ! હે કૌમે મુસ્લિમ ! સજાગ થાવ, ગફલતની ગાઢ નિદ્રાથી જાગૃત થાવ ! આપણા દુશ્મન તો જાગૃત થઈ ગયા અને તેમણે ઈસ્લામની ઉચ્ચતા તથા અગ્રિમતાને સ્વીકારી તુરત જ સજાગ થઈ ગયા પરંતુ એમના આવા નાપાક મન્સૂબા તથા ઈસ્લામ અને મુસલમાનો વિરૂધ્ધ એમના આવા ખતરનાક વિચારો હોવા છતાં પણ આપણે ગફલતમાં છીએ !

આજે જ્યારે કે આખી દુનિયા પશ્ચિમી સંસ્કૃતિના અંધકારમાં ડૂબેલી છે, આજે જ્યારે કે લોકોને નાસ્તિકતાનો પાઠ શિખવવામાં આવી રહ્યો છે, બેદીની ફેલાવવામાં આવી રહી છે, આજે જ્યારે હકીકતમાં દુનિયાને ઈસ્લામની જરૂરત છે, ઈસ્લામની તલાશ છે, આજે લોકો ઈસ્લામને જાણવા સમજવા ઈચ્છે છે તો હે મુસલમાનો ! ઉઠો, જાગૃત થાવ ! ક્યાં સુધી ગફલતમાં રહેશો ?! આજે દુનિયાને જરૂરત છે તમારા માર્ગદર્શનની, તમારા નેતૃત્વની. આજે પણ દુનિયા તમારામાં એ કિરદાર એ ચારિત્ર્ય જોવા માંગે છે જે તમારા પૂર્વજોમાં હતું, જે તમારા બુઝુર્ગોમાં હતુ, આજે પણ એ જ ઈમાની જઝ્બાની જરૂરત છે જેને જોઈ હજારો લોકો ઈમાનની દૌલતથી માલામાલ થઈ જતા. એ જ પાકીઝા કિરદાર, પવિત્ર ચારિત્ર્ય અને ઈમાની જઝ્બા સાથે ઉઠો, અને પોતાનો દીની ફર્ઝ અદા કરો, અલ્લાહ અને તેના રસૂલ ﷺ સાથે, બુઝુર્ગાને દીન સાથે વફાદારીનું સબૂત આપો.

નહીં તો કાલે કયામતમાં અલ્લાહ અને તેના રસૂલ ﷺની બારગાહમાં શો જવાબ આપશો ! ગૌષે આ'ઝમ, ખ્વાજએ અજમેર, મખ્દૂમે સિમ્ના તથા બુઝુર્ગાને દીનને કઈ રીતે મોઢુ દેખાડશો, શોહદાએ બદરો ઉહદ, શોહદાએ કરબલા, સૈયદુશ્શોહદા ઈમામે હુસૈન તથા ઈસ્લામના નામ પર પોતાના ખૂનનો અંતિમ છાંટો નિછાવર કરવાવાળા શહીદોનું ખૂન તમારાથી તકાઝો કરશે કે ઈસ્લામની હિફાઝત, તબ્લીગ અને ઈસ્લામની દા'વત લોકો સુધી પહોંચાડવા તમે શું કર્યું ?! અલ્લાહ અને તેના પ્યારા રસૂલ ﷺને પ્યારા મુસલમાનો ! દિલ પર હાથ રાખી વિચારો એ સમયે આપણે શો જવાબ આપશું ? ક્યાં મોઢુ છુપાવીશું ? શું બહાનું બનાવીશું ?

એટલા માટે આવી સખત રૂસ્વાઈ અને પકડથી બચવા દુનિયા વ આખેરતમાં અમર થવા આજે જ કમર કસો, પોતપોતાની રીતે કોશિશ કરો, અને ઈસ્લામની ખિદમત કરવાવાળાઓ સાથે જોડાઈ જાવ. *("કન્ઝુલ ઈમાન" ઉર્દૂ માસિક–દિલ્હી, ઓક્ટોબર–૨૦૦૯)*

# જાતીય પરિવર્તન શરીઅતની દૃષ્ટિએ

**અઝ** : મુફ્તી મુહમ્મદ અખ્તર હુસૈન અલીમી કાદરી *(ઉસ્તાદ વ મુફ્તી દારુલ ઉલૂમ અલીમિયહ્–જમદાશાહી)*

**અનુવાદક** : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

ખાલિકે કાઈનાતે પોતાની બારીક હિકમત વડે ઈન્સાનોને પુરૂષ તથા સ્ત્રીના રૂપમાં પેદા ફર્માવી બંનેવના મકસદોને અલગ અલગ નક્કી ફર્માવ્યા, જેમ કે દરેક સામાન્ય બુદ્ધિ અને યુક્તિ ધરાવનારા પર પણ આ હકીકત જાહેર છે. પરંતુ જમાનાના ઈન્કિલાબે એવા એવા અજબ બનાવો જોયા જેનાથી બુદ્ધિ દંગ અને માનવતા બેચૈન અને પરેશાન છે. દરરોજ નવા નવા ફિત્નાઓનું જાહેર થવું શૈતાની કાર્યોનું પ્રદશન એ આદમીના રૂપમાં શૈતાનોના ફખ્રની અને બુલંદી અને પ્રગતિની નિશાન છે, પરંતુ આ બધું ઈમાનવાળાઓના નજીક કયામતની અલામત (નિશાનીઓ) અને પહેચાન છે.

સંપાદકની સામાન્ય સમજ અનુસાર જાતિ પરિવર્તનના ઘણા પ્રકારો છે અને દરેકનો હુકમ અલગ અલગ છે :–

(૧) **જાતિ પરિવર્તનનો પ્રથમ પ્રકાર** : એ છે કે કોઈ વ્યક્તિ પૈદાઈશી તૌર પર બિલ્કુલ સારી રીતે સ્ત્રી અથવા પુરૂષ હોય. અને જે જાતિ પર તેનો જન્મ થયો તેના બધા અંગો તેમાં મૌજૂદ હોય, પરંતુ પશ્ચિમી સંસ્કૃતિ અને શૈતાની કલ્ચરથી પ્રભાવિત થઈ અથવા બીજા કોઈ કારણસર પોતાની પ્રાકૃતિક જાતિથી મોઢું ફેરવવા ચાહતો હોય અને વિરોધ જાતિમાં પરિવર્તન થવાનું શૈતાની કાર્ય અંજામ આપતો હોય. આ પ્રકાર ન એક કારણથી બલ્કે ઘણા બધાં કારણોથી હરામ હરામ અને સખ્ત હરામ છે.

**પહેલુ કારણ** : તેમાં અલ્લાહની બનાવટમાં પરિવર્તન કરવું છે જે કુર્આન અને હદીષની નસ (દલીલ)થી નાજાઈઝ અને હરામ છે. અલ્લાહ તઆલા શૈતાનના કથનને હિકમતના તૌર પર બયાન ફર્માવે છે : "હું તેઓને કહીશ તો જરૂર તેઓ અલ્લાહ તઆલાએ બનાવેલ વસ્તુઓમાં ફેરફાર કરશે." *(હવાલો સૂરએ નિસાઅ, ૧૧૯)* આ આયતે કરીમા વિશે અલ્લામા સાવી માલિકી લખે છે, "તેનાથી મુરાદ શારીરિક પરિવર્તન છે." *(હવાલો : સાવી અલલ જલાલૈન, ભાગ–૧, પેજ–૨૩૧)*

રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે, "અલ્લાહ તઆલા તેના ઉપર લઅનત ફર્માવે છે જે તેની બનાવેલ વસ્તુઓમાં ફેરફાર તબ્દીલી કરે છે." *(હવાલો : ફતાવાએ મુસ્તફવિયા, પેજ–૫૩૧, બહવાલા બુખારી વ મુસ્લિમ)*

**બીજુ કારણ** : શરીરના અમુક અંગોનું શરઈ મજબૂરી વિના કાપવું છે, જેમાં નફ્સને કષ્ટ અને શારીરિક તકલીફ સિવાય પોતાને હલાકત અને બર્બાદી તરફ ધકેલવું છે, જેની શરીઅતમાં મનાઈ છે." અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "પોતાની જાતને હલાકતમાં ન નાખો." *(હવાલો : સૂરએ બકરહ્–૧૯૫)*

**ત્રીજુ કારણ** : જરૂરત વિના સતર (છુપાવવાનું અંગ) ખોલવું, શરમગાહ (ગુપ્તાંગ)ને જોવું, દેખાડવું, સ્પર્શ કરવું છે, જે વિના સંકોચે નાજાઈઝ છે. રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે, "કોઈ પુરૂષ કોઈ સ્ત્રીની સતરે ઔરત (ગુપ્ત ભાગ, છુપાવવાની જગા)ને ન જુએ અને ન કોઈ સ્ત્રી કોઈ મર્દના સતરને જુએ." *(હવાલો : સહીહ મુસ્લિમ શરીફ–૪૭૦)*

**ચોથુ કારણ** : મર્દનું ઔરત સાથે અને ઔરતનું મર્દ સાથે પહેરવેશ અને બનાવટ અને રહન સહન વગેરેમાં સમાનતા છે, જે લઅનતનું કારણ અને નાજાઈઝ અને હરામ છે. હદીષ શરીફમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"અલ્લાહ**

**તઆલા અને તેના ફરિશ્તા તે વ્યક્તિ પર લા'નત મોકલે છે જે ઔરતની વેશભુષા અપનાવે છે અને તે ઔરત ઉપર પણ કરે લઅનત છે જે મર્દની વેશભુષા અપનાવે છે."** *(હવાલો : કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૭૩, જામેઉલ અહાદીષ, ૩/૧૫)*

**પાંચમુ કારણ :** એ ફેરફાર કરાવવામાં નેઅમતની નાશુક્રી છે જે શરીઅતમાં બુરી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : "જો એહસાન કરશો તો હું તમને વધુ આપીશ અને જો નાશુક્રી કરી તો બેશક ! મારો અઝાબ સખ્ત છે." *(હવાલો : સૂરએ ઈબ્રાહીમ-૭)*

**છઠ્ઠુ કારણ :** આવાં કામો કરવામાં માલને બરબાદ કરવું અને ફુઝૂલખર્ચી છે અને ફુઝૂલખર્ચી એ શૈતાનનું કાર્ય છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **"બેશક ! ફુઝૂલખર્ચી કરનારાઓ શૈતાનના ભાઈ છે."** *(હવાલો બની ઈસ્રાઈલ)*

બીજી જગ્યાએ અલ્લાહ તઆલા ફર્માવે છે : "બેશક ! અલ્લાહ ફુઝૂલખર્ચી કરનારાઓને પસંદ નથી રાખતો." *(સૂરએ અન્આમ-૧૪૨)*

**સાતમુ કારણ :** પુરુષ છે તો તેમાં લિંગ કપાવી રહેલ છે જે ખસી થવાથી વધીને છે, જ્યારે કે ખસી કરાવવાનું હરામ હોવા ઉપર બધાની સહમતિ છે.

આ બધા ઉપસ્થિત કારણોના લીધે જાતિમાં ફેરફાર કરવાની આ પ્રથમ સ્થિતિ સખ્ત હરામ અને લા'નત અને ગુનાહનો સબબ છે.

(૨) **જાતિ પરિવર્તનનો બીજો પ્રકાર :** એ છે કે મનુષ્ય પૈદાઈશી તૌર પર તો સ્ત્રી અથવા પુરુષ હોય પરંતુ તેની આદતો અને ટેવો અને રહેણીકરણી, પસંદ નાપસંદ વિરોધી જાતિની જેમ હોય, દા.ત. મર્દ હોવા છતાં સ્ત્રીઓની જેમ હરકતો ધરાવતો હોય, અથવા સ્ત્રી હોવા છતાં મર્દોની જેમ હરકતો ધરાવતી હોય, અને પછી તે એ જ વિરોધી જાતિમાં પરિવર્તન થવાનું ઈચ્છતો હોય.

મર્દ હોવા છતાં ઔરતોની જેમ હરકતો અને ઔરત હોવા છતાં મર્દની જેમ હરકતો શા માટે થાય છે ? અને એવા લોકો માટે શું હુકમ છે ? સરકાર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી رضی اللہ عنہ લખે છે : "પુરુષે ઔરતોની જેમ કોઈ વાત અપનાવવી હરામ છે. રસૂલુલ્લાહ ﷺએ તેના પર લા'નત ફર્માવી છે અને જે અલ્લાહ અને તેના રસૂલનો મલઊન હોય તે પેશવા નથી થઈ શક્તો, તેના મુરીદ થવું હરામ છે. વાત એ છે કે ઔરતના પેટમાં બે ખાનાંઓ હોય છે જમણુ ખાનુ છોકરા માટે અને ડાબુ ખાનુ છોકરી માટે. અને નુત્ફો (વિર્ય) મર્દનો ગાલિબ આવ્યો (અગ્રતા પામ્યો) તો છોકરો બને છે, અને જો ઔરતનો અગ્રતા પામ્યો તો છોકરી બને છે. વળી જો મર્દનો નુત્ફો ગાલિબ આવ્યો અને રહમ (ગર્ભ)ના સીધા ખાનામાં પડયો તો છોકરો થશે. જાહેર અને આંત્રિક બંનેવ રીતે મર્દ. અને જો સ્ત્રીનો નુત્ફો ગાલિબ આવ્યો અને ગર્ભના ડાબા ખાનામાં પડયો તો છોકરી થશે, જાહેર આંત્રિક બંને રીતે ઔરત થશે.

અને જો મર્દનું વિર્ય ગાલિબ આવ્યું (અગ્રતા પામ્યું) અને ગર્ભાશયના ડાબા ખાનામાં પડયું તો તે દેખાવમાં છોકરો થશે પરંતું દિલમાં સ્ત્રીમય હશે. તેને દાઢી મૂંડાવવાની, ઝવેરાત પહેરવાની, હાથ પગમાં મહેંદી લગાડવાની, ઔરતોની જેમ વાળ વધારી તેની ચોટલીને બંધાવવાની અથવા બાલ છૂટા રાખવાની, કલીદાર ઈજાર પહેરવાની, લાલ નેફો નાખવાની વગેરે કોઈ પણ સ્ત્રીની જેમ શણગારનો શોખ હશે અને જો તે વેળા મર્દનો નુત્ફો થોડોક ગાલિબ હતો, તો બિલ્કુલ નપુંસક છોકરો બની જશે.

અને જો ઔરતનો નુત્ફો ગાલિબ આવ્યો અને ગર્ભાશયના જમણા ખાનામાં પડયો તો આ સ્થિતિમાં તે છોકરી થશે પરંતુ દિલમાં મર્દાનગી, ટોપી રાખવાની, અમામો બાંધવાની, ઘોડા પર સવારી કરવાની, તલ્વાર ઉઠાવવાની, તીરંદાઝી કરવાની, મર્દની જેમ બુટ ચપ્પલ પહેરવાની વગેરે સર્વ પુરુષની જેમ બનાવટનો શોખ હશે. સારાંશ કે આ બંનેવ ખાનાંઓ બેહકેલાં અલ્લાહ અને રસૂલના મલ્ઉન (લઅનત પામેલાં)છે. રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે : **"અલ્લાહની લા'નત તે ઔરતો પર**

**જે મર્દોની જેમ બનવાની કોશિશ કરે, અને એ પુરુષો પર જે ઔરતોની જેમ બનવાની કોશિશ કરે."** *(મુસ્નદે અહમદ, બુખારી, અબૂ દાઊદ, તિર્મિઝી અને ઈબ્ને માજહ એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની સનદથી આ હદીષે રિવાયત કરી)* હુઝૂર ﷺએ આ નિર્દેશ તે વેળા ફર્માવ્યો જ્યારે એક ઔરતને કમાન ખભા પર લટકાવેલી જોઈ (ઈમામ તબરાનીએ પોતાની મુઅજમે કબીરમાં આ રિવાયત બયાન ફર્માવી છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **"અલ્લાહની લા'નત એ પુરુષ પર જે સ્ત્રીઓને પહેરવાની વસ્તુ પહેરે અને તે સ્ત્રીઓ ઉપર જે પુરુષોને પહેરવાની વસ્તુઓનો ઉપયોગ કરે."** *(અબૂ દાઊદ, સુનને નસાઈ, ઈબ્ને માજહ)* અને હાકિમે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہના આ શબ્દો "રસૂલલ્લાહ ﷺએ તેના પર લા'નત ફર્માવી" સાથે રિવાયત કરી છે. *(આ પરથી વાળ કટિંગ કરતી જિન્સ, ટી શર્ટ પહેરનારી બહેનો તથા ગળે, હાથે, ચેનો, રીંગ, હેરિંગ પહેરતા ભાઈઓ સબક લે. –સંપાદક)*

ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી પૂછવામાં આવ્યું કે **ફલાણી સ્ત્રી મર્દોની જેમ બુટ પેહરે છે,** તો ફર્માવ્યું : "રસૂલલ્લાહ ﷺએ **લા'નત** ફર્માવી છે **તે સ્ત્રી પર જે મર્દોની જેમ બનવાની કોશિશ કરે."**

ઉપરોક્ત હદીષોથી સાબિત થયું કે કોઈ એક કામમાં પણ પુરુષે સ્ત્રીની અથવા **સ્ત્રીએ પુરુષની જેમ બનવું હરામ અને લા'નતનો સબબ** છે. રસૂલલ્લાહ ﷺની ઝુલ્ફ મુબારક ખભા સુધી રહેતી હતી. બસ એટલા સુધી જ હલાલ છે, **તેનાથી વધુ રાખવી એ જ સ્ત્રીઓની આદત છે.** બલ્કે ઉલ્માએ કિરામે તેનાથી પણ હલ્કી વાતમાં એકરૂપતા હોય તેના પર પણ લા'નતનો હુકમ બતાવ્યો. દુર્રે મુખ્તારમાં છે : "કોઈ પુરુષનું કોઈ સ્ત્રીના વાળ બાંધવાની જેમ અને તેની સ્ટાઈલમાં બાધવું મકરૂહ કાર્ય છે." *(ફતવાએ રઝવિય્યહ, મુતરજિમ, ભાગ–૨૧, ૬૦૦ થી ૬૦૨)*

આ ઈર્શાદથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે કોઈ સ્ત્રીઓની આદતોને અપનાવવાનો શું સબબ હોય છે, અને તે ટેવો અપનાવવાથી તે જાતિમાં સામેલ થવાનો હુકમ નથી આપવામાં આવતો, અને ન શરીઅત એ વાતની ઈજાઝત આપશે કે એ જાતિથી એકરૂપતા અપનાવવામાં આવે અને જો એવી વ્યક્તિ પોતાની વિરોધી જાતિથી એકરૂપતા અપનાવે છે તો શરીઅતની દષ્ટિએ તે મલ્ઉન હોય છે. આનાથી એ પણ જાહેર થઈ ગયું કે જ્યારે માત્ર એકરૂપતા અપનાવવું લા'નતનું કારણ છે, તો પછી આખી તે જાતિમાં પરિવર્તન થઈ જવું તેનાથી વધીને હરામ, ગુનોહ અને લા'નતનો સબબ છે. એટલા માટે આ બીજા પ્રકારમાં પણ જાતિનું પરિવર્તન કરવું હરામ, સખ્ત હરામ છે.

(૩) **જાતિ પરિવર્તનનો ત્રીજો પ્રકાર** : એ છે કે મનુષ્યમાં પુરુષ અને સ્ત્રી બંનેવની નિશાનીઓ હોય. જેને ફિક્હમાં ખન્ષા (હિજડો) કહેવામાં આવે છે. સામાન્યતઃ આવા વ્યક્તિ ઓછા જોવા મળે છે તો પણ શરીઅતે જે કાંઈ ઈર્શાદ ફર્માવ્યો છે ફુકહાએ કિરામ તેને બયાન ફર્માવી દીધો છે, જેનો નિચોડ એ છે કે આવી વ્યક્તિને પુખ્તવય (બાલિગ) પહેલાં સ્ત્રી અથવા પુરુષ માનવાનો તરીકો એ છે કે જો પુરુષ લિંગ વડે પેશાબ કરે છે, તો મર્દ સ્વીકારવામાં આવશે અને જો સ્ત્રી લિંગ વડે પેશાબ કરે છે, તો સ્ત્રી સ્વીકારવામાં આવશે.

અલ્લામા મરગીનાની رضی اللہ عنہ લખે છે : જ્યારે બાળકને બંનેવ નિશાનીઓ મૌજૂદ હોય (સ્ત્રી અને પુરુષ બંનેવની નિશાનીઓ) તો એ ખન્ષા (હિજડો) છે. જો એ પુરુષ લિંગ વડે પેશાબ કરે છે તો તે છોકરો છે, અને જો સ્ત્રી લિંગ વડે પેશાબ કરે છે તો તે છોકરી છે. એટલા માટે કે નબીએ અકરમ ﷺથી હિજડાઓના વિશે પૂછવામાં આવ્યું કે તેઓને કઈ રીતે વારસ બનાવવામાં આવે ? તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : તેની પેશાબ કરવાની રીતથી. (જો પુરુષ લિંગ વડે પેશાબ કરે તો છોકરો અને સ્ત્રી લિંગ વડે પેશાબ કરે તો છોકરી) હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી પણ આવી જ રિવાયત આવેલ છે.

એટલા માટે કે પેશાબ કોઈ પણ અંગ વડે હોય, પણ તે દલીલ છે એ વાત ઉપર કે એ જ અંગ અસ્લી અને સારો છે, અને બીજો ઐબ માનવામાં આવશે. *(હિદાયા–૪, પેજ–૬૫૮)*

અને જો બાલિગ થયા પછી મર્દોની નિશાની જાહેર થાય જેમ કે દાઢી નીકળી આવે, સ્તનો પુરુષોની જેમ હોય, પુરુષોની જેમ એહતેલામ (સ્વપ્નદોષ) થતું હોય કે વિર્ય જો પુરુષ લિંગથી નીકળતું હોય તો તે મર્દ છે, અને જો ઔરતોની નિશાનીઓ હોય, જેમ કે સ્તનો (છાતી) ઔરતોની જેમ હોય અથવા હૈઝ વગેરે આવતું હોય તો તેને સ્ત્રી સ્વીકારવામાં આવશે. અને હરહાલમાં બીજો અંગ ઐબ માનવામાં આવશે. અલ્લામા અલાઉદ્દીન હસકફી رحمۃ اللہ علیہ ફર્માવે છે : બાલિગ થયો અને તેની દાઢી નીકળી આવી અથવા કોઈ સ્ત્રી પાસે જઈ આવ્યો, અથવા તેને મર્દની જેમ એહતેલામ (સ્વપ્નદોષ) થયો તો તે પુરુષ છે, અને જો તેને સ્તન અથવા દૂધ જાહેર થયું અથવા હૈઝ આવ્યું અથવા ગર્ભ રહી ગયો અથવા તેનાથી સંભોગ શક્ય હોય તો તે સ્ત્રી છે. *(દુર્રે મુખ્તાર મઅ રદ્દુલ મુહ્તાર, ૫/૪૬૪–૬૫)*

ઉપરના વર્ણનથી દરેક ઈલ્મવાળો સમજી શકે છે કે સ્ત્રી લિંગ અને પુરુષ લિંગ નક્કી થઈ ગયા પછી બીજો અંગ જ્યારે ઐબ છે, તો તેને જાહેર કરવો શરીઅતની નજીક મના નહીં રહેશે, એટલા માટે **બંનેવ નિશાનીઓવાળો જો શરીઅતની દષ્ટિએ પુરુષ લિંગ નક્કી થઈ જાય છે તો સ્ત્રી લિંગની નિશાનીને ખત્મ કરાવવું જાઈઝ હોવું જોઈએ.** એવી જ રીતે તેનાથી ઉલ્ટુ. કેમ કે **આ જાતિનો ફેરફાર નથી** બલ્કે **આ જાતિની નિશ્ચિતતા** તથા **જાતિને અગ્રતા આપવું છે.** અને આ માર્ગમાં મમનુઆત (જેની મનાઈ કરવામાં આવી હોય તે)ને કરવાની જરૂરતના લીધે ઈજાઝત મળવી જોઈએ. જેમ કે હરામ વસ્તુઓને દવાના તૌર પર ઉપયોગ કરવાની અને ગૈર મેહરમને એક નજર જોવાની વગેરે અમુક સ્થિતિ ઈજાઝત હોય છે. (એટલે કે એક નજર જો અચાનક પડી ગઈ તો તે માફ છે)

(૪) **જાતિ પરિવર્તનનો ચોથો પ્રકાર** : એ છે કે પુરુષમાં **સ્ત્રી લિંગ** અને **પુરુષ લિંગ** બંનેવ હોય અને મર્દ અને ઔરતમાંથી કોઈને કોઈ નિશાની જાહેર ન હોય જેને શરીઅતની બોલીમાં **ખન્સા મુશક્કલ** કહે છે, તો એવા લોકો માટે પણ નિષ્ણાત ડોક્ટરો અને અનુભવી ડોક્ટરો થકી પૂરી ચેકીંગ અને તપાસ થઈ ગયા પછી કોઈ એક જાતિ બાજુ પરિવર્તન થઈ જવાની ઈજાઝત હોવી જોઈએ કે મનુષ્ય માટે કોઈ એક જાતિ નક્કી ન હોવી એવી ઉઘાડી ઐબ અને કષ્ટ અને તકલીફની વાત છે જેને રજૂ કરવાની જરૂરત નથી. જેમ કે ફ઼ત્હુલ ક઼દીરમાં છે : ખન્ષા મુશક્કલ જેમાં બંનેવ નિશાનીઓ સ્ત્રી લિંગ અને પુરુષ લિંગ મૌજૂદ હોય તો તે નમાઝમાં ઈમામની પાછળ હોય, સ્ત્રીઓ અને પુરુષોની સફની વચ્ચે તો મજબૂરીના લીધે તે મર્દની બેસવાની જેમ બેસશે, જો મર્દ હોય. અને જો ઔરત છે તો તેણે મકરૂહ કામ કર્યું. એના વિશે એટલે કે મજબૂરીના કારણે તેને બેસવાની ઈજાઝત છે.'' મબસૂત અને ઝખીરા બંને કિતાબોમાં તેના વિશે ખુલાસો આવ્યો છે અને ત્યાં મજબૂરીનું કારણ બયાન કરવામાં આવ્યું છે, જ્યારે કહ્યું કે એટલા માટે કે આદમી મજબૂરીની હાલતમાં એવી રીતે બેસે છે અને હાલત શંકાસ્પદ હોવી એ વધુ મજબૂરીને દર્શાવે છે અને એ સાબિત છે. પરંતુ તેના ઉપર વાંધો આવે છે. તે ઔરત હોય તેણે મકરૂહનો ઈર્તેકાબ (મકરૂહ કામ) કર્યો તો જવાબ આપવામાં આવશે કે મજબૂરીના વેળા મકરૂહનો ઈર્તેકાબ પણ જાઈઝ છે. *(ફ઼ત્હુલ ક઼દીર, ૧૦/૫૫૧)*

અને એ તો એક ઉઘાડી હક઼ીક઼ત છે કે ખરેખરી મજબૂરીના કારણે મનાઈ પામેલ વસ્તુઓ પણ મુબાહ થઈ જાય છે. એટલા માટે લેખકનો ખયાલ એ છે કે **આવી વ્યક્તિ માટે મુમ્કિન (શક્ય) અને લાભદાયક સબબોને અપનાવી કોઈ એક જાતિમાં થઈ જવાની શરીઅતમાં ઈજાઝત છે, કે આ હક઼ીક઼તમાં જાતિ પરિવર્તન નથી બલ્કે આ બીમારીને દૂર કરવું અને જાતિને નિશ્ચિત**

**કરવું અને તેને મહત્વ આપવું છે.**

ખુલાસો એ કે શરીઅતના વર્તુળમાં રહી મેડિકલ સાઈન્સની પ્રગતિથી ફાયદો પ્રાપ્ત કરવો એ ઐબ અને મના નથી. એટલા માટે જાતિ પરિવર્તનને એકદમ નાજાઈઝ અને હરામ કહેવું અથવા તે જ રીતે એકદમ જાઈઝ અને સહીહ કહેવું પણ કદાપિ દુરુસ્ત નથી બલ્કે અમુક સ્થિતિમાં જાઈઝ અને અમુક સ્થિતિમાં નાજાઈઝ છે.

જો કે જાઈઝ હોવાની સ્થિતિ ભલે ને જવલ્લેજ તથા દુર્લભ છે, અલ્બત્ત સવાલનામામાં જે બે ખરાબ બનાવોનું વર્ણન છે કે એક સહીહ તંદુરસ્ત વ્યક્તિએ ઓપરેશન થકી પોતાને છોકરી બનાવવાનું કૃત્ય તથા એક છોકરી જે પૈદાઈશી તૌર પર છોકરી હતી પરંતુ અમુક આદતો અને ટેવો છોકરાઓ માફક હતી તેણે જાતે ઓપરેશન થકી પોતાને મર્દ બનાવવાની કોશિશ કરી. આ બંનેવ બનાવોમાં પહેલો બનાવ ઉપર દર્શાવેલ પ્રથમ પ્રકારથી સંબંધિત છે, અને બીજો બનાવ ઉપર વર્ણન થયેલ બીજા પ્રકાર સાથે સંબંધિત છે, જે હર હાલમાં નાજાઈઝ, હરામ, ગુનાહ, બેહયાઈ, લા'નત અને ગઝબનો સબબ છે. અલ્લાહ તઆલા સર્વ મુસલમાનોને આવી લા'નતથી મેહફૂઝ રાખે. (વલ્લાહુ તઆલા અઅ્લમ બિસ્સવાબ)

## જાતિ પરિવર્તન થઈ ગયા પછીની હાલત

દરેક વ્યક્તિ જાણે છે કે સ્ત્રી માથાથી લઈ પગ સુધી સ્ત્રી અને પુરૂષ માથાથી લઈ પગ સુધી મર્દ હોય છે. જે માનવ ઔરત છે તેનો દરેક અંગ ઔરત છે, ત્યાં સુધી કે તેના વાળ અને નખ પણ ઔરત છે, એ જ કારણે **સ્ત્રીને માથાથી લઈ પગ સુધી અજનબીઓથી છુપાવવાનો હુકમ છે,** અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "હે મહબૂબ ! મો'મિના સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાની નજરોને નીચી રાખે અને પોતાની શરમગાહો (ગુપ્તાંગો)ની હિફાઝત કરે." અલ્લાહ તઆલાનો ઈર્શાદ, "પોતાનો શણગાર ન કરે... સુધી." *(સૂરએ નૂર, ૩૧)*

બલ્કે **ફુક્હાએ કિરામ ઔરતના અવાજને પણ ઔરત (છુપાવવાની ચીજ) ફર્માવેલ છે** જેમ કે અલ્લામા ઈબ્ને આબેદીન શામી رحمۃ اللہ علیہ લખે છે, "સ્ત્રીનો અવાજ પણ ઔરત (છુપાવવાની વસ્તુ) છે." *(રદ્દુલ મુહ્તાર, ભાગ–૫, પેજ–૨૩૬)*

એટલા માટે જો મર્દે ઓપરેશન થકી પોતાના ખાસ અંગો ખતમ કરાવી સ્ત્રીના અંગો લગાડી લીધાં તો એ ખબીષ બુરુ કાર્ય, લા'નતને પાત્ર હરકતના લીધે તેને કદાપિ ઔરત નહીં કહેવામાં આવશે, કેમ કે પુરુષના બધા અંગો મર્દ છે. એવી જ રીતે કોઈ સ્ત્રીએ પોતાના અંદર મર્દના અંગો લગાડી લીધાં તો તે મર્દ ન થશે કેમ કે બીજા અંગો દરેક હાલમાં ઔરત છે. ખુલાસો એ કે **ઓપરેશન થકી જાતિ પરિવર્તનથી શરીઅત સમક્ષ જાતિનો ફેરફાર નહીં થાય. જો પહેલાં પુરુષ હતો તો હમણા પણ મર્દના જ હુકમમાં છે, અને જો સ્ત્રી હતી તો હમણા પણ ઔરત જ છે.**

**દીની અને દુનિયવી એહકામ (હુકમો) :** જ્યારે આ હકીકત સૂરજની જેમ પ્રકાશિત થઈ ગઈ કે આવા ગૈર પ્રાકૃતિક કાર્યથી શરીઅતના નજીક જાતિ પરિવર્તન નથી થતું જેથી જાતિના ફેરફાર પહેલાં જે જાતિ (લિંગ) હતી તેના મુતાબિક્ એહકામ લાગુ પડશે. દા.ત. જો મર્દ હતો તો હવે પણ મર્દ જ માનવામાં આવશે અને નમાઝ, રોઝા, નિકાહ અને તલાક્ વગેરે હુકમોમાં મર્દ જ રહેશે, અને જો સ્ત્રી હતી તો જાતિ (લિંગ) પરિવર્તન થયા પછી પણ તે ઔરત જ રહેશે, ન તે મર્દ સાથે નમાઝ વગેરેમાં સામેલ થઈ શકે છે, ન કોઈ છોકરી સાથે તેના નિકાહ થઈ શકે છે. બલ્કે શરીઅતની દષ્ટિએ તે ફાજિર, ફાસિક્, મુજરિમ, ગુનેહગાર, અલ્લાહના ગઝબ અને જહન્નમનો હક્દાર, સખ્ત હરામકાર, બદ્કાર અને પરવરદિગારની લા'નતને પાત્ર છે. જેથી હવે એ એક ફાસિક્, ફાજિર છે, અને મર્દોના અંગો લગાડવાના લીધે ઔરતોને તેનાથી ફિત્ના ફસાદમાં પડાવનો ભય છે, એટલા માટે **બીજી સ્ત્રીઓએ તેનાથી દૂર રેહવું લાઝિમ અનિવાર્ય** છે. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

# દીન તથા સુન્નિયતની તબ્લીગમાં
# મસ્જિદોના ઈમામોનો શો રોલ હોવો જોઈએ ?!

............ ***હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ !***

રજૂકર્તા : **મુહમ્મદ રઉફ પટેલ-પાલેજ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

આજકાલ જુમ્આના દિવસે સામાન્યતઃ મસ્જિદોમાં એ રિવાજ છે કે જુમ્આના ખુત્બા પહેલાં ઈમામ સાહબ ક઼ાબેલિયત તેમની હોય કે ન હોય પણ મોઢે તક઼રીર કરે છે અને લગભગ દરેક મુસલમાન કોઈ ન કોઈ મસ્જિદમાં જુમ્આ વખતે નમાઝ પઢવા અચૂક જાય છે અને વિના મહેનતે મસ્જિદમાં પબ્લિક જમા થઈ જતી હોય છે. તો આ એટલો સોનેરી અવસર છે કે દીન તથા સુન્નિયતનો પયગામ શરીઅતનો પયગામ ખૂબ જ આસાનીથી પબ્લિક સુધી પહોંચાડી શકાય છે. ઈમામ જો દીન તથા સુન્નિયતની લાગણી સાથે પબ્લિકને દીન ઈમાનની મજબૂતીની તા'લીમ આપતું, મસ્અલા મસાઈલ શીખવાડતુ, સુન્નતોની ફઝીલત તથા તેની તાલીમ આપતું, બાતિલ ફિર્કાઓના ગંદા અક઼ીદાઓને પબ્લિક સામે ઓપન કરી કુર્આન હદીષની રૂએ, બુઝુર્ગોના કથનોની રૂએ તેમની બદઅક઼ીદગી સાબિત કરતું બયાન કરે, સારી વાતોનો હુકમ આપવા તથા બુરી વાતોથી રોકવા વિશે તથા ઘરને સમાજને ઈસ્લામી માહોલમાં શણગારવા વિશે બયાન કરે તો જરૂર માહોલમાં ઈન્કિ઼લાબ પેદા થઈ શકે છે.

## ઈમામ બયાન થકી રૂહાની ગિઝા પૂરી પાડે

પણ અધિક્તર એવું જોવા મળે છે કે મુક઼ર્રિરો તથા ઈમામો તાલમેલ વગરનાં બયાનો માઈક પર ગળુ ફાડી ફાડીને ચીસો પાડી પાડીને એ રીતે કરે છે કે પબ્લિક અકળામણ અનુભવે છે. કોઈ કિસ્સો પકડીને રબર જેમ તેને લાંબો ટૂંકો ખેંચતા રહી ૨૦–૨૫ મિનિટ ઈમામ ગર્જનાઓ કરતા રહે છે જેનાથી ન પબ્લિકને કાંઈ જાણવા મળે છે, ન કોઈ મસ્અલો શીખવા મળે છે. બસ, ઘસાએલી પીટાયેલી કેસેટો રિપીટ થતી હોય તેમ સનદી ગૈર સનદી કિસ્સા કહાની રજૂ કરીને જુમ્આમાં પયગામે ઈસ્લામ તથા પયગામે શરીઅત પહોંચાડવાનો ગોલ્ડન ચાન્સ આમ જ ખતમ કરી દેવામાં આવે છે. નવયુવાન તબક઼ો આમેય દુનિયાની ચમક દમકમાં ગુમ છે અને દીનથી દૂરી અપનાવી રહ્યો છે તેમને જ્યારે યોગ્ય રૂહાની ગિઝા મળે એવું બયાન સાંભળવા ન મળે તો એ જુમ્આની તક઼રીરથી દૂર રહે એ સ્વભાવિક છે. કેટલાક શિકાયત કરે છે કે યુવા વર્ગ મસ્જિદમાં તક઼રીર થતી હોય અને મસ્જિદ બહાર ટોળેટોળાં ગપ્પાંમાં મશગૂલ હોય છે, તો એમાં એકલો દોષ એ નવા કલ્ચરનો નથી પણ ખતીબો તથા ઈમામોનો પણ છે કે તેમને દીની રૂહાની સ્વાદિષ્ટ ગિઝા મળે તો એ જરૂર બયાન પહેલાં મસ્જિદમાં આવી જશે. અને એવા વ્યવસ્થિત રીતે દીની પયગામ પહોંચાડનારા ઈમામો જ્યાં હોય છે ત્યાં પબ્લિક વેળાસર મસ્જિદે હાજર થઈ જતી હોય છે. જેથી ઈમામોએ જોઈએ કે જે વિષય પર બયાન કરવાનું હોય તેના વિશે જુમ્આમાં કેવળ ૨૦–૨૫ મિનિટ જ બોલે પણ અઠવાડિયાભર મહેનત કરી તે બયાનને એવું મુદલ્લલ તથા રૂહાની તાજગી આપે તેવું બનાવે કે લોકો અઠવાડિયા સુધી તેને યાદ કરતા રહી તેના પર અમલ કરવા પ્રેરાય તથા આવનારી જુમ્આના ઈન્તેઝારમાં રહે.

## ઈબાદતનું મહત્વ તથા મસાઈલ સમજાવે

આજે મોટાભાગે જુમ્આની બે રકાત ફર્ઝ પૂરી થતાં ૫૦ થી ૬૦ % પબ્લિક જાણે નમાઝ પૂરી થઈ ગઈ હોય તેમ ભાગતી ભાગતી જેલમાંથી છૂટી હોય તેમ મસ્જિદેથી નીકળી પડે છે ! અને ઘણા ખરા તો પછી બહાર ઉભા રહી વાતો ચીતોમાં લાગી જાય છે. પણ આ જ

પબ્લિકને, નવયુવાનોને સતત મસાઈલ શીખવાડવામાં આવે કે જુમ્આની આટલી રકાતો છે અને ફર્ઝ તથા તેના બાદની છ રકાત સુન્નતે મોઅક્કદા છે તથા બે નફલ રબની રહમત તથા નઝદીકી પામવાનો મહાન તથા અકસીર ઝરીયો છે, જેથી એને પઢયા વિના જવું ન જાઈએ અને સુન્નતે મોઅક્કદાને ત્યજવાની આદતવાળા એવા સખત ગુનેહગાર તથા ફાસિક઼ છે કે જેમની ગવાહી પણ ઈસ્લામમાં અસ્વીકાર્ય છે. તથા બુઝુર્ગોની નમાઝથી મહોબ્બતની વાતો દર્શાવી તેમને સમજાવે કે બુઝુર્ગોના ચાહવાવાળા હોઉ તો ચાહતનો તક઼ાદો એ છે કે તેમના માર્ગે ચાલો અને શૈતાનના માર્ગે ન ચાલો ....વગેરે વાતો સતત સમજાવ્યા કરે તો જરૂર પબ્લિક ગંભીર બની અમલ કરતી થશે. વળી નમાઝ વગેરે મસાઈલ સતત સમજાવતા રહેવું કેમ કે મોટાભાગે લગભગ ૯૫% પબ્લિક રુકૂઅ સિજદા સહીહ કરતી નથી, અને કેટલાક સંજોગોમાં તો નમાઝ જ ઘણાની થતી નથી, તો અવારનવાર તેમને પ્રક્ટિકલી રુકૂઅ સજદા વગેરે વિશે મસ્અલા સમજાવતા રહેવું જોઈએ.

## ઈમામ મુસલ્લાની જગાનું મહત્વ સમજે

ઈમામ એ મુસલ્લાને સંભાળી રહેલ છે જે ઘણી જ જિમ્મેદારી ભરી જગા છે કે જેના પર કદીક નબી કરીમ ﷺ ખડા રહેતા હતા, એ દરમ્યાન નબીપાક ﷺએ કઈ રીતે પયગામો પહોંચાડયા એનો અભ્યાસ કરે અને સરકારે દો આલમ ﷺની સુન્નતો પર અમલ કરી ખિદમતે દીનની નિય્યતે પબ્લિકને દીન પ્રતિ આકર્ષે. આપણા પ્યારા નબી ﷺ દરેક તે પ્રસંગો જ્યાં પબ્લિક જમા થતી તેવા સ્થળોએ પહોંચીને લોકોને દીનનો પયગામ આપતા, દીનની દાવત આપતા અને દુનિયાની રંગરેલીઓમાં ખોવાઈ જતી પબ્લિકને એક અલ્લાહનો કલમો પઢતી તથા આખેરતની ફિકર કરતી કરવા તનતોડ કોશિશ કરતા હતા અને એ માર્ગે આવતી અસહ્ય મુસીબતો તકલીફો પણ હસતા મોઢે સહન કરતા હતા.

સામાન્યતઃ ઈમામો પાંચ વખત નમાઝ પઢાવવાને તથા જુમ્આમાં બયાનને કેવળ ડયૂટી સમજીને કરે છે. દીનની તબ્લીગનો મહત્વનો ફરીઝો તથા દીન સુન્નિયતની સાચી હમદર્દીથી કામ ઘણા ઓછા લોકોમાં જોવા મળે છે. પણ જો ઈમામ તબ્લીગે દીનની નિય્યતે, સુન્નિયતના પ્રચારની નિય્યતે, ઈલ્મે દીનના ખાદિમ હોવાની નિય્યતે લોકોમાં નમાઝ પછી પણ દીનની વાતો શીખવાડવાની આદત રાખે તો એક અચ્છો ઈલ્મી દીની માહોલ ખડો થઈ શકે છે. કોઈ ચોક્કસ નમાઝ બાદ રોજ નિયમિત ફક્ત ૫ થી ૭ મિનિટનો દર્સ રાખવામાં આવે જેમાં ઈમાન, અક઼ીદા, ઝિક્રે ઈલાહી, દિલની સફાઈ પર, સુન્નતે નબવી પર, તથા ઈસ્લામી અખ્લાક઼ો આદાબ પર, વિવિધ મસ્અલા મસાઈલ પર કોઈ કિતાબમાંથી વાંચીને સમજાવતા રહે તો પબ્લિકના દીની ઈલ્મમાં વધારો થતો રહેશે જે બંનેના માટે આખેરતમાં સવાબ તથા નજાતનો સબબ બની શકે છે. ખાસ કરીને આજની યુવાની TV કલ્ચર, પશ્ચિમી કલ્ચર, બેહયાઈભર્યું કલ્ચર સરળતાથી અપનાવી રહી છે તથા સ્કૂલ, કોલેજ, ધંધાના સ્થળે વગેરે જગાએ સંપર્કમાં આવતા બદઅક઼ીદા લોકો સાથે તેમને અહલે સુન્નતના અક઼ીદાની સચ્ચાઈ દર્શાવવા ચેલેંજો થતી હોય છે તો યુવાનો સાથે પ્યાર મહોબ્બતથી ઈસ્લામની મહાનતાની તથા અહલે સુન્નતના અક઼ીદાની તથા બદઅક઼ીદા શાથી બુરા છે તેની સમજ આપતી ચર્ચા કરતા રહેવું જોઈએ.

## યુવા પેઢીને દીન સુન્નિયત પ્રતિ આકર્ષે

આજે બદઅક઼ીદા વહાબી તબ્લીગી દેવબંદી વગેરે યુવાનોને બે દિવસ, ત્રણ દિવસ, અઠવાડિયુ, ૪૦ દિવસ તબ્લીગ કરવા તથા દીન શીખવાના નામે ઘસડી જાય છે અને પછી તેમને પોતાના રંગે રંગી લે છે. પોપટ જેમ અમુક અમલ સંબંધી દુઆ તથા મસ્અલા શીખી જતાં યુવાનો પ્રભાવિત થઈ જાય છે અને તેમને બહું ઈસ્લામનું નોલેજ મળી ગયું એમ સમજી તેમનાથી પ્રભાવિત થઈ તેમના જેવા અક઼ીદા પણ અપનાવી લે છે. તો એવા સમયે યુવાનોને સમજાવે કે આપણી પાસે પણ ''સુન્ની દાવતે ઈસ્લામી'' તથા તેના જેવી

તેહરીકો છે તથા તેના થકી તર્બિયતી સેન્ટરો ચાલે છે, જેમ કે આમોદ (જિ–ભરૂચ) ખાતે "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા"માં મુબલ્લિગની તર્બિયત માટે આવે અને દીન સુન્નિયતની, મસાઈલની તાલીમ પ્રાપ્ત કરે, તબ્લીગનો તરીક઼ો શીખે, કાફલાઓમાં જોડાયને દુનિયાની સાથે સાથે દીનની ખિદમત પણ કરતા રહે. યુવાનોને ઈલ્મ તથા ઉલમાની ફઝીલત શીખવાડવામાં આવે, ઉલમાનો મર્તબો કુર્આન હદીષથી શીખવવામાં આવે જેથી તે ઉલમાને ક઼દરની નજરથી જોશે અને તેમની વાતો પર અમલ કરતો થઈ પોતાની તથા પોતાના ઘરની સ્થિતિ સુધારી દીની સુન્ની માહોલ પેદા કરશે. વળી ઈમામ સિલસિલાવારી પૂર્વગ્રહ તથા વિવાદમાં નાખી યુવાનોને અવળે પાટે ન ચઢાવે બલ્કે સર્વ બુઝુર્ગોની ઉલમાની ઈજ્જત કરતાં શીખવાડી આંત્રિક વિવાદોની વાતોથી દૂર રહેવા સમજાવી કેવળ પાકા સુન્ની બનવાની તાલીમ આપે.

## લોકો સાથે લોકો જેવા નહીં પણ તક઼્વાવાળા બને

ઈમામો માટે જરૂરી છે કે લોકો સાથે લોકો જેવા ન બને બલ્કે ગલત રવિશ પર ચાલતા લોકોને પ્રેમપૂર્વક સમજાવી ઈસ્લામના તથા સુન્નિયતના દીવાના બનાવે, ઈશ્કે રસૂલમાં સર્વસ્વ કુર્બાન કરનારા બનાવે, શરીઅતના, નમાઝના, સુન્નતોના પાબંદ બનાવે. એ માટે જરૂરી છે કે ઈમામ પોતે દીન તથા શરીઅતનો ચુસ્ત પાબંદ બને. એવું નહીં કે ઈમામ નમાઝ બાદ યુવાનો સાથે ક્રિકેટ, કેરમ કે અન્ય રમતો રમે, ક્રિકેટ મેચો જુએ, TV સિરિયલો જુએ, સમાચારના બહાને TV માં ખૂપી જાય ! નહીં ! ઈમામ પોતે તક઼્વાવાળા બને અને સુન્નતોના પાબંદ બને, વહાબી દેવબંદીઓથી પોતે સખ્તીથી દૂર રહે અને લોકોને એની જ તાલીમ આપે, વહાબીનું ઝબહ કરેલ કે રાંધેલ મુરદાર ન પોતે ખાય તથા ન પબ્લિકને ખાવાની છૂટ આપે. આજે કેટલાક મુલ્લા તક઼રીરમાં તો ધુંઆધાર વહાબી વિરૂધ્ધ પણ બોલે છે અને પછી મસ્જિદ બહાર નીકળી વહાબીની દુકાનેથી અલલ એલાન મુરદાર ગોશ્ત તેને સલામ કલામ કરીને હસતા હસતા લે છે અને તેમની દા'વતો પણ ખાય છે અને વહાબીનો ઝબહ કરેલ મુર્દા ગોશ્ત પોતે પણ ખાય છે અને તે મુરદાર ગોશ્તથી બનેલ સ્વાદિષ્ટ દાળ ગોશ્ત કે બિર્યાની મજાથી ખાય છે અને પબ્લિકને પણ ખાવા છૂટ આપી દે છે ! તો આવા લોકો ક઼ૌમના ખાદિમ નહીં પણ ક઼ૌમને તબાહ કરનારા જાલિમ છે, ન તેઓ ઈમામને લાયક છે ન તેમના પાછળ નમાઝ જાઈઝ છે.

## વહાબીના નિકાહ તથા નમાઝે જનાઝા ન જ પઢાવે

વળી કેટલાક ઈમામો વહાબી દેવબંદીના નિકાહ પઢાવવા તથા નમાઝે જનાઝા બાબતે પણ શરીઅતના ક઼ાનૂન વિરૂધ્ધ જઈને ખૂબ જ ઉદારતા દાખવે છે અને અલ્લાહના ડરથી નહીં પણ પબ્લિકને સમજાવી લેવા પૂરતા નુસ્ખા કાઢી લાવે છે અને પોતાના કાર્યને જાઈઝ ઠરાવવા નાહક પ્રયાસો કરે છે. તો આ બાબતે ખૂબ જ સાવચેતી જરૂરી છે. વળી કેટલાક એ દલીલ પણ કરે છે કે, "આપણે જો સુન્નીની વહાબી સાથે થતી શાદીમાં નિકાહ નહીં પઢાવીએ તો એ લોકો વહાબીમાં ચાલ્યા જશે ! અથવા વહાબી ઈમામ આવીને નિકાહ તથા નમાઝ પઢાવશે." તો અમારો પ્રશ્ન છે કે નિકાહ કરનારા સુન્ની જો એ વહાબીને મુસ્લિમ સમજીને નિકાહ કરી રહ્યા છે તો શું એમનું ઈમાન બાકી રહેશે ?! અને જો તેમને કાફિર સમજીને નિકાહ ફક્ત વિધિ પૂરતા તથા જગતની દેખાદેખી કરે છે તો એ નિકાહમાં નિમિત્ત બનનાર, પઢાવનાર, તેમાં હાજર રહેનાર ઝિનાના દલાલ ખરા કે નહીં ?! જાણવા છતાં વહાબીની જનાઝાની નમાઝ પઢવી કુફ્ર નથી ? તો શું શરીઅત આની છૂટ આપે છે ? વળી યુવાનોને સતત વહાબી દેવબંદી અક઼ીદાની ખરાબી પ્રથમથી સમજાવતા રહો તો જરૂર એઓ દીન ઈમાનની કિંમત સમજી વહાબીઓ સાથે પોતે જ નિકાહ કરવા તૈયાર નહીં થાય. કેવળ કિસ્સા કહાનીની તક઼રીરો કરી, ઉપર છલ્લી વાતો કરીને બયાનો ખતમ ન કરો પણ અવારનવાર સારા

અંદાઝમાં કુર્આન હદીષથી ઈમાન અકીદાની સમજ આપી ખુલ્લમ ખુલ્લા સગાઈ સંબંધ, શાદી વહેવારના મસ્અલા સમજાવતા રહો તો જરૂર માહોલમાં તબદીલી પેદા થશે. નહીં તો સર્વ ચીજોથી આંખ આડા કાન કરી સુન્નીના નિકાહ વહાબી સાથે પઢાવતા જશો તો પબ્લિકને યકીન થઈ જશે કે તેમનાથી નિકાહ, સગાઈ, સંબંધ દોસ્તી જાઈઝ જ છે, અને પછી તેઓમાં શાદી, મૌત, મૈયત વગેરેમાં કશાય ખચકાટ વિના આવન જાવન થતુ રહેશે અને જતા દહાડે તેમના અકીદા પણ ખરાબ થઈ જશે. અને વહાબીની જનાઝાની નમાઝમાં શરીક થનાર, તેની મગફેરતની દુઆ કરનાર પણ ક્યાં ઈમાન પર રહેવાનો ?! ભલે ને પોતાને સુન્ની કહેતો રહે, દરગાહો પર હાજર થતો રહે, ન્યાઝો કરતો રહે પણ ગુસ્તાખે રસૂલ માટે મગફેરતની દુઆ કરનારો ક્યાંથી સુન્ની બાકી રહ્યો ?! આમ ભીતરમાંથી સુન્નિયત કોતરાતી જશે અને આ જ રવિશ ચાલી તો નવી નસલની તો ખુદા જ ખૈર કરે ! માટે શરીઅતના હુકમો સામે પોતાની કોઈ ફિલોસોફી કે ગૈર શરઈ મસ્લેહતોને ઈમામો સ્થાન ન આપે અને સુન્નિયતની સલામતી ખાતર સામૂહિક રીતે આ બાબતોનો ઈન્કાર કરી દે.

### યોગ્ય પગાર ન હોવાનું જણાવી દીનના કામમાં સુસ્તી ન કરે !

વળી આપણા સુન્ની ભાઈઓ ! મસ્જિદો લાખો ને કરોડોમાં બનાવશે પણ જે હેતુ માટે મસ્જિદ બનાવી કે અઝાન તથા નમાઝ પઢવા પઢાવવામાં આવે, દીન તથા સુન્નિયતનો પૈગામ પબ્લિકને પહોંચાડવામાં આવે, તો તે મહત્વના કાર્ય માટે રાખવામાં આવતા ઈમામનો તથા મુઅઝ્ઝિનનો પગાર યોગ્ય આપવામાં તેમની પાસે આવકની કમી તથા ગરીબાઈ આડે આવી જાય છે ! તો એ ખરેખર શરમજનક વાત છે, સર્વ પ્રોગ્રામો દીની દુનિયવી ન્યાઝ, ઉર્સ, શાદીઓ વગેરેમાં ધૂમ ખર્ચા કરવામાં આવે છે, તો ભલે શરીઅતની પાબંદીની સાથે ઝિયાફતો કરો પણ મસ્જિદના ઈમામોના પગારો બાબતે પર કાંઈક વિચારો ! એ કાંઈ ફરિશ્તા નથી કે ખાવા પીવાથી, જરૂરતોથી પાક હોય ! છતાં ઈમામોએ દીનના કામમાં સુસ્તી ન કરતાં અલ્લાહના ખાતર દીનની ખિદમત કરતા રહેવું કે જે અલ્લાહના દીનની ખુલૂસ દિલે ખિદમત કરે છે તેને અલ્લાહ જરૂર ગયબી મદદ કરે છે.

### શરીઅતની વાત જાહેર કરવામાં ખયાનત ન કરે

સારાંશ એ છે કે ઈમામ દરેક રીતે કૌમની ઈસ્લાહનો જિમ્મેદાર છે, તેણે કેવળ નોકરી જ કરી ફક્ત રોજી કમાવા પૂરતું મુસલ્લા પર રહેવું હોય અને પબ્લિકને સહીહ દીન ન સમજાવવો હોય તો વિચારી લે કે એ પોતે કયા સ્થાન પર ઉભો રહી કોની શરીઅતમાં તથા દીનમાં ખયાનત કરી રહ્યો છે ?! રસૂલુલ્લાહ ﷺની શરીઅતની વાતો જાહેર ન કરીને કે ગોળ ગોળ વાતો લોકોને સમજાવી ફક્ત પગાર ખાતર કામ કરવું હોય તો એની ભલાઈ એમાં જ છે કે કોઈ અન્ય ધંધો અપનાવી લે, નહીં તો કયામતમાં તેની સખત પકડ થશે. ઘણા ઠેકાણે ઈમામો કેટલીક શરીઅતથી અજ્ઞાન તથા દીનથી બેપરવા પણ કહેવાતી હસ્તીઓ કે બેશરઅ પીરોથી ડરીને હક્ક વાતો જાહેર કરવામાં ખચકાટ અનુભવી તેમની હામાં હા મિલાવી દે છે અને પૂરી કૌમને ગુમરાહીમાં ધકેલી દે છે, તો એવા સમયે શરીઅતની હક્ક વાત જે અકાબિર ઉલમાએ અહલે સુન્નતથી સાબિત હોય તેને કોઈની શેહશરમ વિના જાહેર કરવી એ તેમની ફરજ બને છે, જેથી અવામ બેરાહરવીનો શિકાર ન બને. ઈમામો હક્ક વાત જાહેર કરવાનો જઝબો પામવા માટે રસૂલેપાક ﷺની સીરત તથા આપણા બુઝુર્ગો તથા ઉલમાના "અમ્ર બિલ મઅરૂફ" કરતા કિસ્સાઓનો અભ્યાસ કરતા રહે જેથી પ્રેરણા તથા હિદાયત તથા ગયબી મદદ પણ મળશે, ઈન્શાઅલ્લાહ !

રબ્બે કરીમ તેના પ્યારા હબીબે પાક ﷺના સદકામાં સૌને કેવળ અને કેવળ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَને રાજી કરવાની નિય્યતે દીને હક્ક પર ચાલવાની તથા તેની ખિદમત કરવાની તૌફીક બખ્શે. (આમીન)

## બરકાતે ખ્વાજાની ટપાલ........કાર્યાલય

### અલ્લાહ જઝાએ ખૈર અતા કરે

**ટંકારીઆ** : રૂા. ૧૦૦૦/– ઈકબાલ અબ્દુલ હક્ક મુન્શી તરફથી એમના મર્હૂમ વાલિદ સાહબ હાજી અબ્દુલ હક્ક મુન્શીના ઈસાલે સવાબ માટે "બરકાતે ખ્વાજા" માસિકમાં લિલ્લાહ આપ્યા છે.

**બોડેલી** : રૂા. ૨૫૦/– સાજિદભાઈ ખત્રી તરફથી એમના નાની મર્હૂમા આમેના બીબી ખત્રીના ઈસાલે સવાબ માટે લિલ્લાહ મળેલ છે. મર્હૂમાની જનાઝાની નમાઝ સૈયદ અમીનુદ્દીન ક઼ાદરી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવવાળાએ પઢાવી હતી. રબ્બે કરીમ બંને મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી*

**બોડેલી** : રૂા. ૨૫૦/– મુહમ્મદ શાહિદની વિલાદતની ખુશીમાં સાજિદભાઈ ખત્રી તરફથી લિલ્લાહ "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા" આમોદમાં આપ્યા છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં સૌને બંને જહાનમાં ખુશ રાખે. (આમીન) *–તંત્રી*

### હઝરત ક઼ારી મૌલાના ગૂલામરસૂલનો ઈન્તેકાલ

હઝરત મૌલાના ક઼ારી ગુલામરસૂલ ઈ.સ. ૧૯૨૧માં ગુજરાતમાં પેદા થયા અને આપે ફારસીની ઉમદા તા'લીમ હાંસલ કરી અને આપ અરબી પણ પઢયા. આપે ફરાગત પછી ખાસ કરીને સેગવા ગામની પસંદગી કરી અને કેટલાય વર્ષો ઈમામત તથા ખિતાબતની ફરજો અંજામ આપી. ત્યારબાદ લગભગ ઈ.સ. ૧૯૭૪માં આપ બ્લેકબર્ન યુ.કે. આવી મસ્જિદે રઝા બાલાકલાવામાં ઈમામ તથા ખતીબના હોદ્દે બિરાજ્યા અને એક અરસા સુધી ઉમદા ખિદમત આપી. આપ હઝરત મૌલાના રૂમ رحمۃ اللہ علیہની મષ્નવી ખૂબ જ ઉમદા પઢતા હતા, અને ઈન્ડિયાના ભરૂચ જિલ્લાના મોટાભાગનાં ગામોમાં આપે તક઼રીરો કરી છે. આપ બરોઝ પીર રાતના મગરિબ વેળા ઈન્તેકાલ કરી ગયા અને એ જ દિવસે આપની દફનવિધિ ઝહોર બાદ બ્લેકબર્ન કબ્રસ્તાનમાં થઈ. અલ્લાહ તઆલા આપની મગફેરત ફર્માવે અને સગાંઓને ચાહકોને સબ્રે જમીલ આપે. (આમીન)

*–રજૂકર્તા : મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી (બોલ્ટન)*

### જશ્ને શહીદે આ'ઝમ વ મુફ્તીએ આ'ઝમ

**ભરૂચ** : (મુલ્તાનીવાડ, ૩–દરગાહ પાસે) તા. ૫–૧–૨૦૧૦ના રોજ સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા)ના એહતેમામ હેઠળ શાનો શૌકતથી "જશ્ને શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ" મનાવાયો. જેમાં મશ્હૂર ક઼ારી જનાબ ક઼ારી રિયાઝુદ્દીન સાહબ (મુંબઈ)એ તિલાવતે કુર્આનથી જશ્નની શરૂઆત કરી, તેમજ નઅત મન્ક઼બતના ગુલદસ્તા પેશ કર્યા, હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા તથા સુલ્તાન રઝા (વડોદરા) વગેરએ નઅતો પેશ કરી છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, અતાએ હુઝૂર મુફ્તીએ આ'ઝમ, પીરે તરીક઼ત હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબે ઈમામે હુસૈન رضی اللہ عنہની શાનમાં ઈબ્રતનાક બયાન કર્યું હતું તથા હુસૈની કેવો હોવો જોઈએ તે સમજાવ્યું તેમજ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની કરામતો, આપનો તક઼વો વગેરે પર લાજવાબ અસરકારક બયાન કરી તેમના નક઼્શે ક઼દમ પર ચાલવા પબ્લિકને પ્રોત્સાહિત કરી હતી.

**જુનાગઢ** : ખાતે તા. ૩૧–૧૨–૦૯ના રોજ મસ્જિદે રઝા પાસે "શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ કોન્ફરન્સ" ભરાઈ જેમાં દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફાના ફારિગ ૧૦ હુફ્ફાઝની દસ્તારબંદી થઈ. અસર બાદ મસ્જિદે રઝામાં ખત્મે ક઼ાદરિયા શરીફ, નઅત શરીફ, શજરા શરીફ, તૌશા શરીફની ન્યાઝ પર ફાતેહા, સલાતો સલામ, મગરિબ બાદ જુલૂસ, ઈશા બાદ જાનશીને હુઝૂર અમીરે અહલે સુન્નત, હઝરત મૌલાના શાહ ગુલઝાર અહમદ નૂરી સાહબની સદારતમાં જશ્ન થયો જેમાં હઝરત મુફતી હસીબુર્રહમાન નૂરીની સરપરસ્તીમાં "મોહસિને આ'ઝમ કોન્ફરન્સ"માં હઝરત સૈયદ હસન ચિશ્તી (ગદ્દીનશીન–અજમેર), મૌલાના ક઼ારી રઝીયુલ્લાહ ચતુર્વેદી, હઝરત અલ્લામા શીરાજ અઝહર ચિશ્તી–મુંબઈ, અલ્લામા અહમદુલ્લાહ હશ્મતી–વાપી, મૌલાના અબ્દુલ મોબીન–અલીગઢ યુનિ. લખનૌ, મૌલાના આરિફુલ્લાહ–જામનગર, મૌલાના ગુલામ ગૌષ

અલ્વી....વગેરેનાં બયાનો થયાં.

*—રજૂકર્તા : હાજી મુહમ્મદ હનીફ નૂરી (જૂનાગઢ)*

**મુબારકપુર** : તા. ૨૪–૧૨–૨૦૦૯, ગુરૂવારના દિવસે અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુર (યુ.પી.)માં "શહીદે આ'ઝમ કોન્ફ્રન્સ" હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબની સદારતમાં આયોજિત કરવામાં આવી જેમાં મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી અને મુફ્તી નિઝામુદ્દીન સાહબ કિ઼બ્લાએ ઈમામ હુસૈન અને હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہના જીવનચરિત્ર પર ઘણા ફિક્રઅંગેઝ અને લાભદાયક બયાનો કર્યા. અંતે હઝરત અલ્લામા અબ્દુલ મુબીન નોઅમાની સાહબે જામિઆ અશ્રફિયાના વિદ્યાર્થીઓને નમાઝની પાબંદી કરવા અને ઈસ્લામના પ્રચાર માટે ઈમામ હુસૈન رحمۃ اللہ علیہ જેમ હજારો મુસીબતોના પહાડ તૂટે છતાંય હક઼્ અને સાચી વાત કહેવાની સલાહ આપી. દુઆ અને સલાતો સલામ સાથે કોન્ફરન્સ પૂર્ણ થઈ.

*—અલ્તાફ હુસૈન (કુરચણવી)*

## I like BARKAT-E-KHWAJA !

I, Javed A. Shaikh-Advocate, Resident of Khergam, Ta. Chikhli, Dist. Navasari, regular readr of **"BARKAT-E-KHWAJA"**, all are the articles are inspiring so far, with true understanding, well done. I really appreciate for this. keep going. Request for following :

(1) Give idea whether use "Khuda Hafiz" or "Allah Hafiz" ?

(Reply : Our Ulama say both are allowed, but first and Last words to say *"Assalamu Alaikum"* is the best because it is Sunnat. –*Editor*)

(2) Give some article in favour of present education as the Muslims are living in worst situation because of the don't have basic education/training of academic level. thank you, ALLAH HAFIZ

## રૂા. ૫ ટપાલ ટિકિટ મોકલી મંગાવો !

★ **"હદીષ શરીફ"** (કિતાબ) જેમાં હદીષની તા'ઝીમ, ખુશ કલામી, ઈર્શાદાતે રસૂલે કરીમ ﷺ, નસાઈ શરીફ વગેરે સંબંધે લેખો છે. (પેજીસ : ૪૦)

★ **હઝરત સૈયદ શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી** رحمۃ اللہ علیہ (પેજ–૧૬) આપનું જીવન ચરિત્ર વાંચવા જરૂર મંગાવો.

પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, ક્વાટર્સ નં. ૯૧/ડી, મુ. હાપા, જિ. જામનગર

## શાદી મુબારક !

**વલણ** : હાજી હનીફ હાજી અલી વકાના નેક ફરઝંદ તા઼હિરની શાદી મુબારક શબનમ (D/o. ઐયૂબ ઉમરજી પટેલ–વલણ) સાથે તા. ૧૭–૦૧–૨૦૧૦ના, ૧ સફર–૧૪૩૧, રવિવારે સવારે રાખવામાં આવી જેની ખુશીમાં "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૨૦૦/– લિલ્લાહ મોકલ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ દુલ્હા–દુલ્હન તથા કુટુંબીઓને બંને જહાનમાં ખુશીઓથી ભરી આપે. (આમીન) *–તંત્રી*

## ઈન્તેક઼ાલ પુરમલાલ !

**જાંબિયા** : થી "બરકાતે ખ્વાજા" માસિક)ના ખાસ ચાહક તથા સદા યાદ કરનાર અમારા ખાસ જૂના હમદર્દ જનાબ યુસુફભાઈ રાવલ્યા જામનગરી લખે છે કે, "સલામ સહ ઘણા જ દુ:ખ સાથે જણાવવાનું કે મારી બહેન ઝયબુન નિસા રાવલ્યા તા. ૧૩–૧૨–૨૦૦૯ના લિલોંગ્વે મલાવી ખાતે મોટર અકસ્માતમાં ગુજરી ગયાં છે. ઉમર ૫૦ વરસની હતી. તેમના પતિ ઈકબાલભાઈ નાથાણીને પણ ખૂબ જ ઈજા પહોંચી છે. આપ સર્વે દુઆ કરશો કે મર્હૂમને અલ્લાહ પાક જન્નતમાં આ'લા દરજો આપે, (આમીન). મર્હૂમા ઘણા માયાળુ સ્વભાવનાં અને તાજુશ્શરીઆ હઝરત અખ્તર રઝાખાં અઝહરીમિયાં સાહબના મુરીદ હતાં." રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાને જન્નતમાં આ'લા મકામ આપે તથા ઈકબાલભાઈને શિફા અતા કરે તથા સગાંઓને સબ્રે જમીલ અતા કરે. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં પણ કુર્આનખ્વાની કરી મર્હૂમાની દુઆ કરવામાં આવી. *–તંત્રી*

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાની તથા અન્ય દયાદરામાં મળતી ગુજરાતીમાં ઈમાન અફરોઝ કિતાબો મંગાવો

**કન્ઝુલ ઈમાન**
(કુર્આન શરીફનો આ'લા હઝરતે કરેલ તર્જુમો, તફસીર સાથે)
[હદિયો : રૂા. ૩૫૦/– (ટપાલ ખર્ચ રૂા. ૫૦/–)]

**બુખારી શરીફની શરહ**
(નુઝહતુલ કારી શરહે બુખારી, ભાગ–૧)
[હદિયો : રૂા. ૧૫૦/– (ટપાલ ખર્ચ રૂા. ૧૦/–)]

**બહારે શરીઅત**
(ભાગ : ૧ થી ૫ તથા ભાગ : ૬ થી ૧૦નો સેટ)
[હદિયો : રૂા. ૩૦૦/– (ટપાલ ખર્ચ : રૂા. ૨૫/–]

**શરહુસ્સુદુદૂર**
(મૌત તથા કબ્રના હાલાત)
[હદિયો : રૂા. ૧૦૦/– (ટપાલ ખર્ચ : રૂા. ૫/–)]

**સજદએ સહ્વના મસાઈલ**
(ઈકામતથી સલામ સુધી થતી ભૂલો વિશે)
[હદિયો : રૂા. ૩૦/– (ટપાલ ખર્ચ : રૂા. ૨/–)]

**અન્વારુલ હદીષ**
(૫૫૪ હદીષો તથા ૪૪૭ મસ્અલા)
[હદિયો : રૂા. ૫૦/–, (ટપાલ ર્ચ : રૂા. ૫/–)]

**તોહફાએ નજાત**
(ભાગ : ૫ થી ૧૫ સુધી, ભાગ : ૭ નથી)
[હદિયો : રૂા. ૫૫૦/– ટપાલ ખર્ચ સહિત]
*[મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળાની લખેલ ઈમાન, અકીદા, મહબ્બતે રસૂલ, સહાબાનો ઈશ્કે રસૂલ તથા કિરદાર, નબી વલીનો વસીલો, ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર, ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ, ફઝાઈલે અહલે બયત, તા'ઝિયાદારીની ગલત રસ્મો, મૌત તથા કફન દફન....વગેરે વિશે ઈમાન અફરોઝ માહિતીપૂર્ણ કિતાબ વિવિધ ભાગોમાં જરૂરથી મંગાવો.]*

**નિકાહ રજિસ્ટર** (૩ કોપીમાં) [હદિયો : ૨૦૦/–]

**જાઅલ હક્ક**
(ભાગ : ૧, ૨, ૩) ઈમાન અકીદા પર મુફતી અહમદ યારખાં નઈમીની લખેલ લાજવાબ કિતાબ રૂા. ૯૦/–
(ટપાલ ખર્ચ સહિત)

**સીરતે મુસ્તફા ﷺ**
(લેખક : આ'ઝમી સાહબ) હુઝૂરના જન્મથી વિસાલ સુધીના વર્ણનવાળી સનદી કિતાબ રૂા. ૧૨૦/–

**તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા**
[હદિયો : રૂા. ૫૦/–]

**સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ**
[હદિયો : ૪૦/–]

**શીશ મહેલ** (જમાઅતે ઈસ્લામીની રદમાં)
[હદિયો : ૪૦/–]

**કાનૂને શરીઅત** (ભાગ : ૧ + ૨) [હદિયો : ૧૧૦/–]

**રહનુમાએ હક્ક** (રદ્દે વહાબિયામાં) [હદિયો : ૫૦/–]

**નમાઝનું મહત્વ તથા જરૂરી મસાઈલ**
[હદિયો : રૂા. ૨૦/–]

**કાદયાનીને ઓળખો** [હદિયો : ૧૦/–]

**બરકાતે શરીઅત** (ઉર્દૂ + હિંદી) [હદિયો : ૧૫૦/–]

**ઝલ્ઝલા** (દેવબંદી ડબલ પોલીસીવાળી નીતિની પોલ ખોલતી કિતાબ) [હદિયો : રૂા. ૫૦/–]

**નૂરાની તા'લીમાત** (મદ્રસાના બાળકો માટે પોકેટ સાઈઝ) [હદિયો : ૧૫/–]

**વહાબી પાછળ દુનિયામાં ક્યાંય નમાઝ થશે નહીં !**
[હદિયો : ૫/–]

**અત્યબુલ બયાન**
(તકવિયતુલ ઈમાનની રદમાં) [હદિયો : ૧૨૫/–]

## ● મસ્જિદ બાંધકામમાં સહાય કરશો ●

મુ. **થામ**, તા. જિ. ભરૂચ, મુકામે મસ્જિદનું નવેસરથી બાંધકામ શરૂ થયેલ છે, હજી **રૂા. ૫૦ લાખ**ની જરૂર છે તો સખીદાતા મર્હૂમોના સવાબ અર્થે ભરપૂર સહકાર કરશો એવી અપીલ છે.

# કરો લુત્ફો કરમ કા એક ઈશારા

મુઝે અપના બના લો તુમ, ખુદારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم
કરો લુત્ફો કરમ કા એક ઈશારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

તુમ્હીં હો ક઼ાસિમે નેઅમત, મિલી તુમસે હી સબ નેઅમત
તુમ્હારે ટુકળોં પર મેરા ગુઝારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

ન છેળો મુઝકો આઅ્દા તુમ, ગુલામે શાહે બતહા હૂં
ચલી આએગી નુસ્રત ગર પુકારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

છુપાઓ જબ કે દામનમેં, ગુલામોં કો સરે મેહશર
મિલે મુઝકો ભી ચાદર કા કિનારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

અતા ઈલ્મે લદુન્ની હો, મુઝે સદક઼ેમેં હૈદર કે
જેહાલત કો હમસે અબ કિનારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

મેરી જોલીમેં સદક઼ા ગ઼ૌષ કા રખ દે હુઝૂરે મન
ઈસી ઉમ્મીદ પર દામન પસારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

બનાકર સાઈલે તયબાહ મેરી કિ઼સ્મત જગાઈ હૈ
બુલંદી પર હૈ **'શાકિર'** કા સિતારા યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

રજૂ. અતાએ મુફ્તીએ આ'ઝમ, પીરે તરીક઼ત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી
**હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી-મુંબઈ**

## ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર !

## સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા

**કબ ? :** **તા. ૧૩-ફેબ્રુઆરી-૨૦૧૦**, શનિવારે બપોરે ૩ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી **(બહેનો માટે)**

**તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૧૦**, રવિવારે ઝહોરથી રાતના ૧૦ વાગ્યા સુધી **(પુરૂષો માટે)**

**કહાં ? :** લિયાકત અલી બાપુની દરગાહ, નારી રોડ, **ભાવનગર**

**બુવા** : મૌલાના ઈમ્તિયાઝ ઈંટોલાવાળા (પેશ ઈમામ બુવા મસ્જિદ) તરફથી એમના મર્હૂમભાઈ મુહમ્મદ ઈરફાન (વિસાલ : તા. ૨૩-૧૨-૨૦૦૯)ના સવાબ અર્થે બુવા મસ્જિદ માટે "બરકાતે ખ્વાજા" (માસિક)નું લવાજમ આપેલ છે. જઝાકલ્લાહ ! રબ તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*